પરદેશમાં દેશની મહેંક એટલે
# સ્વદેશ
કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH
FRIDAY, 06 AUGUST, 2021 Vol. 18, No. 32 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news


MPમાં ભીષણ પુર, 1,200થી વધુ ગામડાઓ બેહાલ
PAGE NO. 16



ફ્લોરિડામાં કોરોના બેકાબુ : 1.50 લાખ નવા કેસ
PAGE NO. 18

# ટોક્યો ઓલમ્પિક 41 વર્ષ બાદ ભારતને હોકીમાં મેડલ

## ભારતીય પુરુષની ટીમે જર્મનીને 5-4થી માત આપીને બ્રોન્ઝ મેડલ જીત્યું, બીજા હાફમાં ભારતે જોરદાર રમત દેખાડી

**નવી દિલ્હી**

ટોક્યો ઓલમ્પિકમાં ભારતે ઈતિહાસ રચી દીધો છે. ભારતે પુરૂષ હોકીમાં 4 દશકાના દુષ્કાળનો અંત લાવીને કાંસ્ય પદક જીતી લીધો છે. ભારતે જર્મનીને 5-4થી માત આપી હતી. સિમરનજીત સિંહે 2 ગોલ કર્યા હતા. મુકાબલામાં ટીમ ઈન્ડિયાની શરૂઆત ભલે ખરાબ રહી હોય પણ પછી તેણે સતત ગોલ કરીને કમબેક કર્યું હતું. જોકે ત્યાર બાદ જર્મનીએ વધુ 2 ગોલ કરીને ભારત પર દબાણ કર્યું. પરંતુ ટીમ ઈન્ડિયાએ જોરદાર કમબેક સાથે માત્ર 2 મિનિટમાં મેચને 5-4થી આગળ લાવી દીધી હતી. જર્મનીએ મેચની પહેલી મિનિટે જ ગોલ કર્યો હતો. જર્મની તરફથી ટીમુર ઓરુઝે ફીલ્ડ ગોલ કર્યો અને ત્યાર બાદ જર્મની 1-0થી જ આગળ હતું. ટીમ ઈન્ડિયા પાસે જવાબી હુમલો કરવાની તક હતી પરંતુ તે ચૂકી ગયેલ. 5મી મિનિટે ભારતને પેનલ્ટી કોર્નર મળ્યો હતો પરંતુ રૂપિંદર પાલ સિંહ ગોલ કરવામાં નિષ્ફળ રહ્યા હતા. તેઓ નિરાજ જોવા મળ્યા હતા. પહેલા ક્વાર્ટરમાં જર્મની ભારત પર હાવી રહ્યું હતું. આ ક્વાર્ટરમાં જર્મની ખૂબ આક્રમક જોવા મળ્યું હતું. જર્મનીની ટીમે પહેલી મિનિટમાં જ ગોલ કરીને પોતાના ઈરાદા સ્પષ્ટ કરી લીધા હતા. બીજા હાફમાં ભારતે જોરદાર રમત દેખાડી હતી. ભારતે સતત ગોલ કરવાની સાથે જર્મનીના ખેલાડીઓને ખૂબ અકળાવ્યા પણ હતા. સેકન્ડ હાફમાં જર્મનીની ટીમ દબાણમાં આવતી જોવા મળી હતી. જ્યારે ભારતીય ખેલાડીઓ સતત ગોલની તલાશમાં રહ્યા જેનો ફાયદો પણ મળ્યો. સિમરનજીત સિંહે હોકી પ્રેમીઓને નિરાશ ન કર્યા અને ગોલ કર્યા.



### ભારતીય ટીમ પર ઇનામોનો વરસાદ

પંજાબ સરકારે ગુરૂવારે જાહેરાત કરી કે ટોક્યો ઓલિમ્પિક ગેમ્સમાં બ્રોન્ઝ મેડલ જીતનારી ભારતીય પુરૂષ હોકી ટીમમાં સામેલ રાજ્યના દરેક ખેલાડીને એક-એક કરોડ રૂપિયાનો રોકડ પુરસ્કાર આપવામાં આવશે. પંજાબના ખેલ મંત્રી રાણા ગુરમીત સિંહ સોઢીએ આ જાહેરાત કરી છે.

### હોકી ટીમ પર દેશને ગર્વ :મોદી

ફોન પર કેપ્ટન મનપ્રીત સિંહને પીએમ મોદીએ કહ્યું હતું કે, મનપ્રીત ખુબ ખુબ શુભેચ્છા. તમે અને ટીમે જે કર્યુ છે, તેનાથી દેશ નાચી રહ્યો છે. આખી ટીમે મહેનત કરી છે. મારા તરફથી ટીમને શુભકામનાઓ આપજો. તેમણે કહ્યુ- આજે દેશ તમારા બધા પર ગર્વ કરી રહ્યો છે. ત્યારબાદ પીએમ મોદીએ ટીમના કોચ ગ્રાહમ રીડ સાથે વાત કરી હતી. પ્રધાનમંત્રી મોદીએ ટ્વીટ કરી કહ્યુ- ઐતિહાસિક! એક એવો દિવસ જે દરેક ભારતીયની યાદમાં અંકિત થશે. બ્રોન્ઝ મેડલ જીતવા માટે આપણી પુરૂષ હોકી ટીમને શુભેચ્છા. આ સિદ્ધિ સાથે તેણે દેશ અને ખાસ કરીને આપણા યુવાઓની કલ્પના પર કબજો કરી લીધો છે. ભારતને પોતાની હોકી ટીમ પર ગર્વ છે.

## અડધું ચીન ડેલ્ટા વેરિઅન્ટના સંકજામાં : લોકડાઉનના સંકેત

### ચીને પ્રવાસીઓ પર પ્રતિબંધ લાગુ કર્યા

**બેઇજિંગ**

કોરોના વાઈરસના ડેલ્ટા વેરિઅન્ટના ઝડપથી વધી રહેલા નવા કેસીસને ધ્યાનમાં રાખીને ચીને નવા યાત્રા પ્રતિબંધ લાગુ કર્યા છે. ચીનના અડધા કરતાં વધારે વિસ્તારમાં ૫૦૦થી વધારે નવા ડેલ્ટા વેરિઅન્ટના કેસીસ સામે આવ્યા બાદ ડ્રેગનની ઊંઘ હરામ થઈ ગઈ છે. જો કે ચીન વેક્સિનેશનની કામગીરીને ઝડપી બનાવવાના બદલે કડક નિયંત્રણો પર ભાર મૂકી રહ્યું છે. પૂરેમ ચીનમાં સૌથી વધારે પ્રભાવિત ૧૪૪ ક્ષેત્રોમાં પબ્લિક ટ્રાન્સપોર્ટેશન અને ટેક્સી સેવાઓમાં તીવ્ર કાપ મૂકવામાં આવ્યો છે.

બેઈજિંગમાં ટ્રેન સેવાઓની સાથે મેટ્રો પર પણ અંકુશ લગાવવામાં આવ્યો છે કે જ્યાં બુધવારે ત્રણ નવા કેસ નોંધાયા હતાં. ચીની અધિકારીઓએ ગુરુવારે ૯૪ નવા કેસીસ નોંધાયા



હોવાનું જણાવ્યું હતું. ચીનનો દાવો છે કે તેણે ૬૧ ટકા વસતીને વેક્સિન આપી દીધી છે. કોરોના પર લગામ લગાવવા ચીને મોટાપાયે ટેસ્ટિંગનો આશ્રય લીધો છે. બેઈજિંગમાં મનોરંજન માટેના સમુદાયિક સ્થાનો પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. હાઈ રિસ્ક એરિયામાંથી આવતા લોકો માટે બે સપ્તાહનું ક્વોરન્ટાઈન જરૂરી કરી દેવામાં આવ્યું છે. દરમિયાન હોંગકોંગમાં ફરીથી પ્રવાસીઓ માટે ક્વોરન્ટાઇન ફરજિયાત કરી દેવામાં આવ્યું છે.

## ટોક્યોમાં કોરોનાના 5 હજારથી વધુ નવા કેસ

ઓગસ્ટ 5 (એપી) ઓલિમ્પિક રમતોનું આયોજન કરી રહેલ જાપાની રાજધાની ટોક્યોમાં ગુરુવારે કોરોનાવાયરસના 5,042 નવા કેસ નોંધાયા, જે આ રોગચાળા દરમિયાન શહેર માટે સૌથી મોટો દૈનિક આંકડો છે. આ નવા કેસ પછી ટોક્યોમાં કોરોના વાયરસથી સંક્રમિત લોકોની કુલ સંખ્યા 2,36,138 પર પહોંચી ગઈ છે. જાપાનમાં બુધવારે કોવિડ-19 ચેપના લગભગ 14,000 નવા કેસ નોંધાયા હતા, જેનાથી ચેપગ્રસ્ત લોકોની કુલ સંખ્યા 9,70,000 પર પહોંચી ગઈ હતી. જુલાઈના મધ્યથી ટોક્યો અને આસપાસના અન્ય ચાર વિસ્તારોમાં કટોકટીની સ્થિતિ છે.

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE I FUNERAL INSURANCE I MORTGAGE INSURANCE I CRITICAL ILLNESS INSURANCE I DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE I INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS I RESP I ESTATE PLANNING I RRSP I RETIREMENT PLANNING

Need mortgage financing? Look no further. Let me make it happen.
RBC Royal Bank®
BHAVIN PATEL
Mobile Mortgage Specialist
Royal Bank of Canada
bhavin.patel@rbc.com
mortgage.rbc.com/bhavin.patel
Serving Greater Toronto Region
Cell: 647-502-8069
Fax: 416-253-9461

ABOWATH REAL ESTATE GROUP
VALUING RELATIONSHIPS OVER TRANSACTIONS EVERY SINGLE TIME!
RE/MAX
MAAZ ABOWATH
BROKER
416 893 4585
More info on PAGE 2
ABOWATH.COM

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપની અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

✓ Residential
✓ New Condos
✓ Investments
✓ Commercial
દુઆમાં યાદ રાખશો
Zakir Patel
Broker
#1
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Inderpendently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# ઓન્ટેરિયો પ્લેસના રીડેવલપમેન્ટ સાથે ૩ આકર્ષણો ઉમેરાશે

## એમ્ફી થિયેટરનું રીડેવલપમેન્ટ, એડવેન્ચર પાર્ક અને પાર્કલેન્ડ વોટર સ્લાઈડસ તથા બોટાનિકલ સ્પેસ માટે કામગીરી સોંપાઈ

**ટોરોન્ટો**

ઓન્ટેરિયો પ્લેસના પુનરૂત્થાનમાં હવે ત્રણ નવા આકર્ષણોનો ઉમેરો થશે. જેમાં હાલના એમ્ફી થિયેટરનું રીડેવલપમેન્ટ, એડવેન્ચર પાર્ક અને પાર્કલેન્ડ વોટર સ્લાઈડસ તથા બોટાનિકલ સ્પેસનો સમાવેશ થાય છે. આ અંગેની જાહેરાત પ્રાંતની સરકારે શુક્રવારે કરી હતી. એને માટેની ૨૦૧૯થી શરૂ થયેલી પ્રક્રિયા મુજબ ૩ કંપનીઓની પસંદગી પણ થઈ ગઈ છે. જો કે, આ કામગીરી ૨૦૨૭થી ૨૦૩૦ની વચ્ચે પૂર્ણ થઈ શકશે એવી અપેક્ષા વ્યકત કરાઈ હતી. ઓન્ટેરિયોના હેરીટેજ, સ્પોર્ટસ, ટૂરિઝમ એન્ડ કલ્ચર ઈન્ડસ્ટ્રીઝ મિનિસ્ટર લિસા મેકલીયોડે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, અમે ડેવલપમેન્ટ માટેના એવા પાર્ટનર્સ શોધી કાઢયા છે, જે ઓન્ટેરિયો પ્લેસને વિશ્વ સ્તરનું પર્યટન સ્થળ બનાવશે. જે ઓન્ટેરીયન્સ માટે આખા વર્ષ દરમિયાન વિવિધ પ્રવૃત્તિ માટેનું સ્થળ હશે.



અખબારી યાદી મુજબ થેમરે ગૃપને ફેમિલી-ફ્રેન્ડલી, ઓલ સિઝન લોકેશનનું બાંધકામ હાથ ધરવાનું કામ સોંપાયુ છે. જે બધા વયજુથના લોકો માટે વોટર સ્લાઈડસ, પુલ, બોટાનિકલ ગાર્ડન અને આઠ એકરમાં ફેલાયેલા વિસ્તારમાં પાર્કલેન્ડ અને બીચની વ્યવસ્થા ઉભી કરશે. અન્ય કંપની લાઈવ નેશનને એમ્ફી થિયેટરના રીડેવલપમેન્ટનું કામ સોંપાશે. જેમાં વર્ષ દરમિયાન ઈન્ડોર અને આઉટડોર લાઈવ મ્યુઝિક અને પરફોર્મન્સ યોજાઈ શકશે. આ સ્થળની ક્ષમતા વધારીને ઉનાળામાં ૨૦૦૦૦ લોકોની કરાશે અને શિયાળામાં ૯૦૦૦ જેટલી રહેશે. એકોરીકેરીયો કંપનીને ઓલ સિઝન એફોર્ડેબલ એડવેન્ચર પાર્કનું નિર્માણ કાર્ય સોંપાશે. જેમાં બધા વયજુથના લોકો માટે ઓબસ્ટેકલ કોસરિઝ, ઝીપલાઈન્સ, કલાઈમ્બીંગ વોલ્સ અને એસ્કેપરૂમ્સ જેવી એડવેન્ચરની પ્રવૃત્તિઓ થઈ શકે. ઓન્ટેરિયોના પ્રિમીયર ડોગ ફોર્ડે કહ્યું હતું કે, આવી પ્રવૃત્તિઓ, બોટાનિકલ ગાર્ડન્સ અને ઓલ સિઝન ઈવેન્ટ માટેનું સ્થળ અને એડવેન્ચર પાર્ક ધરાવનારૂં ઓન્ટેરિયો પ્લેસ ફરીથી ટૂરિઝમ માટેનું મહત્વનું સ્થળ બની જશે. જે લોકો માટે બારેમાસ ખુલ્લું હશે.

ફોર્ડે એમ પણ કહ્યું હતું કે, ત્રણેય કંપનીઓને એમના કામની સોંપણી થયા બાદ ફરીથી સત્તાવાર જાહેરાત થશે.

# વેકસીનેશનના બોગસ પુરાવા રજૂ કરાતા બે અમેરિકનોને ૨૦૦૦૦ ડોલરનો દંડ

**ટોરોન્ટો**

ટોરોન્ટો આવેલા બે અમેરિકન પ્રવાસીઓએ વેકસીનેશનના નકલી પુરાવાઓ રજુ કરીને ડીપાર્ચર પહેલાના ટેસ્ટથી બચવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, આ વેળા તે બંને પ્રવાસીઓ પકડાઈ જતાં સત્તાવાળાઓએ તેમને દંડ ફટકાર્યો હતો. મીડિયાના અહેવાલો મુજબ કેનેડાની પબ્લિક હેલ્થ એજન્સીએ જણાવ્યું હતું કે, આ બંને પ્રવાસીઓએ સરકારે નક્કી કરાયેલી હોટલોમાં રહેવાનો અને ટેસ્ટ કરાવવાનો ઈન્કાર કર્યો હોવાથી શનિવાર સુધીમાં સત્તાવાળાઓએ કુલ ૧૯,૭૨૦ યુએસ ડોલરનો દંડ એકત્ર કર્યો હતો.

કેનેડાએ પાંચમી જુલાઈથી પૂર્ણ રીતે વેકસીનેટેડ પ્રવાસીઓ માટે કેનેડામાં આગમન સમયે છૂટછાટ આપી હતી. એને માટે વેકસીનેશન સર્ટિફિકેટ અને ટેસ્ટનો રિપોર્ટ રજુ કરવા જણાવાયું હતું. જે વેકસીનેટેડ નથી એવા પ્રવાસીઓને ૩ દિવસ હોટેલ કવોરન્ટાઈનનુ પાલન કરવું પડશે અને ત્યારબાદ ૧૪ દિવસનો કવોરન્ટાઈન પાળવો પડશે.

પ્રવાસીઓએ દરેક સવાલોના પ્રમાણિકતાથી જવાબો આપવા જોઈએ અને જરૂરી પુરાવાઓ પણ આપવા જોઈએ એમ કેનેડા પબ્લિક હેલ્થ એજન્સીએ જણાવ્યું હતું. જો આવા દસ્તાવેજો નકલી હોય તો એ મોટી છેતરપીંડી ગણાશે અને દંડને પાત્ર ઠરશે.

# ટેકસ રીટર્ન ફાઈલ ન કરનારાઓને હવે રીકવરી બેનિફીટ મળશે નહીં

**ટોરોન્ટો**

ધ કેનેડા રીકવરી બેનીફિટ (સીઆરબી)નો લાભ હવેથી એવા લોકોને નહીં મળી શકે, જેમણે વર્ષ ૨૦૧૯ કે ૨૦૨૦ માટેના ટેકસ રીટર્ન નહીં ભર્યા હોય. આ જાણકારી ગર્વન્મેન્ટ કેનેડાની વેબસાઈટ ઉપર કરાયેલા ફેરફારોમાં સામેલ છે. સરકારે લોકોને સમયસર ટેકસ રીટર્ન ભરી દેવાની વિનંતી ઘણી વાર કરી હતી. જો કોવિડ-૧૯ને કારણે સરકારે જાહેર કરેલા સીઆરબીનો લાભ લેવો હોય તો ટેકસ ભરેલો હોવો જરૂરી છે. આ ઉપરાંત રીકવરી સિકનેસ બેનીફીટ કે કેનેડા રીકવરી કેરગીવીંગ બેનીફીટનો લાભ લેવા માટે પણ ટેકસ રીટર્ન ભરવું ફરજિયાત છે.

વર્ષ ૨૦૧૯ કે, ૨૦૨૦માં ટેકસ રીટર્ન ભરવા માટેની મુદત ૨૭મી સપ્ટેમ્બર ૨૦૨૦થી ૨૧ વખત વધારવામાં આવી હતી. કેનેડા ઈમરજન્સી રીસ્પોન્સ બેનીફીટ જે ગયા વર્ષના ઉનાળા સુધી લંબાવવામાં આવ્યો હતો. કોવિડ-૧૯ને કારણે ઘણાના પગારમાં કાપ પણ આવ્યો હતો.

# કેનેડામાં વધુ બે વર્ષ માટે સ્ટુડન્ટ્સ ગ્રાન્ટ બમણીઃ યોજનાનો અમલ શરૂ



## ગયા વર્ષે રેગ્યુલર વિદ્યાર્થીઓ માટે 6000 યુએસ ડોલર અને વિકલાંગ વિદ્યાર્થીઓ માટે 10000 યુએસ ડોલર જાહેર થઇ હતી

**ટોરોન્ટો**

વિદ્યાર્થીઓને રાહત થાય એવી એપ્રિલના બજેટ સમયે થયેલી જાહેરાતનો હવે રવિવારથી અમલ શરૂ થઈ રહ્યો છે. ગયા વર્ષે ફેડરલ સરકારે કેનેડા સ્ટુડન્ટસ ગ્રાન્ટને ૨૦૨૦ -૨૦૨૧ના શાળાકીય વર્ષ માટે બમણી કરી હતી. ગયા વર્ષે પૂર્ણ સમયના વિદ્યાર્થીઓ માટે ૬૦૦૦ યુએસ ડોલર અને વિકલાંગ વિદ્યાર્થીઓ માટે ૧૦૦૦૦ યુએસ ડોલર જાહેર થઈ હતી.

**લોન પરના વ્યાજને મોકૂફ રાખવાની અવધિ પણ 2023 સુધી લંબાવાઇ**

એનો લાભ હવે પહેલી ઓગસ્ટથી વધુ બે વર્ષ માટે એટલે કે, એપ્રિલ ૨૦૨૩ સુધી અમલમાં રાખવાની જાહેરાત થઈ છે. જે ફેડરલ સરકારના ગ્રેજયુએટ વિદ્યાર્થીઓ માટેના ૪.૫ બિલીયન યુએસ ડોલરના ભંડોળમાંથી અપાનાર છે. જેની જાહેરાત ૨૦૨૧ના ફેડરલ બજેટમાં થઈ હતી. કેનેડાના રોજગાર મંત્રી કાર્લા કવાલથ્રોએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, પોસ્ટ સેકન્ડરી શિક્ષણ માટે આ મોટી તક બની રહેશે. જેનો લાભ કેનેડીયન વિદ્યાર્થીઓ લઈ શકશે. ખાસ કરીને વિકલાંગ વિદ્યાર્થીઓને આનાથી મોટું પ્રોત્સાહન મળી શકશે. બજેટમાં રીપેમેન્ટ આસિસ્ટન્સ પ્લાનમાં પણ સુધારો કર્યો છે. જેનાથી ગ્રેજયુએટ વિદ્યાર્થીઓને એજયુકેશન લોનને પરત કરવા માટે તેમને નોકરી મળે ત્યાં સુધીનો સમય આપવામાં આવશે. હાલમાં એ મર્યાદા ૨૫૦૦૦ યુએસ ડોલર છે, જેને વધારીને ૪૦૦૦૦ યુએસ ડોલર કરાશે. જો કે, આ સુધારાનો અમલ કયારથી થશે એ હજુ જાહેર થયું નથી. એપ્રિલમાં વિદ્યાર્થીઓની લોન પરના વ્યાજને મોકૂફ રાખવાનું કે સ્થગિત કરવાનું જાહેર થયું હતું. તેની મુદત પણ હવે માર્ચ ૨૦૨૩ સુધી લંબાવવામાં આવી છે.



# વાવાઝોડાગ્રસ્ત વિસ્તારોમાં બાપ્સ ચેરીટીઝ દ્વારા રાહતકાર્ય

## વાવાઝોડાથી અસરગ્રસ્ત વિસ્તારમાં પુનર્વસન તથા સફાઈ કાર્ય કરાયું, વૃક્ષો અને કાટમાળ ખસેડી રસ્તાઓ સાફ કરાયા

**ઓન્ટેરિયો**

બેરી, ઓન્ટેરિયોમાં આવેલા વિનાશક વાવાઝોડાથી અસરગ્રસ્ત વિસ્તારોમાં બીએપીએસ ચેરીટીઝના ૫૦થી વધુ સ્વયંસેવકોએ રાહત કાર્યમાં સેવા આપી હતી. ૧૫મી જુલાઈ ૨૦૨૧ના રોજ ભયંકર વાવાઝોડાએ બેરીમાં તારાજી સર્જી હતી. ૭૦થી વધુ ઘરોને ઘણું બધું નુકસાન પહોંચ્યું હતુ. જેના કારણે ૧૦૦થી વધુ માણસો બેઘર થઈ ગયા હતા.

બેરીના રહેવાસીઓ ઉપર થયેલી વાવાઝોડાની ભયાનક અસરો વિષે જાણીને બીએપીએસ ચેરીટીઝના સ્વયંસેવકોએ બેરીના મેયર અને સિટી કાઉન્સિલને મળી રાહત અને પુનર્વસવાટનાં કાર્યોમાં સહયોગનો પ્રસ્તાવ મુક્યો હતો. સમગ્ર ઓન્ટેરિયોમાંથી બીએપીએસ ચેરીટીઝના વડીલ અને યુવા સ્વયંસેવકો બેરી જઈ પહોંચ્યા અને સિટી કાઉન્સિલ દ્વારા તેમને સોંપેલા વિસ્તારોમાંથી ધરાશાયી થયેલા વૃક્ષો અને કાટમાળ ખસેડી ત્યાં પહોંચવાના રસ્તાઓ સુગમ કર્યા હતા. કુલ ૫૦૦ કલાકોથી વધુ સમયનું યોગદાન આપી સ્વયં સેવકોએ સમાજ સેવાના ઉમદાકાર્યમાં સહયોગ આપ્યો હતો. બીએપીએસ ચેરીટીઝના સ્વયંસેવકોના આ અથાગ પરિશ્રમ જોઈને ત્યાંના







રહીશોને પણ રાહતકાર્યમાં જોડાવાની પ્રેરણા મળી હતી. Herc Rentals Equipment અને Grainger કેનેડા દ્વારા સ્વયંસેવકોને જરૂરી સલામતીના સાધનો પુરા પાડવામાં આવ્યા હતા. આ નિસ્વાર્થ સેવાના સાક્ષી બનેલા સ્થાનિક રહીશ જુલી બ્રોન બોલી ઉઠ્યા હતા કે, “ આ લોકો અદભુત છે. તેમનો દયાભાવ, સજ્જનતા, કાર્યનિષ્ઠા અને એકસાથે રહીને કાર્ય કરવાની રીત ખરેખર પ્રશંસનીય છે.” બીએપીએસ ચેરીટીઝની રાહતસેવામાં સહયોગ આપવા માટે સમાજના આગેવાનો પણ સફાઈકાર્યમાં જોડાઈ ગયા હતા.

સેરીગો મોરાલેસ (બેરી વોર્ડ ૭ના કાઉન્સિલર) એ બીએપીએસ ચેરીટીઝ પ્રત્યે આભાર વ્યક્ત કરતા કહ્યું, “ જે લોકોને ક્યારેય મળ્યા ન હતા, તેમની નિસ્વાર્થ ભાવે મદદ કરીને બીએપીએસ ચેરીટીઝ દ્વારા થયેલી મદદથી બેરીમાં એકતાની ભાવના પુન:સ્થપાઈ છે. સીટી ઓફ બેરી સદાય બીએપીએસ ચેરીટીઝના આભારી રહેશે.” બીએપીએસ ચેરીટીઝના સ્વયંસેવકોની પ્રતિબદ્ધતા અને ઉત્સાહથી પ્રભાવિત થઈને બેરી - ઈન્નીસેફીલના MPP, અંદેરા ખંજેનએ એટ્વિટ કર્યું કે, “વરસાદ હોય કે તડકો, બીએપીએસ ચેરીટીઝ વૃક્ષોનો કાટમાળ સાફ કરવામાં મદદ કરીને ઓન્ટેરિયો જેવી ખેલદીલીની ઝાંખી કરાવી છે. ડોક્ટરોથી માંડીને બિઝનેસ માલિકો તથા કોલેજના વિદ્યાર્થીઓ સુધી બધા મદદ માટે આવ્યા હતા. કેનેડાના બીએપીએસ ચેરીટીઝના પ્રેસિડેન્ટ યોગેશ પટેલે જણાવ્યું હતું કે, “બીએપીએસ ચેરીટીઝ આવા વિનાશક વાવાઝોડા પછી સફાઈ અને પુનર્વસવાટના કાર્યમાં મદદ કરી શક્યું તે બદલ ગર્વ અનુભવે છે. અમે અમારા મુખ્ય સ્વયંસેવકોનો આ રાહતકાર્યનું આયોજન કરવા બદલ અને તમામ સ્વયંસેવકોનો તેમના સમર્પણ અને સેવાભાવના સાથે કામ કરવા બદલ આભાર માનીએ છીએ. બીએપીએસ ચેરીટીઝની પ્રવૃત્તિઓ પ્રમુખસ્વામી મહારાજના જીવનસૂત્રથી પ્રેરિત છે.

# કેનેડાની હેલ્થ સિસ્ટમ ૧૧ દેશોમાં છેલ્લેથી બીજા ક્રમે

**ટોરોન્ટો**

તાજેતરના અહેવાલ મુજબ કેનેડાની હેલ્થ સિસ્ટમ અન્ય દેશોની સરખામણીમાં ૧૧ દેશોમાં છેલ્લેથી બીજા ક્રમે છે. આ બધા દેશો સૌથી વધુ આવક ધરાવનારા દેશો છે. બુધવારે જાહેર થયેલો અહેવાલ કોમન વેલ્થ ફંડ તરફથી તૈયાર કરવામાં આવ્યો હતો. જેમાં ઉચી આવક ધરાવનારા ૧૧ દેશોનો સમાવેશ કરાયો હતો. ત્યાંની હેલ્થ સિસ્ટમને અલગ અલગ પાસાઓથી ચકાસવામાં આવી હતી. જેમાં હેલ્થ કેરમાં સમાનતા, સંભાળ મળવાની શકયતા, પોષાય એવા ખર્ચમાં વહીવટી સક્ષમતાનો સમાવેશ થાય છે. અહેવાલ મુજબ સૌથી ટોચ પર નોર્વે, નેધરલેન્ડસ અને ઓસ્ટ્રેલિયા છે. જયારે સ્વિટ્રઝર્લેન્ડ, કેનેડા અને અમેરિકા એવા દેશોમાં છે જે ખરાબ હેલ્થ કેરની યાદીમાં છે. એકંદરે હેલ્થકેર સિસ્ટમમાં બધા પાસાઓનો ખ્યાલ રાખીને અહેવાલમાં આંકલન કરવામાં આવ્યું હતું. જો કે, અહેવાલમાં એમ પણ જણાવવામાં આવ્યું હતું કે, અમેરિકાનો દેખાવ તો કેનેડા અને સ્વિટ્રઝર્લેન્ડ કરતા ઘણો જ ખરાબ છે. એકંદરે રેંકીંગમાં અમેરિકામાં હેલ્થકેર મેળવવી સરળ નથી. પ્રિવેન્ટીવ કેર પ્રક્રિયા અને વહીવટી ક્ષમતા તેમજ સ્કીનીંગ અને વેકસીનેશનને પણ ગણતરીમાં લેવામાં આવ્યા હતા. અહેવાલમાં જણાવાયું હતું કે, આ દેશોનું રેંકીંગ કોમનવેલ્થ ફંડની એડવાઈઝરી કમિટીની પેનલે કર્યું હતુ. અને એમાં કોવિડ-૧૯ બાદની કામગીરીને ધ્યાનમાં રાખવામાં આવી હતી. આ રેંકીંગમાં કેનેડા ૧૦મા સ્થાને આવ્યું હતું. જે ખાસ કરીને સમાનતા અને હેલ્થકેર પરિણામોની કેટેગરીમાં હતી. હેલ્થકેરની ઉપલબ્ધતાની બાબતે અમેરિકા, કેનેડા, ન્યુઝીલેન્ડ અને નોર્વેમાં ઘણી અસમાનતા જોવા મળી હતી.

**આરોગ્ય સુવિધાની સ્થિતિમાં સૌથી ટોચ પર નોર્વે, નેધરલેન્ડસ અને ઓસ્ટ્રેલિયા**

# વેન્ચર કેપીટલ ફંડીંગમાં કેનેડિયન કંપનીઓને લાભની આશા જાગી, ફાઈનટેકમાં વધુ રસ

## ગત વર્ષ કરતા બમણાથી વધુ 6.3 બિલીયન યુએસ ડોલર જેટલું ભંડોળ એકત્ર

**ટોરોન્ટો**

કેનેડીયન કંપનીઓ હવે વેન્ચર કેપીટલ ફંડ ઉભુ કરીને વધુ ભંડોળ એકત્ર કરવા માંગે છે. કેમ કે, કોવિડ-૧૯ મહામારી દરમિયાન અગાઉના વર્ષો કરતા વધુ ફંડ ઉભુ થઈ શકયું છે. તાજેતરમાં પ્રકાશિત બિઝનેસ એનાલિટીક પેઢી સીબી ઈનસાઈટસના અહેવાલમાં જણાવ્યા મુજબ કેનેડીયન કંપનીઓએ ગયા વર્ષના ૨.૯ બિલીયન યુએસ ડોલર કરતા બમણાથી વધુ એટલે કે, ૬.૩ બિલીયન યુએસ ડોલર જેટલું ભંડોળ આ વર્ષે ઉભુ કરી લીધું હતું.

જે વર્ષ ૨૦૧૮માં ૩.૪ બિલીયન અને ૨૦૧૯માં ૪.૩ બિલીયન ડોલર જેટલું જ હતું. વર્ષ ૨૦૨૧ના પહેલા ત્રિમાસિક ગાળામાં ૧૯૭ સોદાઓથી ૨.૧ બિલિયન યુએસ ડોલર અને બીજા ત્રિમાસિક ગાળામાં ૨૧૭ સોદાઓથી ૪.૧ બિલીયનનું ફંડ ઉભુ થયું હતું.

જે અંદાજે ૮૯ ટકા જેટલું વધારે હતું. મોટાભાગનું ભંડોળ વેન્ચર કેપીટલ ફંડ તરીકે આવ્યું છે. કેમ કે, નિષ્ણાંતોના મતે વૈશ્વિક બજારમાં ટેકનોલોજી સેકટરમાં તેજી છે અને દેશમાં પણ એનો વિકાસ થઈ શકે એવી પ્રતિભાઓ હોવાથી આ ફંડીંગ મળી રહ્યું છે. કેનેડામાં મોટી વિદેશી કંપનીઓ આવી છે. જેમાં માઈક્રોસોફટ, ડુરડેશ, એમેઝોન, ગુગલ, વેફેર, ટવીટર, પીન્ટરસેટ, રેડીટ અને નેટફીક્ષનો સમાવેશ થાય છે. તેમણે કેનેડામાં પોતાની ઓફિસો શરૂ કરીને વિસ્તરણનું કામ મહામારી દરમિયાન જ શરૂ કરી દીધું હતું. રીયલ વેન્ચર્સ નામની વેન્ચર કેપીટલ પેઢીના મેનેજીંગ પાર્ટનર જેનેટ બેનિસ્ટર કહે છે કે, કેનેડાના એન્ટર પ્રિરન્યોર્સ માટે એ નેટવર્ક ઈફેકટ પણ છે. આ પેઢીને એસ્ટેટ પ્લાનિંગ કંપની વિલફુલ અને કાર સેલ્સ બિઝનેસ તથા જવેલર મેજુરીનો ટેકો છે. તેમણે કહ્યું કે, સ્ટાર્ટઅપમાં એક સફળતા પાછળ બીજી સફળતા આપોઆપ આવતી હોય છે. એકવાર યોગ્ય વાતાવરણ ઉભું થઈ જાય પછી સફળતા આસાનીથી મળતી જાય છે. યોગ્ય ટીમનું ગઠન થાય એટલે સફળતાની ગેરન્ટી મળી જાય છે. કેનેડીયન કંપનીઓને વેન્ચર કેપીટલ ઉભુ કરવામાં મહામારીએ પણ એક રીતે મદદ કરી છે. કેમ કે, ટેકનોલોજીનું મહત્વ એનાથી વધુ સમજાઈ ગયું છે.

# રિવીયર-ડેસ -પ્રેઈરીસના એપાર્ટમેન્ટમાં થયેલા ગોળીબારમાં ૩ના મોત, બેને ઈજા

**મોન્ટ્રીયલ**

મોન્ટ્રીયલના પૂર્વીય વિસ્તારમાં એક રહેણાંક વિસ્તારમાં થયેલા ગોળીબારમાં ત્રણ વ્યકિતઓના મોત નિપજયા હતા અને બે જણાને ઈજા પહોંચી હોવાનું મોન્ટ્રીયલ પોલીસે જણાવ્યું હતું. રવિવારે પોલીસને મળેલી બાતમીના આધારે સાંજે સાત વાગ્યે પોલીસ બોરો ઓફ રીવીયેર ડેસ પ્રઈરીસ નજીક ૫૪મા એવેન્યુ ખાતે પહોંચી હતી, જયાં ગોળીબાર થયો હતો. પહેલા મૃત્યુની ખબર રાત્રે ૦૯.૩૦ કલાકે મળી હતી. જયારે બીજા ઈજાગ્રસ્તનું મૃત્યું મધરાતે થયું હતું અને ત્રીજા ઈજાગ્રસ્તનું મૃત્યુ મંગળવારે સવારે થયું હતું. આમ આ ગોળીબારની ઘટનામાં અત્યાર સુધીમાં ત્રણના મોત થઈ ચુકયા છે અને અન્ય બે ઈજાગ્રસ્તો સારવાર હેઠળ છે, એમ મોન્ટ્રીયલ પોલીસના પ્રવકતા જુલિયન લેવેસ્કીએ જણાવ્યું હતું.

આરડીપી બોરોના મેયર કેરોલિના બ્રોગેઈઅસે સોશિયલ મિડીયા ઉપર જણાવ્યું હતું કે, અમે મોન્ટ્રીયલ પોલીસ સાથે મળીને કામ કરી રહ્યા છીએ. વિસ્તારમાં શાંતિ જળવાઈ



રહે એવા તમામ પ્રયાસો થઈ રહ્યા છે. કયુબેકના પ્રિમીયર ફ્રાન્કોઈસ લેગોલ્ટે ટવીટ્રર ઉપર મંગળવારે સવારે કહ્યું હતું કે, ઘટનામાં ભોગ બનેલાઓના પરિવાર પ્રત્યે સહાનુભૂતિ છે, અમે મોન્ટ્રીયલવાસીઓ અને કયુબેકના રહીશોની સલામતી માટે ચિંતીત છીએ. આ ઘટનાની પુરી તપાસ ચાલી રહી છે, ત્યાં સુધી લોકોને એ વિસ્તારમાં નહીં જવા પોલીસે વિનંતી કરી છે.

# બિન કેનેડીયનોના અધિકારો અંગે હવે ઈમિગ્રેશન વિભાગ ગંભીરતા દાખવશે

**ઓન્ટેરિયો**

આ મહિનાના આરંભે કેનેડાએ કરેલી જાહેરાત મુજબ કેનેડા ગેઝેટમાંથી માહિતી મેળવવાના અને ગોપનીયતા જાળવવાના નિયમોમાં ફેરફાર કરવામાં આવશે. આ ફેરફાર સરળ છે, આમ છતાં એની અસર મોટી થશે. કેનેડાની સરકાર હવે આ કાનૂન મુજબ બિનકેનેડીયનોને પણ માહિતી અધિકાર અને ગોપનિયતાની જાણકારી આપી શકશે. એટીઆઈપીની વિનંતી પ્રાઈવસી એકટ હેઠળ થાય એને જાણકારી અપાશે. આ અધિકાર બિન કેનેડીયનોને પણ મળી શકશે. જે વૈશ્વિક સ્તરની ગણાશે. કેનેડીયન ઈમિગ્રેશન માટે તમે લાયક છો કે નહીં એ આ અધિકાર હેઠળ તમે જાણી શકો છો. પ્રાઈવસી એકટ મુજબ લોકો એટીઆઈપી રીકવેસ્ટ ફેડરલ સરકારને કરી શકે છે. જયારે ઈમિગ્રેશન, રેફયુજીસ એન્ડ સિટીઝનશીપ કેનેડા (આઈઆરસીસી) ફેડરલ એજન્સી છે, એટલે એવી વિનંતી એમની પાસે જ આવશે. અત્યારે કોણ આવી રીકવેસ્ટ કરી શકે એની મર્યાદા નક્કી છે. એકટ મુજબ આ અધિકારોને બે વિભાગમાં વહેંચવામાં આવ્યા છે. કેનેડીયન નાગરીકો અને પરમેનન્ટ રેસીડેન્ટસ, જે કેનેડા કે કેનેડાની બહાર વસતા હોય અને બીજા ગૃપમાં કોઈ પણ વ્યકિત કે વ્યાપારી જે કેનેડામાં કામ કરતા હોય અને એ કેનેડીયન નાગરીક હોય કે ન હોય તો પણ આ અધિકારનો ઉપયોગ કરી શકશે.

અત્યાર સુધી મર્યાદાને કારણે કેનેડાની બહાર રહેનારા આવી રીકવેસ્ટ કરી શકતા નહોતા. એમના બદલે કોઈ કેનેડીયન નાગરીક એવી અરજી કરી શકે.

તંત્રી સ્થાનેથી

# ઓલોમ્પિકમાં ભારતીય ખેલાડીઓનો ઉજળો દેખાવ, પખવાડિયામાં પાંચ મેડલ



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

ટોક્યોમાં રમાઈ રહેલી ઓલિમ્પિક ગેઈમ્સમાં બુધવારનો દિવસ ભારત માટે થોડી ખુશી અને થોડા ગમની પ્રતીતી કરાવતો રહ્યો હતો. આ જ દિવસે ભારતના બે કુસ્તીબાજો રવિ દહિયા અને દીપક પુનિયાએ શાનદાર દેખાવ કરીને પોતપોતાની કેટેગરીમાં સેમિ ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. દહિયાએ તો પછીથી સેમિ ફાઈનલમાં જીત મેળવીને ફાઈનલમાં પ્રવેશ કર્યો. દહિયા અને પુનિયા બંનેએ ભારત માટે બે મૅડલ પાકા કરી દીધા જ હતા. કારણ કે, કુસ્તી અને બોક્સિગંમાં સેમિ ફાઈનલમાં હારનારા બંને કુસ્તીબાજને બ્રોન્ઝ મૅડલ અપાય છે. પુનિયા પછીથી સેમિ ફાઈનલમાં હારી જતાં ભારતે બ્રોન્ઝ મૅડલથી સંતોષ માનવો પડ્યો હતો. પરંતુ દહિયા ફાઈનલમાં પહોંચ્યો હતો. જો કે, આ ફાયનલમાં રશિયાના રેસલર યુગુઈવ ઝાવુરી સામે 7-4થી તેને હારનો સામનો કરવો પડ્યો. ફાયનલમાં રનર્સઅપ રહેતા દહિયાને સિલ્વર મેડલ મળ્યો હતો. ભારતને જેની પાસેથી મૅડલની સૌથી વધારે આશા છે એ ભાલાફેંક ખેલાડી નીરજ ચોપરાએ ફાઈનલમાં પ્રવેશ કર્યો છે. નીરજના દેખાવને ધ્યાનમાં રાખીએ તો એ ગોલ્ડ મૅડલ જીતવાનો દાવેદાર છે. શનિવારે ફાઈનલ છે અને નીરજ ગોલ્ડ કે સિલ્વર નહીં પણ બ્રોન્ઝ પણ જીતશે તો ઈતિહાસ રચાશે. નીરજ એથ્લેટિક્સમાં મૅડલ જીતનારો પહેલો ભારતીય બની જશે.

આ ઉપરાંત ભારતની કમલપ્રીત કૌરે ચક્રફેંકના ક્વોલિફાઈંગ રાઉન્ડમાં જોરદાર દેખાવ કરીને ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો હતો. કમલપ્રીત પણ પોતાના ગ્રુપમાં બીજા નંબરે હતી. તેના શાનદાર દેખાવના કારણે કમલપ્રીત પાસેથી મૅડલની આશા હતી પણ મંગળવારે કમલપ્રીત એ દેખાવ ના દોહરાવી શકી. ફાઈનલમાં ૧૨ સ્પર્ધકોમાં કમલપ્રીત છઠ્ઠા નંબરે રહી. ભારતમાં સ્પોર્ટ્સનું સ્તર જોતાં આ દેખાવ પણ સારો છે. ભારતને ગમ થાય એવું પરિણામ બોક્સિગંમાં જોવા મળ્યું. બોક્સિગંમાં સેમિ ફાઈનલ સુધી પહોંચીને ઈતિહાસ રચનારી લવલિના બોરહોગેન તુર્કીની બુસેનાઝ સુરમેનેલી સામે હારી ગઈ. લવલિના પણ અત્યાર લગી જે રીતે રમી તેના કારણે ફાઈનલમાં જશે એવું લાગતું હતું. પણ વર્લ્ડ ચેમ્પિયન સુરમેનેલી સાચા અર્થમાં વર્લ્ડ ચેમ્પિયનની જેમ રમી. જો કે, સૌથી વધારે નિરાશા મહિલા હોકી ટીમની સેમિ ફાઈનલમાં હારને કારણે થઈ છે. વર્લ્ડ નંબર ટુ આર્જેન્ટિના સામે રમતાં ભારતીય મહિલા હોકી ટીમ ૨-૧થી હારીને ગોલ્ડ મેડલની સ્પર્ધામાંથી આઉટ થઈ ગઈ છે. આ મહિલા ટીમે સેમિ. ફાઈનલમાં પણ કમાલની રમત બતાવી, તેમાં શંકા નથી. કેમ કે આર્જેન્ટિના ખરેખર બળુકી ટીમ હતી.

શરૂઆતની ત્રણ મેચમાં હાર પછી ભારતની મહિલાઓની ટીમ પાસેથી કોઈને વધારે સારા દેખાવની આશા નહોતી. ભારતની આ ટીમ ક્વાર્ટર ફાઈનલ સુધી પહોંચે તેવી આશા જ મોટાભાગના લોકોને હતી. પરંતુ ભારતની દિકરીઓએ મરદની જેમ રમીને છેક સેમિ ફાઈનલ સુધીની છલાંગ લગાવી. ગ્રૂપ સ્ટેજમાં સળંગ ત્રણ મેચ જીતીને ક્વાર્ટર ફાઈનલમાં સ્થાન પાકું કર્યું અને પછી ક્વાર્ટર ફાઈનલમાં ઓસ્ટ્રેલિયાને ફીણી નાંખીને શાન કે સાથ સેમિ ફાઈનલમાં પ્રવેશ કર્યો એ બહુ મોટી વાત છે. બીજી બાજુ ભારતની પુરુષોની હોકી ટીમે ગુરુવારે જોરાદાર દેખાય કર્યો હતો. બ્રોન્ઝ મેડલ માટે રમાયેલી ભારત અને જર્મનીની મૅચ અત્યંત રોમાંચક સ્થિતિમાં પહોંચી હતી અને બન્ને ટીમે વિજય મેળવા માટે તમામ પ્રયાસો કર્યા. હાફ ટાઈમ પૂરો થયો ત્યાં સુધી બન્ને ટીમો ૩-૩ ગોલ સાથે સમાન સ્કૉર પર હતી. જો કે ત્યાર બાદ સિમરનજીત સિંહના બે ગોલની મદદથી ભારતે જોરદાર વાપસી કરી ઓલિમ્પિકના બાકી મુકાબલામાં જર્મનીને ૫-૪થી પછડાટ આપી હતી. આ સાથે ભારતે ઓલિમ્પિકમાં બ્રોન્ઝ મેડલ કબજે કર્યો હતો. હૉકી ઈતિહાસમાં ભારતીય ટીમ સૌથી સફળ ટીમ માનવામાં આવે છે. ૧૯૨૮ના ઓલિમ્પિકમાં ભારતીય હૉકી ટીમે પ્રથમ ગોલ્ડ મેડલ જીત્યો હતો. અને છેક ૧૯૬૦ના ઓલિમ્પિક સુધી ભારત અજેય રહ્યું હતું. આ રીતે ભારતે સળંગ છ ઓલિમ્પિક ગેમ્સમાં ગોલ્ડ જીત્યા હતા. ટોકીયોમાં આ પહેલાં બેલ્જિયમ સામે ભારતની ટીમ હારી, એ રીતે જર્મની બીજી સેમિ ફાઈનલમાં ઓસ્ટ્રેલિયા સામે હાર્યું છે. પુરૂષ હોકી ટીમ પાસેથી આમ તો સૌને ગોલ્ડ કે સિલ્વર મૅડલની આશા હતી. પણ સેમિ ફાઈનલમાં છેલ્લી પંદર મિનિટમાં બેલ્જિયમે કરેલા શાનદાર દેખાવને કારણે એ સપનું રોળાઈ ગયું. પુરૂષ હોકી ટીમે ગ્રૂપ મેચોમાં શાનદાર દેખાવ કરીને સેમિ ફાઈનલમાં પ્રવેશ કર્યો ત્યારે સૌને આશા બંધાઈ હતી કે, આ વખતે ફરી ભારતની નામે મોટી સિદ્ધિ લખાશે. આ આશા ખોટી પણ ન હતી. કારણ કે, ગ્રુપ મેચોમાં ઓસ્ટ્રેલિયાને બાદ કરતાં બાકીની ટીમો સામે ભારતની ટીમે જોરદાર દેખાવ કર્યો છે. ન્યુ ઝીલેન્ડ સામે વિજયી શરૂઆત કર્યા પછી ઓસ્ટ્રેલિયા સામે ૭-૧થી કારમી હાર થઈ હતી. આ કારણે લોકો નિરાશ થઈ ગયા હતા.

જે પછી હોકીની જૂની કહાની ફરી દોહરાવાશે એવું સૌને લાગતું હતું. પણ ભારતની હોકી ટીમે એ નિરાશાને ખંખેરીને બાકીની મેચોમાં જોરદાર દેખાવ કર્યો. ઓસ્ટ્રેલિયા સામેની કારમી હારને પાછળ મૂકીને એ પછીની મેચોમાં ભારતની ટીમ ટીમ જોરદાર રમત રમી. આ જોરદાર દેખાવના જોરે ભારતની ટીમ ક્વાર્ટર ફાઈનલમાં પહોંચી ગઈ હતી. રવિવારની સેમિ ફાઈનલમાં હોકી ટીમે પહેલેથી આક્રમણ કરીને બ્રિટનને સ્તબ્ધ કરી દીધું. બ્રિટને એક ગોલ કરીને વળતો પ્રહાર કર્યો પણ ભારતે છેલ્લે છેલ્લે વધુ એક ગોલ ફટકારીને બ્રિટનને ૩-૧થી કચડી નાંખ્યું હતુ અને ૧૯૭૨ પછી પહેલી વાર સેમિ ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. સેમિ ફાઈનલમાં વર્લ્ડ ચેમ્પિયન બેલ્જિયમ સામે હતું તેથી ભારતને જોરદાર ટક્કર આપવાની થશે એ નક્કી હતુ. પણ ભારતના ખેલાડીઓ જોરદાર રમ્યા તેમાં કોઈ શંકા નથી. છેલ્લી પંદર મિનિટને બાદ કરો તો આપણે હારી જઈશું એવું લાગતું જ નહોતું. બેલ્જિયમે પહેલો ગોલ કરીને પહેલો ઘા કર્યો તેના જવાબમાં ભારતે પણ વળતા બે ગોલ ફટકારીને બેલ્જિયમને દબાણમાં લાવી દીધુ હતુ. ત્રીજા ક્વાર્ટરના અંત સુધી ભારતની ટીમનું પલ્લુ ભારે રહ્યું હતુ. બેલ્જિયમે છેલ્લા ક્વાર્ટરમાં શાનદાર રમત બતાવીને બાજી પલટી અને ભારતને હારનો સામનો કરવો પડ્યો. ભારતની હોકી ટીમ ઓલિમ્પિક્સમાં રમવા ગઈ ત્યારે ક્વાર્ટર ફાઈનલમાં જશે એવી પણ કોઈને કલ્પના નહોતી. તેના બદલે મૅડલ જીત્યા છે એ મોટી વાત છે. 1958 બાદ ભારતે અત્યાર સુધી ઓલિમ્પિકમાં હૉકી ગેમમાં ૮ ગોલ્ડ મેડલ, ૧ સિલ્વર અને ૨ બ્રોન્ઝ મેડલ મેળવ્યા છે.જયારે આ વર્ષે ભારતે અત્યાર સુધીમાં પાંચ મેડલ પોતાના નામે કરી લીધા છે એ જોતાં આ ઓલિમ્પિક્સ સાવ નિરાશાજનક નથી રહ્યો. ભારતે ૨૦૧૨ના લંડન ઓલિમ્પિક્સમાં ૬ મૅડલ જીતીને શ્રેષ્ઠ દેખાવ કર્યો હતો. ૨૦૧૬માં રીયો ડી જાનેરોમાં સિંધુ અને સાક્ષી મલિક એ બે જ છોકરીઓ જીતી હતી. પણ ટોક્યોમાં અત્યારે જ ભારતના નામે પાંચ મેડલ બોલે છે એ જોતાં ભારતના ખેલાડીઓ લંડનમાં કરેલા દેખાવ કરતા વધુ સારો દેખાવ કરીશે એવું લાગે છે.

હોકી ટીમે ગુરુવારે જર્મનીને પછાડીને એક મેડલ ભારતના નામે કર્યો હતો.

[signature]
manoj1968@yahoo.ca

ARISTO PEST CONTROL
Set your mind at rest, we will get rid of the pest
647-339-3926 | aristopest@gmail.com | www.aristopestcontrol.com

✓ Mice
✓ Rat
SAME DAY SERVICE - RESIDENTIAL, COMMERCIAL, INDUSTRIAL

✓ Cockroach
✓ Bedbug
✓ Animal Control
✓ Bird Control
✓ WASPS and
✓ Hive Removal
WE SPEAK ENGLISH, GUJARATI & HINDI

24 HRS / 7 DAYS EMERGENCY SERVICES AND ANIMAL REMOVAL
We also provide No Obligation Inspection for Commercial and Residential Clients.
Written Guarantee And Discounted Rates
NATIONAL PEST MANAGEMENT ASSOCIATION Inc. International
CPMA - ACGP
SPMAO
CALL SANKET TRIVEDI - 647.339.3926
Government Licensed Structural Exterminator

LIFE INSURANCE
MORTGAGE/LINE OF CREDIT INSURANCE
Q : Do you have MORTGAGE / Line Of Credit Insurance With BANK ?
A : Compare & Save up to 50% LOWEST RATES GUARANTEED

Monthly Premiums TERM 10 (RCC) Preferred Plus Non Smoker with Medical Test

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 12.00 | $ 07.00 | $ 18.00 | $ 10.00 | $ 32.00 | $ 19.00 |
| 40 Yrs | $ 13.00 | $ 08.00 | $ 22.00 | $ 14.00 | $ 36.00 | $ 26.00 |
| 50 Yrs | $ 30.00 | $ 18.00 | $ 50.00 | $ 31.00 | $ 95.00 | $ 60.00 |
| 60 Yrs | $ 85.00 | $ 56.00 | $ 146.00 | $ 103.00 | $ 271.00 | $ 190.00 |

ALSO AVAILABLE
★ NO MEDICAL TEST LIFE INSURANCE (up to age 85)
(Even it you have DIABETES, BLOOD PREASURE, HEART ATTACK, STROKE)
CANCER OR INSURANCE declined by other companies
★ CORPORATION OWNED LIEF / CRITICAL ILLNESS INSURANCE
(Key Person INSURANCE, BUY SELL AGREEMENT, GROUP BENEFITS)
★ MONEY BACK LIFE / CRITICAL ILLNESS INSURANCE, RRSP, RESP, TFSA
Visitor To CANADA INS, TRAVEL INS, Lite ins For Refugees & Work Permits

Davinder Singh Chawla
416.320.4614
Email : - Davindersinghfhl@gmail.com
www.financialhutltd.com,
Toll : 1866.623.0865
Call For HONEST ADVICE
MONTHLY & ANNUAL PLANS
SUPER VISA INSURANCE
HARD TO BEAT OUR PREMIUMS

કથા, હવન, ગાયત્રી યજ્ઞ,
વાસ્તુ પૂજન, ગ્રહશાંતિ,
જીટીએમાં દરેક જગ્યાએ અમો સેવા આપીએ છીએ.
કાલસર્પ યોગ શાંતિ, નક્ષત્ર શાંતિ, વગેરે ધાર્મિક કાર્યો અને લગ્ન, બેબી શાવર, જેવા કાર્યો માટે સંપર્ક કરો.

શશીકાંત ભટ્ટ
૯૦૫ ૪૫૬ ૭૬૨૨
Shashikant Bhatt
Home: 905-456-7622
Cell: 416-258-2750

# ગોવર્ધનથાળ

## સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

**Weekend Special**

રગડા પેટિસ, પાંઉભાજી,
છોલેપુરી, કટલેસ,
ખાસ્તા કચોરી,
સેવ ઉસળ, સમોસા ચાટ

**Takeout & Catering**

Limited થાળી
(with sweet & Farsan)
$8.00 +Tax

Limited થાળી
(without sweet & Farsan)
$6.50 +Tax

**CATERING SPECIAL**

$ 7.99 +Tax 10 items
Sweet, Farsan, Subji,
Kathor, Puri, Dal, Rice
Papad, Pickle, Kachumber



Franchise Opportunity in GTA

Call us for details

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪
૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧

૮૪૦, મારખમ રોડ, સ્કારબોરો,ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

દેશ–વિદેશથી ટોરન્ટો ભણવા આવતા ગુજરાતી
(વેજીટેરીયન) સ્ટુડન્ટ, ભાઈઓ તથા બહેનોની ખાસ
સગવડ માટે તુષાર શાહ તથા ગોવર્ધન થાળ શરૂ કરે છે

# ગુજરાત ભવન

જેમાં આપને સ્પેશિયલ રૂમ, શેરીંગ રૂમ, ગુજરાતી વેજીટેરીયન ભોજન,
પ્રાઈવેટ બેડ, Wi Fi ઈન્ટરનેટ વગેરે સગવડો આપવામાં આવશે.




Quarantine
Special
Package
$73 Per Day



Call : Tushar Shah - 416-434-8121
ગુજરાત ભવન - 416-913-7184

4694 Kingston Road, Scarborough.

# વલસાડ-વાપીમાં ડ્રગ્સની ફેક્ટરી ઝડપાઈ ૪.૫ કરોડનુ ડ્રગ્સ અને ૮૫ લાખ કબજે

## ગુજરાતમાં પહેલીવાર એમ.ડી.ડ્રગ્સનું ઉત્પાદન કરતી ફેક્ટરી મળી : બેની અટક

**અમદાવાદ**

ગુજરાતમાં પહેલીવાર ડ્રગ્સનું ઉત્પાદન કરતી ફેક્ટરી પકડાઈ છે. એનસીબીના અધિકારીઓએ માહિતીને આધારે વલસાડમાં આવેલી ફેક્ટરી પર દરોડો પાડીને ૪.૫ કરોડ રૂપિયાની કિંમતનો ૪.૫ કિલો એમ.ડી. ડ્રગ્સનો જથ્થો તથા ૮૫ લાખ રોકડા કબજે કર્યા હતા.` આ સંદર્ભે બે શખ્સોની અટક કરવામાં આવી છે. અહીંથી ગુજરાત, મહારાષ્ટ્ર સહિત વિવિધ રાજ્યોમાં ડ્રગ્સ સપ્લાય થતું હતું. ગુજરાતના વલસાડમાં આવેલી એક ફેક્ટરીમાં ડ્રગ્સનું ઉત્પાદન કરીને સપ્લાય કરવામાં આવતું હોવાની માહિતી એનસીબી ગુજરાતને મળી હતી. જેને આધારે અધિકારીઓએ આ ફેક્ટરી પર દરોડો પાડયો હતો. જ્યા વિવિધ મશીનરી દ્વારા ડ્રગ્સનું ઉત્પાદન કરવામાં આવતું હોવાની ચોંકાવનારી માહિતી જાણવા મળી હતી. અહીંથી અધિકારીઓએ એમ.ડી.ડ્રગ્સ(મેફેડ્રોન) નો ૪.૫ કિલોગ્રામ જથ્થો કબજે કરવામાં આવ્યો હતો. જેની અંદાજીત કિંમત ૪.૫ કરોડ થવા જાય છે.તે સિવાય ફેક્ટરીમાંથી રૂ.૮૫ લાખ રોકડા કબજે કરવામાં આવ્યા હતા. આ નાણાં ડ્રગ્સનું વેચાણ કરીને એકઠા કરવામાં આવ્યા હોવાની શંકાને આધારે વધુ તપાસ હાથ ધરી છે.

એનસીબીના ઝોનલ ડિરેક્ટર એસ.કે.મિશ્રાના જણાવ્યા મુજબ આ કેસમાં પ્રકાશ પટેલ અને સોનુ રામનિવાસ નામના બે શખ્સોઅટક કરવામાં આવી હતી. પ્રકાશ ડ્રગ્સનું મેન્યુફેકચરિંગ કરતો હતો જ્યારે રામનિવાસ ડ્રગ્સનું માર્કેટીંગ કરતો હતો.

# સુરતથી 100 ફ્લાઈટની કનેક્ટીવિટી થવાનો સંકેત, 20મીથી બે ફ્લાઈટ

**સુરત**

સુરત એરપોર્ટ પર 100 ફ્લાઈટની કનેક્ટીવિટી થવાનો સંકેત મળી રહ્યા છે. 20મીથી હૈદરાબાદ પછી ચૈન્નઈ અને ગૌહાટીની ફ્લાઈટ શરુ થવા જઈ રહ્યા છે. બીજી બાજુ કાર્ગોનું કામ પણ વધ્યુ છે અને 3 લાખ કિલો ઉપરાંત ગુડ્સની હેરફેર નોંધાઈ છે.

ચેમ્બરના શનિવારે યોજાયેલા 81માં પદગ્રહણ સમારોહમાં સાંસદ સી.આર. પાટીલે સુરતથી 100 ફ્લાઈટની કનેક્ટીવિટી કરવાની જાહેરાત કરી હતી. તા.20મીથી સુરતથી હૈદરાબાદ જ્યારે તા.21મી ઓગસ્ટથી ચૈન્નઈ અને ગૌહાટીની વનસ્ટોપ ફ્લાઈટ શરુ થશે. કાર્ગોમાં પણ ઉછાળો નોંધાયો છે.

ખાનગી એરલાઈન્સ કંપનીઓ દ્વારા તા.૧૩મી ઓગસ્ટ પછીનું સુરતથી ફ્લાઈટનું શિડયુલ જાહેર કર્યુ છે. જેમાં સ્પાઈસ જેટ દ્વારા તા.20મી ઓગસ્ટથી સુરત-હૈદરાબાદ ફ્લાઈટ ઓપરેટ કરાશે. જે અઠવાડિયામાં 04 દિવસ સોમ, બુધ, શુક્ર અને શનિવારે ઓપરેટ થશે. તે પ્રમાણે જ તા.21મી ઓગસ્ટથી સુરતથી ચૈન્નઈ અને ગૌહાટીની વનસ્ટોપ ફ્લાઈટ પણ ઓપરેટ થનારી છે. આ વચ્ચે સુરતથી બેંગલુરુ જતી ફ્લાઈટ સોમ, બુધ અને શુક્રવારે બેંગ્લુરુથી ચૈન્નઈ જશે. જ્યારે સુરતથી પટના જતી ફ્લાઈટ ગૌહાટી જશે.

## સુરતમાં 3 નવા કેસ સાથે મ્યુકોર માઈકોસિસમાં એકનું મોત : કોરોનાના ૩ કેસ

**સુરત**

સુરતમાં મ્યુકોર માઈકોસીસમાં એક દર્દીના મોત સાથે નવા ત્રણ દર્દી દાખલ થયા છે અને ત્રણની સર્જરી કરવામાં આવી છે.જયારે કોરોનામાં સિટીમાં નવા ત્રણ અને ગ્રામ્યમાં ઝીરો કેસ નોંધાયા છે. આરોગ્ય વિભાગ પાસેથી મળેલી વિગત મુજબ કોરોનામાં મંગળવારે સિટીમા નવા 3 કેસ છે. જેમાં વરાછા એમાં 1,લિંબાયતમાં 1 અને અઠવા ઝોનમાં 1 કેસ છે. જયારે બાકીના તમામ ઝોનમાં એક પણ કેસ નોંધાયા નથી. અત્યાર સુધીમાં સિટીમાં કુલ કેસ 111,404 અને મૃત્યુઆંક 1629 છે. જીલ્લામાં નવા 0 કેસ મળી કુલ કેસ 32,094 અને મૃત્યુઆંક 485 છે.

# કેનેડાના વિઝાના નામે બે લાખ પડાવી ઠગાઈ કરનાર મહિલાના જામીન રદ

## સુરત- આણંદ બોરસદની મહીલાએ ખાતામાંથી 1.99 લાખ પડાવી લીધા હતા

**સુરત**

મૂળ ભાવનગર ગારીયાધારના વતની તથા ટેક્ષટાઈલ માર્કેટમાં સાડી હેન્ડવર્કનું કામ કરતાં નરેશકુમાર કેશવ કળથીયા (રે.સરથાણા જકાતનાકા)એ મૂળ આણંદ તાલુકાના બોરસદ તાલુકાના ભાદરણના વતની આરોપી હર્ષિદાબેન આશિષકુમાર પટેલ (રે.ગાંધીનગર) તુર્ક સાજીદ અલીમહોમદ (રે.ગીર સોમનાથ)સહિત અન્ય આરોપી વિરુદ્ધ કેનેડાના વિઝાના નામે 1.99 લાખ પડાવી લેવાના ગુનાઈત કારસા બદલ ફરિયાદ નોંધાવી હતી.જે મુજબ ફરિયાદીએ ફેસબુક પર વિદેશ જવા પાસપોર્ટ વિઝાની જાહેરાત જોઈ ગૌરવ નામની વ્યક્તિનો સંપર્ક સાધ્યો હતો.ત્યારબાદ આરોપી હર્ષિદાબેન પટેલે પોતાની ઓળખ અંકિતા તરીકે આપીને ફરીયાદીના એચડીએફસીના બેંક ખાતામાં જીરો બેલેન્સથી જોઈન્ટ તથા પર્સનલ ખાતા ખોલાવી એટીએમ કાર્ડથી 1.99 લાખ ઉપાડી લીધા હતા.

આ કેસમાં સરથાણા પોલીસેગુનાઈત ઠગાઈ તથા આઈટી એક્ટના ભંગ બદલ આરોપી હર્ષિદા પટેલની ધરપકડ કરી જેલભેગી કરી હતી.હાલમાં જેલવાસ ભોગવતા આરોપી મહીલાએ જામીન અરજી રજૂ કરતા કોર્ટે હર્ષિદા પટેલના જામીનની માંગને નકારી કાઢી હતી.

## પાલ મંડળીની ચૂંટણીમાં ખેડૂત સમાજના પ્રમુખ સહિત પેનલનો સફાયો

**સુરત**

જહાંગીરપુરા સ્થિત પાલ કોટન મંડળીના પ્રમુખ અને વ્યવસ્થાપક સભ્યોની યોજાયેલી ચૂંટણીમાં છેલ્લા 20 વર્ષથી પ્રમુખપદે ચૂંટાતા આવતા ગુજરાત ખેડુત સમાજના પ્રમુખ જયેશ પટેલ(પાલ)નો ૭૯ મતે અને આખી પેનલનો સફાયો થતા કરારી હારનો સામનો કરવો પડયો હતો. પ્રમુખ પદે નરેશ પટેલનો ભવ્ય વિજય થયો હતો. પરિણામ જાહેર થતા નરેશ પટેલને 1717 અને જયેશ પટેલને 1638 મતો મળ્યા હતા. માત્ર નરેશ પટેલ જ નહીં તેમની આખેઆખી પેનલ જીતી ગઈ હતી. જયેશ પટેલ છેલ્લા 20 વર્ષથી પ્રમુખ પદે ચૂંટાઈ આવતા હતા.




# કચ્છના પૂર્વ MLAની ભત્રીજી સાથે ભાજપી નેતાની ઇલુઇલુથી ચકચાર

## નેતાની યુવતીના પરિવારે જાહેરમાં ધુલાઈ કરી

ભૂજ: કચ્છ ભાજપનો યુવા નેતા વિસ્તારના પૂર્વ ધારાસભ્યની ભત્રીજી સાથે ઝડપાતા ભારે ચકચાર મચી ગઈ છે. આ ઘટનામાં ભાજપના તે નેતાની યુવતીના પરિવારે જાહેરમા ધુલાઈ પણ કરી હતી.

ભુજ નજીક રહેતા રંગીલા સ્વભાવનાં સ્થાનિક નેતાને ક્ષોભમાં મુકાવવું પડ્યું હતુ. આ યુવાને તેને પરિવાર જેવો સંબંધ હતો તેવા ભાજપના જ એક પૂર્વ ધારાસભ્યની ભત્રીજી સાથે ઘણા સમય પહેલાં આંખો મળી ગઈ હતી. કચ્છ ભાજપના આ યુવા નેતાને આમ તો ભાજપના પૂર્વ ધારાસભ્ય અને તેના દિકરાઓ સાથે સંબંધો હતો. તેથી તે બંનેના પરિવાર વચ્ચેના સંબંધો વધુ ગાઢ થયા હતા. આ દરમિયાન રંગીલા સ્વભાવના તે નેતાની નજર તેના મિત્રની કઝીન ઉપર નજર ગઈ હતી. જે બાદ તેણે તેને પ્રેમજાળમાં ફસાવી હતી. શરૂઆતમાં તો આ અંગે કોઈને શંકા ન હતી. પરંતુ નેતાની કાર તેમજ ધારાસભ્યની ભત્રીજીનું વાહન એક જ સ્થળે વારંવાર દેખાવાની ઘટનાથી પૂર્વ MLAના પરિવારને શંકા ગઈ હતી. જે બાદ તે યુવા નેતાની હિલચાલ ઉપર વોચ રાખવાનું શરુ કરાયું હતુ. જયારે એક અઠવાડિયા પહેલાં મુન્દ્રા રિ-લોકેશન રોડ ઉપર એક બંગલામાં નેતા અને યુવતી હાજર હોવાની બાતમી મળતા યુવતીનો પરિવાર ત્યાં ધસી ગયો હતો. જે બાદ ત્યાં બખેડો થઈ ગયો હતો. આખરે યુવતીના પરિવારે તે રંગીન મિજાજી નેતાને ઢોર માર માર્યો હતો. ઘટના બાદ પ્રદેશ કક્ષા સુધી તેની જાણકારી પણ આપવામાં આવી હતી. જો કે, ઈજ્જતના ડરે આ અંગે પોલીસ ફરિયાદ કરાઈ ન હતી. ઉલ્લેખનીય છે કે, આ જ યુવા નેતાને ભૂતકાળમાં ભુજના લોરીયા નજીક દારૂ પ્રકરણમાં મેથીપાક પડ્યો હતો. આ અંગે ભાજપનાં મોવડી મંડળને જાણ કરવામાં આવી હતી. પરંતુ ગુજરાત સરકારમાં તેની જ્ઞાતિનાં જ એક મંત્રીએ યુવા નેતાની તરફેણ કરતા પાર્ટીએ કોઈ પગલા લીધા ન હતા.

# અમરેલીમાં વિધવા મહિલાને ભાજપ નેતાએ પીંખી નાંખી

સાવરકુંડલાઃ સાવરકુંડલા રૂરલ પોલીસ મથકે મહિલા સાથે તાઉ તે વાવાઝોડમાં સહાય આપવાના નામે બળાત્કાર ગુજાર્યાની ફરિયાદ નોંધાઇ છે. ભાજપના આગેવાન સામે સાવરકુંડલાના થોરડી ગામની મહિલાએ ભાજપના તાલુકા પંચાયતના પુર્વ સદસ્ય સામે દુષ્કર્મની ફરિયાદ નોંધવતા ગામમાં ચકચાર મચી ગઇ છે. જ્યાં વાવાઝોડામાં સહાયના અપાવવાના નામે મહિલા સાથે દુષ્કર્મ ગુજારવામાં આવ્યું હતું. ભાજપના આગેવાન તાલુકા પંચાયતના પૂર્વ સદસ્ય પ્રફુલ વેકરિયા નામના શખ્સે તા 02/08 ના રોજ મહિલા પર બળાત્કાર ગુજાર્યો હતો. જેને લઈને મહિલાએ સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવી છે. પ્રફુલ વેકરિયા છે તાલુકા પંચાયતના ભાજપના પૂર્વ સદસ્ય અને ભાજપના સક્રિય આગેવાન છે. ભાજપના આગેવાન વિરુદ્ધ મહિલાએ દુષ્કર્મની ફરિયાદ નોંધાતા દલિત સમાજમાં રોષ જોવા મળી રહ્યો છે.

# નખત્રાણા તાલુકા ભાજપમાં ભડકો, ૨૦૦ કાર્યકરો પાર્ટી છોડવાના મૂડમાં

## નિયમ વિરુધ્ધ એક પરિવારના 3 સભ્યોને હોદા અપાયા

**ભુજ**

ભાજપ દ્વારા નખત્રાણા તાલુકામાં વિવિધ સેલની થયેલી વરણીમાં સંનિષ્ઠ કાર્યકરોને અવગણીને સગાવાદ તાથા પૈસાપાત્ર લોકોને સ્થાન અપાતા તાલુકાના કાર્યકરોમાં ભારે નારાજગી ફેલાઈ છે. ઉકળતા ચરૂ વચ્ચે ૨૦૦થી વધુ લોકો પાર્ટી છોડે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.

ભાજપના યુવા ભાજપ, કિસાન મોરચો, મહિલા મોરચો, એવા વિવિધ મોરચાઓના હોદ્દેદારોની નવી વરણીઓ કરવામાં આવી છે. જે વરણીઓમાં ભાજપના સંનિષ્ઠ કાર્યકરોને અવગણીને નખત્રાણા તાલુકા ભાજપ પ્રમુખ અને એક મહામંત્રી પોતાના સગાંવહાલાં, પોતાના મળતીયા અને પોતાના બિઝનેશ પાર્ટનરોનો સમાવેશ કર્યો છે જેથી તાલુકાના ગામડાઓમાં કાર્યકરોમાં નારાજગી પ્રસરી ગઈ છે. કાર્યકરો જણાવ્યું હતું કે પાર્ટીના આદેશ પ્રમાણે ઓનલાઈન સભ્યો, બુથ સમિતિઓ, પેજ સમિતિઓ, ચૂંટણીલક્ષી કાર્યક્રમો વિવિધ કાર્યક્રમોમાં જોડાઈ પાર્ટીની કામગીરી કરાય છે છતાં અસંખ્ય કાર્યકરો સાથે તાલુકા ભાજપ પ્રમુખ અન્યાય કરી સાઈડ લાઈન કરેલા છે.

નખત્રાણા તાલુકા પંચાયત પ્રમુખ, ભાજપ પ્રમુખ (એટીવીટી સભ્ય), કિસાન મોરચા પ્રમુખ, મહિલા મોરચા પ્રમુખ, એમ અન્ય હોદાઓ પણ એક ચોક્કસ જ્ઞાતિને આપી પ્રાધાન્ય આપી અન્ય કાર્યકરો સાથે હળહળતો અન્યાય કરેલો છે. જેથી કરી પાર્ટીના ૨૦૦ સક્રિય કાર્યકરો બુથ પ્રમુખો પાર્ટીના હોદ્દેદારોના નકારાત્મક વલણાથી ટૂંક સમયમાં રાજીનામા આપશે એવું પણ જણાયું છે. નખત્રાણાના એક જ પરિવારને ૩-૩ હોદાઓ તાંસકમાં ધરાયા છે. માતા ,પુત્ર અને પુત્રવાધૂને હોદાઓ આપી પ્રમુખે પાર્ટીના નિયમોના ધજાગરા ઉડાડયા છે. ભાજપ પાર્ટીનો નિયમ છે કે એક વ્યક્તિ એક હોદો, તો પણ તાલુકા ભાજપના પ્રમુખ (એટીવીટી સભ્ય) પદ પણ છોડવા તૈયાર નથી.

# રક્ષાબંધન પહેલાં જ ભાઈની દુનિયાને અલવિદા, બહેનોએ આપી અંતિમ વિદાય

**રાજકોટ**





INS બ્રહ્મપુત્રામાં ફરજ બજાવતા કુલદીપ થડોદા થોડા દિવસો પહેલાં જ ઈજા પામતા તેમને રાજકોટની હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી હતી. દરમિયાન તેમનું નિધન થઈ જતાં સમગ્ર સુરેન્દ્રનગર પંથકમાં ગમગીની છવાઈ હતી. બીજી તરફ કુલદીપની બહેને તેને રક્ષાબંધન પહેલાં જ મુખાગ્નિ આપીને અંતિમ વિદાય આપતા કરુણાસભર દ્રશ્યો સર્જાયા હતા. સુરેન્દ્રનગરના લીલાપુર ગામના કુલદીપ થડોદા નામનો યુવાન આજથી ચાર વર્ષ પહેલાં ભારતીય નેવીમાં જોડાયો હતો. જે બાદ કુલદીપે સતત દેશપ્રેમ અને નિષ્ઠા સાથે છેલ્લા ચાર વર્ષથી ભારતીય નેવીમાં ફરજ બજાવી છે. તેમને થોડા સમય પહેલાં જ પોરબંદરથી મુંબઈ જવા માટે INS બ્રહ્મપુત્રામાં ફરજ સોંપવામાં આવી હતી. આ સમયે શીપનું એન્જિન રડાર શરૂ કરતાં સમયે કુલદીપનો પગ અચાનક લપસી જતાં અકસ્માત થયો હતો. જેમાં એન્જિન રડારમાં બંને પગ ફસાઈ જતા તેને ગંભીર ઈજા પહોંચી હતી. તેમને હોસ્પિટલ ખસેડાતા તેમનું મતો થયું હતું.

# મંત્રી બની કુંવરજી બાવળિયાએ કોળી સમાજનો નહીં, ખુદનો જ વિકાસ કર્યો

**રાજકોટ**

કોંગ્રેસની વંડી ઠેકીને કેસરિયો ખેસ પહેરનારાં કેબિનેટ મંત્રી કુંવરજી બાવળિયા સામે હવે કોળી સમાજે બાંયો ખેંચી છે. ગુજરાત જ નહીં, દેશભરના કોળી સંગઠનોએ વિરોધ કરતાં મંત્રી બાવળિયાએ અખિલ ભારતીય કોળી સમાજના રાષ્ટ્રીય અધ્યક્ષપદેથી રાજીનામુ આપી દેવુ પડયુ હતું. એટલું જ નહીં, નવા વરાયેલાં રાષ્ટ્રીય અધ્યક્ષ અજીત પટેલે એવો આક્ષેપ કર્યો છેકે, કુંવરજી બાવળિયાએ માત્ર સમાજનો ઉપયોગ જ કર્યો છે. મંત્રી બની બાવળિયાએ કોળી સમાજનો નહી, ખુદનો જ વિકાસ કર્યો છે.

ભાજપના શાસનમાં કોળી સમાજને રાજકીય પ્રભુત્વ મળ્યુ નથી તેવી ફરિયાદ અગાઉ પણ ઉઠી ચૂકી છે. ભાવનગર અને સોમનાથમાં આ જ મુદ્દે કોળી સમાજની બેઠકો પણ મળી ચૂકી છે. હવે ફરી એકવાર કોળી સમાજે કેબિનેટ મંત્રી કુંવરજી બાવળિયા સામે બંડ પોકાર્યો છે. મંત્રી બાવળિયાની કાર્યશૈલીથી ખુદ કોળી સમાજ જ ભારોભાર નારાજ છે.

અજમેરમાં મળેલી અખિલ ભારતીય કોળી સમાજની બેઠકમાં રાષ્ટ્રીય અધ્યક્ષપદે વરાયેલાં અજિત પટેલે એવો આરોપ મૂક્યો કે, મંત્રી કુંવરજી બાવળિયા મત્રી બનવાની લાલચમાં જ ભાજપમાં જોડાયા હતાં. તેમણે મંત્રી બનવા કોળી સમાજનો માત્ર ઉપયોગ જ કર્યો છે.




સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# પંચમહાલમાં અજીબ ફરિયાદ: ભૂતોની ટોળકી દ્વારા આધેડને મારવાની ધમકી

**ગોધરા**

પંચમહાલ જિલ્લાના જાંબુઘોડા તાલુકાના જોટવડ ગામના કોઠી ફિળિયામાં મંદિર પાસે રહેતા અરજદાર વરસનભાઈ બલુભાઈ બારીયા એ જાંબુઘોડા પોલીસ મથકમાં એક મહિના પૂર્વે લેખિત અરજી આપી જણાવ્યુ છે કે તેઓ ના માલિકી ના ગોલડુંગરી પાસે વાજપુર ગામના સીમાડે આવેલ ખેતરમાં કામ કરતી વખતે ભૂતોની ટોળકી આવી હતી અને આ ટોળકી પૈકીના 02 ભૂતો દ્વારા તેમને મારી નાખવાની ધમકી આપી હતી, જાંબુઘોડા પોલીસ દ્વારા સમગ્ર મામલે અરજદાર દ્વારા આપેલી અરજી ઈનવર્ડ કરવામાં આવી હતી. જાંબુઘોડા પોલીસ દ્વારા અરજી મળ્યા બાદ તપાસ કરવામાં આવતા અરજદાર વરસન ભાઈ બલુ ભાઈ બારીયા માનસિક બીમારી થી પીડાતા હોવાનું સામે આવ્યુ હતુ, જાંબુઘોડા પોલીસ મથકમાં અરજદારે ભૂતો દ્વારા મારી નાખવાની ધમકી મળ્યા હોવાની અરજી આપવામાં આવી હોવાની વાત જાણીને સૌ કોઈને આશ્ચર્ય થવા પામ્યુ હતુ.

સમગ્ર મામલે પોલીસ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે પોલીસ મથકે કોઈપણ અરજદાર દ્વારા આપવામાં આવતી અરજીને સ્વીકારી અને તેની તટસ્થ તપાસ કરવી તે પોલીસની ફરજ બનતી હોય છે જેને લઈને અરજી સ્વીકારવામાં આવી હતી અને તે બાબતે તપાસ કરવામાં આવતા અરજદાર છેલ્લા 01 વર્ષ ઉપરાંતના સમયથી માનસિક રોગથી પીડાતા હોવાનું તેમના પરિજનો જણાવી રહ્યા છે તેમજ તે રોગ અંગેની સારવાર પણ હાલ ચાલી રહી હોવાનું જણાવી રહ્યા છે.પોલીસ દ્વારા સમગ્ર મામલે માનવતા દાખવીને અરજદારને યોગ્ય સારવાર મળી રહે તે અંગે માનસિક રોગના નિષ્ણાંત સાથે સંપર્ક કરી વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે.

# બોરસદ પાલિકાના 12 સભ્યોના કમિટીમાંથી સામૂહિક રાજીનામા

**વલ્લભવિદ્યાનગર**

બોરસદ પાલિકામાં ભાજપના સભ્યોમા વર્તમાન મહિલા પ્રમુખ આરતીબેન પટેલ સામે વ્યાપક અસંતોષ હોઈ વારંવાર નેતાઓને રજુઆત કરવા છતાં પરિણામ ન આવતા ૧૨ સભ્યોએ ડિસ્પેન્સરી, ટાઉન પ્લાનીંગ, ખેતી સુધારણા કમિટી,બાગ-બગીચા, સમાજ સુધારણા કમિટીના સભ્યપદેથી અચાનક રાજીનામા ધરી દેતા ભાજપનો ઉકળતો ચરૂ તરીને સપાટી ઉપર આવ્યો છે. જેને પગલે આગામી સમયમાં નેતૃત્વ પરિવર્તનનો પવન ફુંકાવાની શક્યતા સેવાઈ રહી છે. પાલિકામાં ૩૬ સભ્યોમાથી ૨૦ સભ્યો ભાજપના મેન્ડેડ ઉપરથી ચુંટાઇ આવ્યા છે. બહુમતી સભ્યોને વિશ્વાસમાં લીધા વિના મોવડીમંડળે પૂર્વ પ્રમુખ ડી.સી. પટેલના પત્નિ આરતીબેન પટેલને પ્રમુખપદે સત્તારૂઢ કરતાં જ રીતેષ પટેલ લીસી, ભૌમિક શાહ-બલ્લીના જુથે સખ્ત નારાજગી દર્શાવી છે.તેઓના જુથ પાસે ૧૭ સભ્યોની બહુમતી હોવાનો દાવો કરાયો છે. રાજીનામુ આપનાર સભ્યોમાં ભારતીબેન પરમાર, ભાવનાબેન રાઠોડ કિરણબેન પટેલ, જયમીની પટેલ, હીનાબેન ભોઈ, ભૌતિક શાહ (૭) રીતેષ પટેલ, દિપક પટેલ, દિપક રાણા, મહેશ ઠાકોર, પીનલબેન પટેલ મફતભાઈ સોલંકીનો સમાવેશ થાય છે.

# આણંદ શહેરમાં ગણેશ ચોકડી પાસે રૂપિયા 126 કરોડના ખર્ચે બ્રિજ બનશે

**આણંદ**

આણંદ શહેરમાં દિન પ્રતિદીન ટુવ્હીલર અને ફોરવ્હીલરની વધતી જતી સંખ્યાના કારણે ટ્રાફિકની સંસ્યા વિકટ બનતી જાય છે. ટ્રાફિક સમસ્યાના નિવારણ માટે ગણેશ ચોકડી ખાતે અમૂલ ડેરી અને આણંદ-સોજીત્રા માર્ગ ઉપર ૧૨૬ કરોડના ખર્ચે બ્રિજ નિર્માણ માટેની પ્રક્રિયા હાથ ધરાઈ છે. જયારે મહેસુલી ભવન, છાત્રાલય, સ્કૂલ અને રેલવે ટ્રેક વિદ્યાનગર જનતા ચોકડી, અડાસ રેલિયાણા, વડોદ-મોગર, રાવળાપુરા-લાંભવેલ ખાતે બ્રિજ નિર્માણની કામગીરી હાથ ધરવામા આવનાર છે. પ્રથમ તબક્કામાં તમામ કામો માટે ગણેશ બ્રિજ ઉપરાંત ૨૧૦ કરોડનુ બજેટ ફાળવવામા આવ્યુ છે.

# સ્વીટી હત્યા કેસ : ફોરેન્સિક તપાસ પર નિર્ભર પોલીસને રિપોર્ટ મળ્યા નથી

**વડોદરા**





કરજણની પ્રયોશા સોસાયટીમાં પીઆઈ અજય દેસાઈ દ્વારા પત્ની સ્વીટીની હત્યાના ચકચારભર્યા બનાવમાં પોલીસને હજી સુધી ફોરેન્સિક રિપોર્ટ નહી મળતા પોલીસ મૂંઝવણમાં મૂકાઈ છે. સ્વીટી ગુમ થયા બાદ અટાલી પાસેથી સળગી ગયેલા હાડકાના ટૂકડા મળ્યા હતાં. આ ટૂકડા માનવઅંગ હોવાનો એકમાત્ર રિપોર્ટ પોલીસને મળ્યો હતો. બાદમાં હાડકાના આધારે ડીએનએ ટેસ્ટ માટેના પ્રયત્નો હાથ ધરાયા હતાં પરંતુ આ ડીએનએ ટેસ્ટનો રિપોર્ટ પોલીસને પ્રાપ્ત થયો નથી. પોલીસે પીઆઈ અજય દેસાઈનો ગાંધીનગર એફએસએલમાં એસડીએસ ટેસ્ટ ચાર દિવસ સુધી કરાવ્યો હતો પરંતુ આ ટેસ્ટના રિપોર્ટ માટે પણ પોલીસ વલખા મારી રહી છે. ગાંધીનગર એફએસએલમાં જ પોલિગ્રાફ ટેસ્ટ પણ પીઆઈ દેસાઈનો કરાયો હતો આ ટેસ્ટનો રિપોર્ટ પણ હજી સુધી પોલીસને મળ્યો નથી. અમદાવાદ ક્રાઈમ બ્રાંચે પણ અટાલીથી કેટલાંક હાડકાના ટૂકડા શોધી કાઢ્યા હતાં જો કે આ હાડકા માનવના છે કે નહી તે અંગે પણ રિપોર્ટ મળ્યો નથી.

# સોજિત્રામાં આંગડીયા પેઢીના 59.84 લાખની લૂંટ કરનાર 3 ઝડપાયા

**આણંદ**

26મીએ પીપળાવ ગામની સીમમાંથી એક કાર લઈ પસાર થઈ રહેલ આંગડીયા પેઢીના ચાર કર્મચારીઓની કારને પાછળથી બે કારમાં આવી ચઢેલા અજાણ્યા શખ્શોએ આંતરી અટકાવી હતી. બાદમાં અજાણ્યા શખ્શોએ ડંડા વડે કાર ઉપર હુમલો કરી કારમાં સવાર કર્મચારીઓ ઉપર મરચાંની ભુક્કી નાંખી કારમાં મુકેલ અંદાજિત રૂા.૫૯.૮૪ લાખના હીરાના પડીકા તેમજ સોનાના દાગીનાના પડીકાની લૂંટ કરી હતી. આ કેસમાં આઠ આરોપીઓ સંડોવાયેલ હોવાનું ખુલવા પામ્યું હતું. પોલીસે ચાણસ્માના જ અન્ય બે શખ્શો વિક્રમજી ભવાનજી ઠાકોર અને ટીપ આપનાર નિકુલસિંહ રામસંગભાઈ સોલંકીને ઝડપી પાડયા હતા.

# લંડનના વિઝાના બહાને અમદાવાદના શખ્સ દ્વારા એક કરોડથી વધુની ઠગાઈ

**વડોદરા**

ડભોઈ રોડ પર કાન્હા હાઈટ્સમાં રહેતા અને ગણેશનગરમાં ફોરવ્હીલનું ગેરેજ ચલાવતા નિખિલ રાજપૂતે પાણીગેટ પોલીસ સ્ટેશનમાં ઠગાઈની ફરિયાદ નોંધાવી હતી. નિખિલને તેના મિત્ર સચિન રાયે અમદાવાદમાં રહેતા મૃગેશ પટેલ સાથે ભેટો કરાવ્યો હતો, જેમાં સચિને મૃગેશ લંડનના વિઝા અપાવવાનું કામ કરતો હોવાની ઓળખ નિખિલને આપી હતી. સાથે જ તે વિઝા અપાવી લંડનમાં નોકરી પણ અપાવે છે તેવી લાલચ આપી હતી. હાલમાં લંડનમાં પ્લાસ્ટિકની કંપનીમાં પ્રોડક્શન વિભાગમાં નોકરી ખાલી છે તેવી વાત બંનેએ નિખિલને કરી જેથી નિખિલ બંનેની વાતમાં આવી તેના અને તેની પત્નીના અને બે બાળકોના લંડનના વિઝા કઢાવી આપવાનું કામ મૃગેશને સોંપ્યું હતું. નિખિલે 3.50 લાખ રૂપિયા પ્રથમ વખત ટ્રાન્સફર કર્યા હતા. ત્યારબાદ સચિને કોરોના મહામારી ચાલતી હોવાથી લંડન જવું અત્યારે શક્ય નથી તેમ કહી નિખિલને ગોળ ગોળ ફેરવવાનું શરૂ કર્યું હતું. બાદમાં મૃગેશે નિખિલને ફોન કરી વડોદરાના દુમાડ ચોકડી પાસે ઊભો છે તેમ કહ્યું, સાથે જ નિખિલ પાસેથી મેડિકલ સર્ટિફિકેટ અને 50 હજાર રૂપિયાની માંગ કરી હતી. જેથી નિખિલે બીજી વખત પણ રૂપિયા ચૂકવ્યા અને કુલ 4.59 લાખ રૂપિયા તેને આરોપીઓને આપ્યા હતા. ત્યારબાદ સચિને મૃગેશ ક્યાં જતો રહ્યો હોવાનું કહી નિખિલને ગોળ ગોળ ફેરવવાનું શરૂ કર્યું હતું. ફરિયાદ બાદ થયેલી પોલીસ તપાસમાં બંને મહાઠગોએ અંદાજિત 1 કરોડની છેતરપિંડી લોકો સાથે કરી હોવાની માહિતી સામે આવી છે.

# વડોદરામાં બંગલાના માલિકને બંધક બનાવી 2.63 લાખની લૂંટ, કામવાળી ખેલાડી નીકળી

**વડોદરા**

કારેલીબાગ મેનરોડ પર આવેલી સોસાયટીમાં લૂંટારાઓએ બંગલામાં રહેતી મહિલાને બંધક બનાવી તેમજ હુમલો કરી પહેરેલા દાગીના તેમજ રોકડ રકમ મળી કુલ રૂ.૨.૬૩ લાખની લૂંટ કરી હતી. સોનાલી સોસાયટીના બંગલામાં રહેતા સ્વ.ડો.પ્રવિણ ગોરના પત્ની રંજનબેન આજે પરોઢિયે સાડા પાંચેક વાગે જાગ્યા ત્યારે કિચનની લાઈટ ચાલુ જોતાં તેમણે તેમનો પુત્ર જયદિપ કિચનમાં હશે તેમ માની જયદિપને બૂમ પાડી હતી.એક લૂંટારાએ હોંકારો પણ દીધો હતો. પરંતુ ત્યારબાદ રંજનબેન દરવાજા પાસે જતાં જ લૂંટારાએ બારણાને ધક્કો મારી રંજનબેનને પાડી દીધા હતા.ત્યારબાદ તેણે મોંઢે ચાદર નાંખી દીધી હતી. રંજનબેન કાંઈ સમજે તે પહેલાં લૂંટારાએ 4 વીંટીઓ (દોઢ તોલા) તેમજ સોનાની ઘડિયાળ (બે તોલા), પાટલો અને બુટ્ટી કાઢી લીધા હતા.

આ દરમિયાન રંજનબેનનો પુત્ર જયદિપ ગોર જાગી જતાં તેણે બૂમરાણ મચાવી હતી. જેથી લૂંટારા ભાગ્યા હતા. સામે બંસલ મોલના સિક્યુરિટી ગાર્ડે આ દૃશ્ય જોતાં તેણે આકાશ સંજય રાવલ (કિશનવાડી, વુડાના મકાનમાં)ને ઝડપી પાડયો હતો. જ્યારે કારેલીબાગના પીઆઈ આર એ જાડેજાએ તેની પૂછપરછ કરી લૂંટનો પ્લાન બનાવનાર ૧૯ વર્ષીય કામવાળી ડિમ્પલ વસંત સોની હોવાનું બહાર આવ્યું હતું.

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ

Brampton (West )
519, Ray lawson boulevard , Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, Opposite Vegetables Market.
Phone 647-761-1317, 647-657-9631
------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM
: SAT-SUN : 1.00 PM to 6.00 PM

Scarborough
WE ARE RE-OPENING
880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex,
Phone 647-761-1317 647-657-9631 905-673-9631
------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM
FRIDAY CLOSED
: SAT-SUN : 11.00 AM to 6.00 PM

Mississauga
2960 Drew Road, Unit-158, Mississauga ON L4T 045 Great Punjab Plaza, Next to Malton Gurudwara.
: Phone : 905-673-9631 647-761-1317 647-657-9631
------: MON-FRI : ------ 9.30 AM to 8.00 PM

૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com



## વ્યસ્તતા વચ્ચે રૂદ્રમાં સામેલ થઇ રાશી

રાશી ખન્નાએ બોલીવૂડમાં ૨૦૧૩માં મદ્રાસ કાફે ફિલ્મથી શરૂઆત કરી હતી. તે હવે સાઉથની ફિલ્મોનું મોટુ નામ બની ગઇ છે. હવે પછી ચાહકો તેને અજય દેવગણની ડિજીટલ ડેબ્યુ સિરીઝ 'રૂદ્ર-ધ એજ ઓફ ડાર્કનેસ'માં જોઇ શકશે. રાશી આ શોને કારણે થોડી ચિંતીત હતી. રાશિ હાલમાં એટલી વ્યસ્ત છે કે તે સાઉથની ચાર ફિલ્મો અને શાહિદ કપૂર સાથેની રાજ અને ડીકેની એક વેબ-સિરીઝમાં પણ કામ કરી રહી છે.




## અમારી મીડિયા ટ્રાયલ ન કરશો, પ્લીઝ કાયદાને એનું કામ કરવા દો : શિલ્પા



પોર્ન કેસ બદલ રાજ કુંદ્રાની ધરપકડ અંગે શિલ્પા શેટ્ટીએ આખરે મૌન તોડતાં ઈન્સ્ટાગ્રામ ઉપર કહ્યું, હું કાયદો માનનાર ગૌરવશાળી ભારતીય નાગરિક છું, ૨૯ વર્ષથી સખત મહેનત કરનાર પ્રોફેશનલ છું, અમારી મીડિયા ટ્રાયલ ન કરશો, પ્લીઝ! કાયદાને કાયદાનું કામ કરવા દો. વધુમાં શિલ્પા શેટ્ટીએ તેના બાળકોને માટે તેમની પ્રાયવસીને માન આપવા અપીલ કરી હતી. બીજી તરફ બોમ્બે હાઈકોર્ટે રાજ કુંદ્રાના જામીન અરજીને ૭ ઓગસ્ટની મુદત આપી હતી અને ધરપકડને પડકારતી અરજીનો ચુકાદો રિઝર્વ રાખ્યો હતો. આ કેસમાં આગામી દિવસોમાં કાયદાકીય નવા વળાંકો જોવા મળશે તેવો પણ સૂત્રોમાં ગણગણાટ શરૂ થઈ ગયો છે. શિલ્પાએ કહ્યું હતું, એક માતા સ્વરૂપે કહું છું, અમારા બાળકોને ખાતર અમારી પ્રાયવસીને માન આપો, અધકચરી વિગતોની ખરાઈ કર્યા વગર કોમેન્ટ્સ ન કરશો. સમય આવ્યે સત્ય બહાર આવશે.

## હની સિંહ પર પત્નીએ મૂક્યો મારપીટનો આરોપ



પ્રખ્યાત રેપર 'યો યો હની સિંહ'ના ફેન્સ માટે એક ખરાબ સમાચાર સામે આવ્યા. હની સિંહ સામે ઘરેલુ હિંસાનો કેસ નોંધવામાં આવ્યો છે. તેની પત્ની દ્વારા હની સિંહ પર ગંભીર આરોપો લગાવવામાં આવ્યા છે. આ દરમિયાન તેની પત્નીએ તેની દર્દભરી કહાની પણ સંભળાવી. હની સિંહે લગ્ન બાદ જ તેની પત્ની શાલિની તલવાર સાથે ગેરવર્તન કરવાનું શરૂ કર્યું હતું. શાલિનીએ 2 મહિના પહેલા સોશિયલ મીડિયા પર પોતાની પીડા વ્યક્ત કરવાનું શરૂ કર્યું હતું. હની સિંહની પત્ની શાલિની તલવારે છેલ્લા બે મહિનામાં એક -બે નહીં પરંતુ ચાર સોશિયલ મીડિયા પોસ્ટ શેર કરી અને લોકોમાં પોતાની પીડા વ્યક્ત કરી. તેણે દબાયેલા અક્ષરોમાં તેના પતિ હની સિંહના અત્યાચારની સંપૂર્ણ વાર્તા વર્ણવવાનો પ્રયાસ કર્યો. તેમણે 30 મે 2021ના રોજ પ્રથમ પોસ્ટ કરી છે. આ પોસ્ટમાં, એક લેખકનો મુદ્દો પુનરાવર્તિત કરવામાં આવી છે, જેમાં લખ્યું છે કે, 'ઈમોશન શોષણ વ્યક્તિની ઓળખનો નાશ કરે છે. આ તેમની મનોવૈજ્ઞાનિક અને ભાવનાત્મક વિચારસરણી સાથે ખોટું છે. લોકો સતત આ પોસ્ટ્સ પર કોમેન્ટ કરી રહ્યા છે અને તેમની સમસ્યાઓ પૂછે છે. હની સિંહની પત્ની શાલિની તલવારે 24 જૂને બીજી પોસ્ટ મૂકી છે. આમાં, એક રડતી છોકરીની તસવીર છે, જેના પર લખ્યું છે, 'તે સહન કરે ત્યાં સુધી તે સંસ્કારી હતી, જ્યારે તે બોલી ત્યારે તે અસભ્ય બની ગઈ.'

## માઇક્રો બાયોલોજીસ્ટના રોલમાં દેખાશે ઉર્વશી



અભિનેત્રી ઉર્વશી રાઉતેલા તેની સુંદરતાને કારણે પણ સતત ચર્ચામાં રહે છે. તે હિન્દી ઉપરાંત સાઉથની ફિલ્મો પણ કરી રહી છે. હવે તે તમિલ ફિલ્મમાં જોવા મળવાની છે. આ માટે તેણે તમિલ ભાષા બોલતાં શીખી લીધી છે. તે કડકડાટ આ ભાષા બોલી શકે છે. હાલમાં જ ઇન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ કરીને તેણે કહ્યું હતું કે મારી પહેલી તલિમ ફિલ્મ છે જેમાં કામ કરવા માટે હું આતુર છું. આ ફિલ્મને એક કરતાં વધુ ભાષામાં રિલીઝ કરવામાં આવશે. તમિલ ઉપરાંત મલયાલમ, તેલુગુ, હિન્દી અને કન્નડ ભાષામાં આ ફિલ્મ આવશે. જેમાં હું માઇક્રોબાયોલોજિસ્ટની ભૂમિકા ભજવી રહી છું. ફિલ્મના શુટીંગ માટે તે રમણીય હિમાચલ પ્રદેશ ગઇ હતી. એ પછી ચેન્નઇમાં શુટીંગ થયું હતું. ઉર્વશી કહે છે આ મારા માટે જિંદગીની એક ખાસ ફિલ્મ બની રહેવાની છે.













હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા કલેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news
હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.

## તિબેટના એક ગ્લેશિયરના પેટાળમાંથી વૈજ્ઞાનિકોને 28 અજાણ્યા વાઇરસ મળી આવ્યા

# અજાણ્યા વાયરસોથી મોટી આફતનો ખતરો

દુનિયાના અનેક વિસ્તારમાં પથરાયેલા ગ્લેશિયરોની નીચે અનેક રહસ્યો ધરબાયેલા પડ્યાં છે. જેનો તાગ મેળવવા માટે સંશોધકો સતત મથામણ કરતા રહે છે. 2019માં ચીનના વુહાનથી ફેલાયેલો કોરોના વાયરસ આજે પણ દુનિયા માટે મોટી આફત છે. આવા સમયે ચીનના કબજા હેઠળ રહેલા તિબેટના પીગળી રહેલા એક ગ્લેશિયરના પેટાળમાંથી વૈજ્ઞાનિકોને ૨૮ પ્રકારના અજાણ્યા વાઈરસ મળી આવ્યા છે. કેટલાક સંશોધકોના મતે આ વાઈરસ ૧૫ હજાર વર્ષ જૂના છે. આ વાઈરસ અત્યંત કઠિન પરિસ્થિતિમાં પણ તેમનું અસ્તિત્વ ટકાવી શક્યા એ સૌથી મોટી અને આશ્ચર્ય પમાડે તેવી બાબત છે.આ રીતે અજાણ્યા વાઈરસ મળી આવવા એ ચિંતાની બાબત છે. કોરોના મહામારી સામે આજે પણ આખી દુનિયા ઝઝૂમી રહી છે. કોરોના સામે રક્ષણ આપવા માટે ઘણી વેક્સિન પણ બજારમાં આવી ચૂકી છે. પરંતુ કોરોના વાઈરસના નવા નવા વેરિએન્ટથી વેક્સિનની અસરકારકતા સામે સવાલ ઉભા થયા કરે છે.

જોકે વૈજ્ઞાનિકો ધરપત આપે છે કે કોરોનાની વેક્સિનો મ્યૂટેશન પામેલી વાઈરસની નવી સ્ટ્રેન સામે પણ રક્ષણ આપવા સક્ષમ છે. પરંતુ વેક્સિન કોરોના વાઈરસ સંપૂણ કાબુ કરી શકશે એ વિશે કાંઈ ગેરંટી આપી શકે એમ નથી. કારણ કે વાઈરસોનો ભયાનક ઈતિહાસ રહ્યો છે. જેમાં કોઈને કોઈ વાઈરસ મ્યૂટેટ થયા પછી પહેલા કરતા પણ વધારે શક્તિશાળી બનીને સામે આવે છે. કોરોના વાઈરસના નવા નવા વેરીઅન્ટે સાબિત કર્યું છે કે છેલ્લા થોડા દાયકાથી વાઈરસની ફોજ માનવજાત પર ત્રાટકવા તૈયાર બેઠી છે. માનવજાતના ઈતિહાસમાં આ પહેલી વખત નથી કે, કોઈ એક અદૃશ્ય વિષાણુ ત્રાટક્યો હોય અને આખી દુનિયાના નિયમો અને કાયદાઓને પલટાવી દીધા હોય. આ પહેલાં પણ કરોડો લોકોના જીવ લેનારા એકથી એક ભયાનક વાઈરસ અને બેકટેરિયા માનવજાત પર હુમલા કરી ચૂક્યાં છે. પરંતુ કોરોના વાઈરસ અને એના દ્વારા પેદા થયેલી કોવિડ-૧૯ નામની મહામારી અનેક રીતે સૌથી વધારે ખતરનાક ગણી શકાય એવી છે. મેડિકલ સાયન્સનો આ એ દોર છે જેમાં વૈજ્ઞાનિકો પાસે મોટાભાગની બીમારીઓના ઈલાજ છે અને સારવાર માટેની તમામ જરૂરિયાતો ઉપલબ્ધ છે. સંશોધકો દ્વારા એવા દાવા થાય છે કે, આજનું અત્યાધુનિક ચિકિત્સા વિજ્ઞાન જટિલથી જટિલ વિષાણુઓ અને જીવાણુઓની બનાવટ અને રચના જાણે છે અને તેનાથી બચાવના ઉપાયો શોધી શકે છે. પરંતુ કોરોના વાઈરસના જ બદલાયેલા સ્વરૂપો અને નવા નવા ફૂટી નીકળતા વાઈરસો



વિજ્ઞાનને પડકારી આપી છે.

સૌથી ચિંતાજનક બાબત એ છે કે, કોરોના વાઈરસમાં મ્યુટેશનના કારણે ઝડપથી થતા ફેરફાર છે જે એને નાથવા માટે શોધાઈ રહેલી દવાઓ, રસીઓ અને સારવારની પદ્ધતિઓ કારગત નીવડશે કે કેમ તેવો સવાલ ઉભો કરે છે. એટલું જ નહીં, વાઈરસના સ્વરૂપમાં થતા ફેરફારને કારણે કોરોનાની રસીઓ અને દવાઓ અસરહીન નીવડવાની આશંકા પેદા થઈ છે. કોરોના પર વિજય મેળવી ચુકેલા લોકોના લોહીમાં જે અન્ટીબોડી બન્યા હશે એ પણ વાઈરસના બદલાયેલા સ્વરુપ સામે અસરકારકતા ગુમાવી દે એવી શક્યતા છે. કોરોના વાઈરસે જ્યારથી માણસોને પોતાની ચપેટમાં લેવાના શરૂ કર્યા છે ત્યારથી ત્યાર સુધીમાં તેનામાં અનેક ફેરફાર થયા છે. જાણકારોના મતે મ્યુટેશન બાદ સામે આવતા નવા વિષાણુ કેટલા ખતરનાક હશે એનો અંદાજ લગાવવો મુશ્કેલ છે. ખુદ સંશોધકો અને તબીબો પણ તેના વિશે હજી સુધી કોઈ ચોક્કસ દાવો કરી શક્યા નથી.

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

વાઈરસના સતત થતા મ્યુટેશન અને જૂના વાઈરસના માથું ઉચકવાના અને નવા નવા વાઈરસના અચાનક હુમલા કરવાના બનાવો છેલ્લા ઘણાં દાયકાથી ચિકિત્સાજગત સમક્ષ રહસ્ય બની રહ્યાં છે. કોરોના વાઈરસ સામે દોઢ વર્ષ કરતા વધારે સમય ઝઝૂમ્યા બાદ જ્યારે તેની વેક્સિનો આવી છે એવા સમયે જ વાઈરસના સ્વરૂપ બદલાવા સંયોગ છે કે પછી કુદરતનો પ્રકોપ છે? તે વિશે પણ અવઢવ છે. આમ પણ કુદરતી સંસાધનોના અંધાધૂંધ દોહનના કારણે માનવી પોતે જ પોતાની ઘોર ખોદવા બેઠો છે. માનવી જે રીતે પ્રકૃત્તિનુ સત્યાનાશ વાળવા બેઠો છે એની સામે હવે કુદરત પોતે જ મનુષ્યો વિરુદ્ધ પોતાના પેંતરા અજમાવી રહી હોય એવું પ્રતીત થાય છે. એવું પણ બને કે જીવલેણ વાઈરસો અચાનક પ્રગટવા પાછળ એવું કોઈ પરિબળ હોય જેના પર સંશોધકોનું ધ્યાન ન ગયું હોય. તાજેતરમાં થયેલા કટલાંક સંશોધનોમાં બહાર આવ્યું છે કે કલાયમેટ ચેન્જના પરિણામે ધરતીના તાપમાનમાં થઈ રહેલા વધારાના કારણે વાઈરસને બહાર આવવાનો માર્ગ ખૂલી ગયો છે. હવે એક સંશોધનમાં જાણવા મળ્યું છે કે, તિબેટમાં ગ્લેશિયરો નીચે અનેક જીવલેણ વાઈરસ ધરબાયેલા પડ્યાં છે. અમેરિકાના વૈજ્ઞાનિકોની બે ટુકડીઓએ ૧૯૯૨ અને ૨૦૧૫માં કરેલા અભ્યાસના તારણો એવા છે કે, તિબેટના ગ્લેશિયરો નીચે પંદર હજાર વર્ષ જૂના વાઈરસ રહેલા છે. તિબેટના ગ્લેશિયરોમાં રહેલા બરફને આશરે પચાસ મીટર જેટલો ઉલેચ્યા બાદ ત્યાં ૩૩ જેટલી પ્રજાતિના વાઈરસ મળી આવ્યાં હતા. જેમાંના ૨૮ જાતના વાઈરસ તો એવા હતાં જેમના વિશે પહેલા કદી જાણવા મળ્યું નહોતું.

## પીગળી રહેલા ગ્લેશિયર નીચે ધરબાયેલા વાઈરસથી મોટી ખુંવારી થઈ શકે છે : મ્યુટેશન બાદ સામે નવા વિષાણુની ભયાનકતા વિશે અંદાજ લગાવવો મુશ્કેલ છે

આવા વાઈરસ ધરતીનું તાપમાન વધતા બરફ પીગળવાની સાથે સાથે આખી દુનિયામાં ફેલાઈ શકે છે અને અનેક બીમારીઓનું કારણ બની શકે છે. આ વાઈરસ પૃથ્વીની બહારના હોઈ શકે છે અને ઉલ્કાપીંડો દ્વારા ધરતી પર પહોંચ્યાં હશે. ધરતીની નીચે રહેલા વાઈરસ વિશે અલાસ્કામાં પણ એક બનાવ સામે આવ્યો હતો. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન માર્યા ગયેલા કેટલાક સૈનિકોના મૃતદેહ અલાસ્કામાં દફનાવવામાં આવ્યાં હતાં. આ મૃતદેહોની તપાસ કરતા બહાર આવ્યું કે તેમાં એક સદી પહેલા ભીષણ સ્પેનિશ ફ્લૂના અવશેષ મોજૂદ હતાં. એ જ રીતે સાઈબીરિયામાં દફન મૃતદેહોમાં બ્યુબોનિક પ્લેગ અને ઓરી જેવા રોગોના અવશેષો મળ્યાં હતાં. પૃથ્વી પરના ગ્લેશિયરોમાં બરફ નીચે તો અત્યંત પ્રાચીન સમયના વાઈરસ હોવાની આશંકા છે. અમેરિકન અવકાશ સંસ્થા નાસાના વૈજ્ઞાનિકોએ થોડા સમય પહેલા અલાસ્કાના બરફને ખૂંધો ત્યારે તેમને વૂલી મેમથના યુગના કાનોબેક્ટેરિયમ પ્લીસ્ટોકેનિયમ નામના બેકટેરિયા મળી આવ્યાં હતા. આ ઘટનાઓથી એટલું સ્પષ્ટ છે કે, અજાણા સ્થળોએ પણ ક્યારેક અચાનક કોઈ અજાણ્યા વાઈરસ કે બેકટેરિયા બહાર આવી શકે છે અને માનવ સમુદાયને સંકટમાં મૂકી શકે છે.

વર્ષ ૨૦૧૬માં રશિયાના સાઈબીરિયામાં એક ૧૨ વર્ષના છોકરાનું કોઈક રહસ્યમય બીમારીથી મૃત્યુ થયું અને આસપાસના આશરે ૨૦ જેટલા લોકો ગંભીર બીમારીનો ભોગ બન્યાં. બાદમાં જાણવા મળ્યું કે તેમને એન્થ્રેક્સનો ચેપ લાગ્યો હતો. લાંબી તપાસ બાદ સામે આવ્યું કે ૭૫ વર્ષ પહેલા એન્દ્રેક્સનો ભોગ બનીને મૃત્યુ પામેલા એક હરણનો મૃતદેહ બરફ નીચે દબાયેલો પડ્યો રહ્યો હતો. ૨૦૧૯ના ઉનાળા દરમિયાન બરફ પીગળ્યો અને તેમાંથી વહેતા પાણી સાથે એન્દ્રેકસના બેકટેરિયા પાસેના નદી નાળામાં ભળી જતાં લોકો સંક્રમિત બન્યાં. ક્લાયમેટ ચેન્જના કારણે થઈ રહેલા ગ્લોબલ વૉમિંગના પાપે ગ્લેશિયરો પીગળી રહ્યાં હોવાની કાગારોળ તો વૈજ્ઞાનિકો વર્ષોથી મચાવી રહ્યાં છે.

પરંતુ પીગળી રહેલા ગ્લેશિયર નીચે ધરબાયેલા અનેક જીવલેણ વાઈરસ, અને બેકટેરિયા સપાટી પર આવીને તરખાટ મચાવી શકે એ શક્યતા તરફ વૈજ્ઞાનિકોનું ધ્યાન ગયું નથી. ગ્લોબલ વૉમિંગને કારણે બરફ ઝડપથી પીગળતો રહ્યો અને તેમાં દબાયેલા વાઈરસ અને બેકટેરિયા બહાર આવીને માનવજાત પર હુમલો કરી દેશે તો ધરતી પરના કેટલા લોકોને બચાવી શકાશે એ કહેવું મુશ્કેલ છે.

SHARP INTERNATIONAL IMMIGRATION SERVICES

iccrc crcic

# CANADA IMMIGRATION

## Specialized in :

Job Offer & LMIA / Entrepreneur / Investor Business/ Self Employed / Farm Investor

- LMIA/WORK PERMIT
- EXPRESS ENTRY
- CANADIAN EXPERIENCE CLASS
- SUPER VISA & VISITOR VISA
- STUDY & WORK PERMIT
- Work / Study /Visitor Permit Extension
- PARENTS/CHILD/SPOUSAL SPONSORSHIP
- REFUGEES/APPEALS / DETENTION REVIEWS / CRIMINAL PARDONS
- POST GRADUATION WORK PERMIT
- CITIZENSHIP & PR CARD RENEWAL APPLICATIONS



**AMI MEHTA**
IMMIGRATION PRACTIONER

BUSINESS IMMIGRATION TO CANADA REQUIRES 3 CR NET WORTH/ 1.5 CR INVESTMENT/ BUSINESS OWNERSHIP/ MANAGEMENT EXP

REJECTION CASES SPECIALIST

ONLINE IELTS SPOKEN ENGLISH CLASSES ON ZOOM

**SUPER VISA INSURANCE / TRAVEL INSURANCE / PR 90 DAYS INSURANCE**

CANADA — 94- 499 MAIN STREET SOUTH, SHOPPERS WORLD MALL, BRAMPTON, ONT. PH : 416-745-2466, 905-230-7855

VADODARA — 101-102 Siddharth Complex, Beside Express Hotel, Alkapuri, Vadodara 390007. Ph : 91-94289 73911, 91-95121 57817

AHMEDABAD — 139 Iscon Emporio, Beside Star Bazaar Satellite Ahmedabad 380015. Ph : 91-94289 73911, 91-98256 79911

Email.: info@siis.ca Website.: www.siis.ca

# ભગવાન શિવજીને વ્હાલો શ્રાવણ માસનો સોમવાર, જળાભિષેકથી મળે જન્મોજન્મના પાપોમાંથી મુક્તિ

શ્રાવણ શબ્દ કાને પડતાં જ ત્રિવેણી સંગમની ઝાંખી નજર સમક્ષ ઊભી થાય છે. શ્રાવણ મહિનો એટલે શિવ, સરિતા અને લોકમેળો. એક સમયે બ્રહ્માંડમાં બ્રહ્મા અને શ્રી હરિ વિષ્ણુ એ ૐ કારથી સુશોભિત સ્વયંભૂ પ્રગટેલો પાંચ કળાવાળો, આડત્રીસ અક્ષરોવાળો મંત્ર જોયો એ પછી તુરત જ રૂદ્ર ગાયત્રીમંત્રને નિહાળ્યો. બંનેએ શિવ પાસે આ ઘટનાનું વર્ણન કર્યું.

દેવાધિદેવ મહાદેવે બ્રહ્મા અને વિષ્ણુને મૃત્યુંજય મંત્ર, પંચાક્ષર મંત્ર, ચિંતામણી મંત્ર, દક્ષિણામૂર્તિ મંત્રનું ગૂઢ રહસ્ય ઊજાગર કરીને વેદોનું જ્ઞાન આપ્યું. શ્રી હરિ વિષ્ણુએ વિશ્વકર્મા પાસે શ્રેષ્ઠ શિવલિંગનું નિર્માણ કરાવ્યું. આમ ભગવાન શિવને "આદ્યગુરુ "તરીકે સ્થાપિત કર્યા.


## પંચામૃતથી પુજા-અર્ચના કરવાની લાભ થાય

શિવપુરાણમાં ભગવાન શિવ કહે છે કે "શ્રાવણ માસમાં જે કોઈ મારો ભક્ત પંચામૃત વડે મારી પૂજા કરશે. તેની બધી મનોકામનાઓ પૂર્ણ થશે અને શિવલોકમાં વાસ થશે. "વળી શ્રાવણ મહિનામાં "શ્રવણ" નક્ષત્ર યુક્ત પૂર્ણિમા આવતી હોવાથી આ માસને "શ્રાવણ માસ" પણ કહેવાય છે.

ભોળા શંભુની ભક્તિ તો બારેય માસ કરી શકીએ, પણ શ્રાવણ માસમાં તેની મહત્તા વધુ છે. સમુદ્રમંથન વેળાએ નીકળેલા હળાહળ વિષને જનહિતાર્થે શિવજી પી ગયા, તે વિષ તેમના કંઠમાં સ્થિર થઈ ગયું. તેથી શિવનું "નીલકંઠ" નામ પડ્યું. આ વિષને કારણે તેમને અસહ્ય દાહ (ગરમી) થયો, જેથી તેઓએ તેમની જટામાં ગંગાજી અને મસ્તકે ચંદ્રને ધારણ કર્યા. કેમ કે, આ બેઉ સોમતત્વ છે. આ માસમાં સમગ્ર વાતાવરણમાં જળતત્વ પ્રચુર માત્રામાં જોવા મળે છે. ભગવાન શિવ ચંદ્ર(સોમ)ના આરાધ્ય દેવ છે. જેને કારણે મહાદેવને શ્રાવણનો સોમવાર અત્યાધિક વહાલો છે. તેથી શ્રાવણ માસમાં જે શિવનો જળથી અભિષેક કરે છે તે જનમોજન્મના પાપોથી મુક્ત થાય છે. શિવાલયમાં પ્રવેશ કરતી વખતે મનમાં શિવના પંચાક્ષરી મંત્ર" ૐ નમઃ શિવાય" નો નિરંતર જાપ ચાલુ રહેવો જોઈએ. શિવલિંગ પર અભિષેક કરતી વેળાએ "ૐ નમઃ શિવાય" તેમજ "ૐ ગં ગણપતએ નમઃ"અખંડ જાપ કરવાથી આકસ્મિક મૃત્યુ આવતું નથી.

**ડો. જ્યેન્દ્ર નાયક (અમદાવાદ)**

## દેવાધિદેવ મહાદેવના દર્શન કરીને તેમણે ધારણ કરેલા પ્રતિકો વિશેનું આધ્યાત્મિક મહત્ત્વ



**1. જટાઓઃ-** ભગવાન શિવને અંતરિક્ષના દેવ માનવામાં આવે છે. તેથી સમગ્ર આકાશ તેમની જટા છે. તે વાયુમંડળનું પ્રતિનિધિત્વ કરે છે.

**2. સોમ (ચંદ્ર):-** ચંદ્ર એ શિવના ભોળા અને નિર્મળ મનનું પ્રતીક ગણાય છે. પ્રભુનો વિવેક હમેશાં જાગૃત રહે છે.

**3. નેત્રઃ-** ત્રિલોચન સત્વ, રજ, તમ તેમજ સ્વર્ગલોક, મૃત્યુલોક અને પાતાળલોકના પ્રતીક મનાય છે.

**4. સર્પઃ-** સર્પ જેવો ક્રૂર અને હિંસક જીવ પણ મહાકાળને વશ છે.

**5. ત્રિશૂળઃ-** સૃષ્ટિના માનવોના ભૌતિક, દૈવિક અને આધ્યાત્મિક એમ ત્રણ પ્રકારના પાપોનું સંહારક છે.

6. ડમરુઃ- નાદ બ્રહ્મનું પ્રતીક છે.

**7 વ્યાગ્રચર્મ :-** વાઘમાં હિંસક અને અહંકાર વૃત્તિ પ્રબળ છે. પણ શિવજીએ પોતાના પગ તળે હિંસા અને અહંકારને દાબ્યો છે.

**8. વૃષભ (પોઠીઓ):-** તેને 4 પગ છે. વૃષભ એટલે જ ધર્મ. પ્રભુ તેના પર સવારી કરે છે. શિવના હાથમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ છે.

# વિન્ડોઝ 365 કલાઉડ સર્વિસ લોન્ચ કરશે




અગાઉ માઈક્રોસોફ્ટે ઓફીસ 365 કલાઉડ બેઝ લોન્ચ કર્યું હતું. જે ઘણું લોકપ્રિય બન્યું છે. હવે માઈક્રોસોફ્ટ વિન્ડોઝ 365 પ્રોડક્ટ લોન્ચ કરશે. જેમાં યુઝર્સ પોતાના વિન્ડોઝ ને દુનિયાના કોઈપણ સ્થાનેથી રીમોટ કોમ્પ્યુટરની જેમ સપોર્ટેડ વેબ બ્રાઉઝરની મદદથી કલાઉડ કોમ્પ્યુટર તરીકે એક્સેસ કરી શકશે. જેમાં વિન્ડોઝ 10 અને વિન્ડોઝ 11 એમ બંને ઓપરેટીંગ સીસ્ટમ ઉપલબ્ધ થશે.

માઈક્રોસોફ્ટે વિન્ડોઝ 365 ના બે વર્ઝન રજુ કર્યા જેમાં વિન્ડોઝ 365 બિઝનેસ અને વિન્ડોઝ 365 એન્ટરપ્રાઈઝ છે. અને તેનું સબ્સ્ક્રિપ્શન અને એક્સેસ માટે તમે માઈક્રોસોફ્ટની ઓફિસીયલ વેબસાઈટ પર જઈ ને પર્ચેસ/ખરીદી કરી શકો છો. કલાઉડ બેઝ ઓપરેટીંગ સીસ્ટમમાં નોર્મલ કોમ્પ્યુટરની જેમ વિન્ડોઝ એપ્લીકેશન, ડેટા અને સેટિંગ્સનો સમાવેશ કરવામાં આવ્યો છે. હાલમાં યુઝર્સને વિન્ડોઝ 10 ની જ સુવિધા મળશે. આ વર્ષના અંત સુધીમાં વિન્ડોઝ 11 સંપૂર્ણ પણે રીલીઝ થયા પછી તેને એક્સેસ કરી શકાશે.


વિન્ડોઝ 365 બિઝનેસ અને એન્ટરપ્રાઈઝમાં વધુમાં વધુ 8 કોર CPU, 32 જીબી રેમ અને 512 જીબી ઈન્ટરનલ સ્ટોરેજ ઉપલબ્ધ થશે. જેમાં યુઝર્સ માઈક્રોસોફ્ટ ઓફીસ 365, માઈક્રોસોફ્ટ ડાયનેમિક્સ 365, માઈક્રોસોફ્ટ પાવર પ્લેટફોર્મ જેવી સુવિધાનો લાભ લઈ શકશે. યુઝર્સને 24X7 નો સપોર્ટ પણ મળશે. જેથી યુઝર્સને મુશ્કેલી ન પડે.

દરેક યુઝર્સ માટે સબ્સ્ક્રિપ્શન પ્લાન માસિક 20 ડોલર (1, 500 રૂપિયા) થી શરુ થઈ 158 ડોલર (11, 700 રૂપિયા) સુધી ઉપલબ્ધ થઈ શકે છે. વિન્ડોઝ 365 Microsoft Edge, Google Chrome, Firefox, Apple Safari, Opera, અને Vivaldi જેવા વેબ બ્રાઉઝર્સ સાથે ઉપયોગમાં લઈ શકાશે. પરતું માઈક્રોસોફ્ટે વિન્ડોઝ 365 ની સિક્યુરીટી વિષે હાલમાં કોઈ ચર્ચા કરી નથી કે જાણકારી આપી નથી.

@beinghumanmj

# મીઠાની મદદથી આ રીતે દૂર કરો જિદ્દી બ્લેક હેડ્સ, જાણો સારવાર

બ્લેકહેડ્સ એ છોકરીઓની ત્વચાની સામાન્ય સમસ્યા છે. નાક અને દાઢી પર બ્લેકહેડ્સ અને વ્હાઈટહેડ્સ ખરાબ દેખાય છે અને ત્વચાને નિસ્તેજ બનાવે છે. આ બ્લેકહેડ્સ મોંઘા ઉત્પાદનો, ક્રિમ અને ઘરેલું ઉપાયનો ઉપયોગ કર્યા પછી ખરાબ લાગે છે. પરંતુ, આજે અમે તમને એક એવો ઉપાય જણાવીશું, જે તમારી સમસ્યાને કાયમ માટે હલ કરશે અને તમારે બ્રાન્ડેડ પ્રોડક્ટ્સ અને બ્યુટી પાર્લરમાં પણ જવું પડશે નહીં.



## બ્લેકહેડ્સ કેમ થાય છે?

1. અતિશય સીબમ બનવાના કારણે, છિદ્રો બંધ થતા નથી. પ્રદૂષણના સતત સંપર્કમાં રહેવાને કારણે, તેઓ ગંદકી અને બેક્ટેરિયાથી ભરેલા હોય છે. આને લીધે ત્વચાને ઓક્સિજન પણ નથી મળતું અને બ્લેકહેડ્સ પણ થાય છે.

2. આ સિવાય બ્લેકહેડ્સ અને વ્હાઈટહેડ્સ પણ હોર્મોનલ પરિવર્તન, કોસ્મેટિક પ્રોડક્ટ્સ, ખોટી રીતે સ્કિન કેર, તાણને લીધે બહાર આવે છે.

## મીઠું અને ટૂથપેસ્ટ ઉપચાર

ટૂથપેસ્ટમાં રહેલા મિંટ અને બળતરા એન્ટી-ઈંફ્લેમેટ્રી છિદ્રો ખોલીને બેક્ટેરિયાને મારી નાખે છે. આ બ્લેકહેડ્સની સમસ્યાને દૂર કરે છે. તે મૃત ત્વચાને દૂર કરવામાં અને રંગને સુધારવામાં પણ મદદ કરે છે.

## આનો ઉપયોગ કરો

1. સૌ પ્રથમ, પાણી ગરમ કરો અને તેમાં પલાળીને રૂને નીચવી લો. તેને અસરગ્રસ્ત વિસ્તારમાં લગાવો, એટલે કે વરાળ આપો. ઓછામાં ઓછા 5 સેકંડ માટે કાપડને જગ્યાએ રાખો. ઓછામાં ઓછું 3 વખત આ કરો.

2. 1 ચમચી ટૂથપેસ્ટ, એક ચપટી મીઠું સારી રીતે મિક્સ કરો. જેને 5-7 મિનિટ માટે વરાળ લો. આ બ્લેકહેડ્સને નરમ બનાવશે અને બહાર લાવશે. આ પછી બ્લેકહેડ્સ પર પેસ્ટ લગાવો અને તેને 5 મિનિટ માટે મૂકો.

3. આ પછી, નવશેકા પાણીમાં ટૂથબ્રશ બોળીને હળવા હાથથી નાક પર મસાજ કરો. તે પછી તાજા પાણીથી પેક સાફ કરો.

4. હવે કપડામાં બરફ લપેટીને નાક પર શેક કરો. આ ખુલ્લા અને સાફ છિદ્રોને બંધ કરશે.

5. તે મોઈશ્ચરાઈઝ કરો.

# દરવર્ષે કેન્સરના નવા કેસ સામે 54%થી વધુ દર્દીનાં મોત

**ગાંધીનગર**

ગુજરાતમાં ૭૦ વર્ષથી દારૂબંધી છે. ચાર વર્ષ અગાઉ ગુજરાત સરકારે નશાબંધીના કાયદો વધુ કડક કર્યો છે. જો કે, એ ચારમાંથી ત્રણ વર્ષથી દરવર્ષે રાજ્યમાં કેન્સરના નવા નોંધાતા કેસની સામે ૫૪ ટકાથી વધુ દર્દીઓના મૃત્યુ થઈ રહ્યા છે. ગુજરાતની આવતીકાલ માટે અત્યંત ચિંતાજનક હકિકતનો ચિતાર ભારત સરકારના સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે મંગળવારે જાહેર કર્યો છે.

ભારતમાં જે રાજ્યોમાં દારૂબંધી નથી, છૂટથી દારૂ મળે અને પિરસાય છે તેના કરતા પણ ગુજરાતમાં કેન્સરની ખરાબ સ્થિતિ છે. સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના અહેવાલ મુજબ વર્ષ ૨૦૧૮થી ૨૦૨૦ સુધીના ત્રણ વર્ષમાં ગુજરાતમાં કેન્સરના ૨,૦૩,૫૭૦ નવા કેસ નોંધાયા હતા. જેમાંથી ૧,૧૧,૯૩૩ના મોત થયા છે. જે નવા કેસોના પ્રમાણમાં ૫૪.૯૮ ટકા થવા જાય છે.

| વર્ષ | નવા કેસ | કેન્સરથી મૃત્યુ | મૃત્યુનું પ્રમાણ |
|---|---|---|---|
| ૨૦૧૮ | ૬૬,૦૬૯ | ૩૬,૩૨૫ | ૫૫.૦૩ % |
| ૨૦૧૯ | ૬૭,૮૪૧ | ૩૭,૩૦૦ | ૫૪.૯૮ % |
| ૨૦૨૦ | ૬૯,૬૬૦ | ૩૮,૩૦૮ | ૫૪.૯૯ % |
| **કુલ** | **૨,૦૩,૫૭૦** | **૧,૧૧,૯૩૩** | **૫૪.૯૮ %** |

**ગુજરાતમાં સૌથી વધુ મોંઢાના કેન્સરના દર્દીઓ છે**

તમાકુના વ્યસન તેમજ બદલાયેલી આહારશૈલીને કારણે ગુજરાતમાં સૌથી વધુ મોંઢાના કેન્સરના દર્દીઓ છે. કેન્સરથી પિડાતા ૧૦૦ પુરુષો દર્દીઓમાં ૨૨ને મોંઢાના ભાગે કેન્સર હોય છે. જ્યારે જીભના કેન્સરના દર્દીઓની સંખ્યા ૧૧ ટકા આસપાસ રહે છે. મહિલાઓમાં સ્તન કેન્સરનું પ્રમાણ ઊંચું છે. ૨૧.૫ ટકાને સ્તન અને ૧૪.૨૩ ટકાને ગર્ભાશયમાં કેન્સર હોય છે. મહિલાઓમાં મોંઢાના કેન્સરનું પ્રમાણ આઠ ટકા અને જીભના કેન્સરનું પ્રમાણ પાંચ ટકા આસપાસ છે.

કેન્સરની ભયાવહ અને અત્યંત ખર્ચાળ બીમારીમાં ચાલુ વર્ષે ૨૦૨૧માં જ અત્યાર સુધીના ૬-૭ મહિનામાં જ ૭૧,૫૦૭ નવા કેસ નોંધાયા છે. માર્ચ- ૨૦૨૦ પછી કોવિડ-૧૯ની વૈશ્વિક મહામારી વચ્ચે પણ ગુજરાતમાં કેન્સરના કેસ ઝડપથી ડિટેક્ટ થયા છે. કારણ કે, વર્ષ ૨૦૧૯માં અગાઉના વર્ષ કરતા ગુજરાતમાં ૧,૭૭૨ કેસ વધ્યા હતા. વર્ષ ૨૦૨૦માં ૧,૮૧૯ અને ૨૦૨૧ના ૬ મહિનામાં ૧,૮૪૭ કેસ વધ્યા છે.

આથી, નવા કેસ ડિટેક્ટ થવાની સાથે કેન્સરગ્રસ્ત દર્દીઓ ઉપર કોરોનાનું જોખમ વધતા મૃત્યુના પ્રમાણમાં ઉછાળો નોંધાયો છે. અત્રે ઉલ્લેખ કરવો અનિવાર્ય છે કે, ભારતમાં કેન્સરના દર્દીઓની સંખ્યાની દૃષ્ટિએ ગુજરાત ૧૦મા ક્રમે છે.

# લોકડાઉનથી નશાખોરની સંખ્યા વધી, 19.53 લાખ લોકો વ્યસની બની ગયા

**અમદાવાદ**

ગુજરાતમાં વર્ષોથી જ નશાબંધીનો કાયદો અમલી છે. આમ છતાં ચોરીછુપીથી પીવાતા દારુની કિંમત કરોડો રુપિયામાં જાય છે. દર વર્ષે રાજ્યમાં પોલીસ જે દારુ પકડે છે તેના આંકડા વિધાનસભામાં રજૂ થાય ત્યારે તે કરોડોમાં હોય છે. એટલે એટલું સ્પષ્ટ છે કે, આખા રાજ્યમાં દારુ પર પ્રતિબંધ હોવા છતાં તેને પીનારા લોકોની સંખ્યા લાખો છે. સુરતમાં નશામુક્તિ કેન્દ્રો અને મનોચિકિત્સકોના મતે ડ્રગ્સ અને અન્ય માદક દ્રવ્યોના સેવન માટે ઓપીડીમાં 2019-20ની સરખામણીમાં 2020-2021માં બે ગણો વધારો થયો છે. સામાજિક ન્યાય અને સશક્તિકરણના મંત્રી નારાયણસ્વામી દ્વારા રજૂ રાજ્યસભામાં હાલમાં આ અંગે રજૂ થયેલા અહેવાલમાં દર્શાવાયું હતુ કે, ગુજરાતની લગભગ 4.3 ટકા વસ્તી એટલે કે આશરે 19.53 લાખ લોકો દારૂના વ્યસની છે. આ આંકડો માટે AIIMSનો નેશનલ ડ્રગ યૂઝ સર્વે આધાર ગણવામાં આવ્યો છે. અહેવાલમાં ગુજરાતમાં રાજ્યમાં 4.3 ટકા લોકો દારૂ પર નિર્ભર હતા, જયારે રાજસ્થાનમા આ આંકડો 2.3%, બિહારમાં 1% અને જમ્મુ-કાશ્મીરમાં 4% કરતા પણ વધુ છે. ગુજરાતની 1.46 ટકા વસ્તી (6.64 લાખ) અફિણની, 1.38 ટકા (6.28 લાખ) સિડટિવના, 0.8 ટકા (3.64 લાખ) ગાંજાની આદી છે.

**નારાયણસ્વામી દ્વારા અહેવાલ રજૂ કરાયો**

# ગુજરાતમાં કુદરતી હોનારતોનો કહેર, સાડા ત્રણ વર્ષમાં 549 લોકોનાં મોત

ગાંધીનગર : ગુજરાતમાં વર્ષ ૨૦૨૦-૨૧માં ભારે વરસાદ, પૂર-વાવાઝોડા સહિતની કુદરતી હોનારતના કારણે ૨૧૫ લોકોએ જીવ ગુમાવ્યા છે, કુદરતી હોનારતમાં મોત મામલે દેશમાં ગુજરાત બીજા ક્રમે છે, પશ્ચિમ બંગાળમાં આ વખતે સૌથી વધુ ૩૫૪ લોકોનાં મોત થયા છે. એકંદરે કુદરતી હોનારતમાં છેલ્લા ત્રણ વર્ષમાં ગુજરાતમાં ૪૮૨ લોકોનાં મોત થયાં છે, આ ઉપરાંત તૌકતેમાં વાવાઝોડામાં ગુજરાતમાં ૬૭ લોકોનાં મોત થયાં છે, આમ સાડા ત્રણ વર્ષ જેટલા સમય ગાળામાં ગુજરાતમાં ૫૪૯ લોકોનાં મોત થયાં છે, કેન્દ્ર સરકારના તાજેતરના ગૃહ વિભાગના બે અલગ અલગ રિપોર્ટમાં આ માહિતી સામે આવી છે.

કેન્દ્ર સરકારના ગૃહ વિભાગના લેટેસ્ટ રિપોર્ટ અનુસાર વર્ષ ૨૦૨૦-૨૧માં દેશમાં ૧,૯૮૯ લોકોનાં કુદરતી હોનારતમાં મોત થયાં છે, જે પૈકી ગુજરાત અને મહારાષ્ટ્રમાં ૨૧૫-૨૧૫ લોકોનાં મોત થયાં છે. ગુજરાતમાં વર્ષ ૨૦૧૮-૧૯માં ૭૨ અને ૨૦૧૯-૨૦માં ૧૯૫ લોકોનાં મોત થયાં હતા, છેલ્લા ત્રણ વર્ષમાં આ વખતે વધુ મોત છે. ગુજરાતને એસડીઆરએફ અંતર્ગત કેન્દ્ર સરકારના ફાળા પેટે ૫૨૯ કરોડ જેટલી રકમ પ્રથમ હસા સ્વરૂપે રિલીઝ કરાઈ હતી, ૨૭મી જુલાઈ ૨૦૨૧ સુધીની આ સ્થિતિ છે.

**તૌકતેને કારણે 1.49 લાખ હેક્ટર ખેતીને નુકસાન**

# 1,000 કરોડના બોગસ બિલિંગ કૌભાંડમાં મોહમ્મદ અબ્બાસ ઝડપાયો

**અમદાવાદ**

ભાવનગર, પ્રાન્તીજ સહિત ગુજરાતના જુદાં જુદાં વિસ્તારોમાં મળીને અંદાજે 48 જેટલી પેઢીઓ ઊભી કરીને જીએસટી રજિસ્ટ્રેશન મેળવી લઈને 1000 કરોડનું બોગસ બિલિંગનું કૌભાંડ આચરનાર અમદાવાદના સરખાજ વિસ્તારમાં રહેતા મોહમ્મદ અબ્બાસ રફીકઅલી મેઘાણી ભાવનગરથી પકડાયો હતો. મોહમ્મદઅબ્બાસ રફીક અલીએ જ બોગસ કંપનીઓ ઊભી કરીને તેમના નામે જીએસટી રજિસ્ટ્રેશન લીધા હતા. ત્યારબાદ તેમાં બીજી વ્યક્તિઓને સામેલ કરી હતી. ભાવનગર ખાતે અજાણી વ્યક્તિને ત્યાં સંતાઈને બેઠેલા મોહમ્મદ અબ્બાસી રફીકઅલી જે મકાનમાં સંતાયો હતો તે મકાનને ચોમેરથી ઘેરી લેવામાં આવ્યું હતું.

# ઊંઝાનો વેપારી હનીટ્રેપમાં ફસાયો યુવતીએ ખેલ કરી 58 લાખ પડાવ્યા

**પાટણ**

ઊંઝાના વેપારીનો આરોપ છે કે ડિમ્પલ પટેલ નામની યુવતી સાથે ટેલિફોનિક વાતચીત કરીને સંપર્ક કર્યો હતો, ત્યારબાદ તેને જુદા-જુદા સ્થળે બોલાવીને રૂપિયા પડાવવામાં આવતા હતા. હાલ તો વેપારીએ ડિમ્પલ પટેલ સહીત મૌલિક પટેલ, નટુજી ઠાકોર, સુજીત પટેલ, મહાદેવ ચૌધરી, અંકિત પટેલ અને સંદીપ પટેલ સામે ઊંઝા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. જેમાંથી મહેસાણા SOGએ 7 આરોપીમાંથી 6 ઝડપાઈ ચૂક્યા છે. મહિલા આરોપી ડિમ્પલ હજુ ફરાર છે.

ઊંઝાનો વેપારી હનીટ્રેપમાં ફસાયો હોવાની ઘટના સામે આવતા ખળભળાટ મચી જવા પામ્યો છે. ઊંઝાના શાહ સંજીવ નામનો વેપારી હનીટ્રેપમાં વેતરાયો છે, જેની પાસેથી રૂપિયા 58.50 લાખ આરોપી ટોળકીએ પડાવ્યા છે. આ ઘટનાની માસ્ટર માઈન્ડ કહી શકાય તેવી ડિમ્પલ પટેલ નામની યુવતીએ વેપારીને અલગ અલગ સ્થળે બોલાવી રૂપિયા પડાવ્યા છે. યુવતીએ ટેલિફોનિક વાતચીત કરી હનીટ્રેપમાં ફસાવ્યો છે. જેના વિરુદ્ધ ફરિયાદ નોંધવામાં આવી છે તેમાં મૌલિક પટેલ, નટુજી ઠાકોર, સુજીત પટેલ, મહાદેવ ચૌધરી, અંકિત પટેલ, સંદીપ પટેલ અને ડિમ્પલ પટેલ સામે ફરીયાદ નોંધાઈ છે.

# રાજ્યમાં વડોદરા અને અમદાવાદમાં કૂવાઓના ભૂગર્ભજળની સ્થિતિ ગંભીર

**વડોદરા**

રાજ્યસભામાં રજૂ કરવામાં આવેલા આંકડાઓ મુજબ રાજ્યના ચાર મહાનગરોમાં ભૂગર્ભ જળના સ્તર ઊંડા જઈ રહ્યા છે.ખાસ કરીને વડોદરા અને અમદાવાદની સ્થિતિ ગંભીર છે. તાજેતરમાં જ રાજ્યસભામાં રજૂ કરવામાં આવેલા ભૂગર્ભ જળ સંદર્ભે રાજ્યના ચાર મહાનગરોના આંકડાઓ ચોંકાવનારા છે. સેન્ટ્રલ ગ્રાઉન્ડ વોટર બોર્ડ દ્વારા અમદાવાદ, વડોદરા,સુરત અને રાજકોટના કૂવા-બોરવેલનો સર્વે કરવામાં આવ્યો હતો. આ સર્વેમાં એવુ જાણવા મળ્યુ કે અમદાવાદમાં કૂવાઓનુ જળસ્તર ૨૨૦ ફૂટ સુધી એટલે કે ૬૭ મીટર સુધી ઊંડુ ગયુ છે. તો વડોદરાના કૂવાઓમાં જળસ્તર ૧૨.૩ મીટર એટલે કે ૪૦.૩૫ ફૂટ ઊંડા છે.

# રાજ્યમાં રોગચાળાનો ભય: ગાંધીનગર મનપાની ચૂંટણી ચોમાસા બાદ યોજાશે

## ચૂંટણી આયોગે ચૂંટણીઓ યોજવા નન્નો ભણ્યો

અમદાવાદ : કોરોનાને લીધે ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણી સ્થગિત રાખવામાં આવી હતી. ફરી એકવાર રાજ્ય ચૂંટણી આયોગે ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી યોજવા સ્પષ્ટ નન્નો ભણ્યો છે. રાજ્ય ચૂંટણી આયોગે સત્તાવાર રીતે જણાવ્યુ છેકે, ચોમાસાને કારણે મેલેરિયા સહિતના ઋતુજન્ય રોગચાળાની ભીતિ છે જેના કારણે મતદારો જ નહીં, ચૂંટણી કર્મચારીઓ ઉપરાંત પોલીસના આરોગ્ય સાથે જોખમ ખેડી શકાય નહીં. આ ઉપરાંત ચોમાસામાં ભારે વરસાદની પણ શક્યતા છે જેના કારણે પુરથી સ્થિતિ સર્જાય તો મહેસૂલ વિભાગના કર્મચારીઓને કામે લાગવુ પડે. આ સ્થિતિમાં કર્મચારીઓને ચૂંટણીના કામે લઈ શકાય નહી. સાથે સાથે કોરોના સામે ઝીંક ઝિલવા રાજ્ય સરકાર પૂરજોશમાં રસીકરણ અભિયાન ચલાવી રહી છે જેના કારણે આરોગ્ય કર્મચારીઓ પણ લક્ષ્યાંક સાથે કામગીરી બજાવી રહ્યા છે.

## ભાજપમાં ટિકિટ ફાળવણીમાં ભીખુ દલસાણિયાની બાદબાકી

અમદાવાદ: વિધાનસભા ચૂંટણીઓ સહિત તમામ ચૂંટણીઓમાં ભાજપમાં ટીકિટ ફાળવણી, પાલિકા-પંચાયતોમાં મેયર- પ્રમુખ સહિતના પદાધિકારીઓની નિમણૂંકોમાં ભીખુ દલસાણિયાની ભૂમિકા રહેશે નહી. ભાજપમાં દોઢ દાયકાથી સંગઠન મહામંત્રી હોવાથી પાર્લામેન્ટરી બોર્ડમાં તેમનો દબદબો રહેતો. જો કે, હાઈકમાન્ડે ગુજરાતમાં સંગઠન મહામંત્રીપદે મૂળ ઉત્તરપ્રદેશના રત્નાકરની નિયુક્તિ કરી દીધી છે.

# ગુજરાતમાંથી ભાજપને 45 કરોડ, કોંગ્રેસને 3.39 કરોડ ડોનેશન મળ્યું

**અમદાવાદ**

એસોસિયેશન ઓફ ડેમોક્રેટિક રિફોર્મ્સ- એડીઆર દ્વારા ચૂંટણી બોન્ડ ખરીદીને કોર્પોરેટ ગૃહો તથા અન્યો તરફથી રાજકીય પક્ષોને વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન અપાયેલા ચૂંટણી ભંડોળની લેટેસ્ટ વિગતો બહાર પાડી છે, જેમાં આ વર્ષ દરમિયાન ભાજપને રૂ. ૪૪.૮૩૫ કરોડ અને કોંગ્રેસને રૂ. ૩.૩૯૪ કરોડ મળીને કુલ ૪૮.૨૩ કરોડનું દાન મળ્યું હતું. પશ્ચિમ બંગાળની વિધાનસભા ચૂંટણીને લક્ષ્યમાં રાખી આ રકમ દાન રૂપે મેળવાઈ હોવાનું અનુમાન થઈ રહ્યું છે. ભાજપને જે ગુજરાતમાંથી રૂ. ૪૪.૮૪ કરોડનું ચૂંટણી ફંડ મળ્યું હતું, તે પૈકી રૂ. ૯.૭૫ કરોડના દાનની વિગતો મળી છે, જેમાં બબ્બે કરોડ કોરટેક ઈન્ટરનેશનલ પ્રાઈવેટ લિમિટેડ, તથા આરકેએસ ઈન્ફ્રાબિલ્ટ પ્રા.લિ., એક-એક કરોડ જ્યોતિ ઈન્ફ્રાટેક, દીપ ઈન્ડસ્ટ્રીઝ, કુણાલ સ્ટ્રક્ચર્સ તથા સિન્ટેક્સ લિમિટેડ, રૂ. ૭૫ લાખ નોવા ટેક્સ્ટાઈલ, રૂ. ૫૦ લાખ સ્વિંભમ સંકુલો બાંધનાર કંપની પીએસપી પ્રોજેક્ટ્સ લિમિટેડ તેમજ રૂ. ૫૦ લાખ શ્રીનિવાસ ઓર્ગેનાઈઝ તરફથી અપાયા છે.

# 'નારી ગૌરવ દિવસ'ના વિરોધમાં કોંગ્રેસનું પ્રદર્શન, અમિત ચાવડા-ધાનાણીની અટકાયત

### ગુજરાતમાં રોજ 2 હત્યા અને 4 બળાત્કારના કેસ નોંધાય છેઃ કોંગ્રેસે અરીસો બતાવ્યો

**અમદાવાદ**

ગુજરાતમાં રૂપાણી સરકારના 5 વર્ષ પૂરા થવા પર રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યાં છે, જે અંતર્ગત મંગળવારથી ભાજપ દ્વારા "નારી ગૌરવ દિવસ"ની ઉજવણી કરવામાં આવી રહી છે. ભાજપની ઉજવણીની સમાંતર આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ દ્વારા પણ સરકાર વિરોધી કાર્યક્રમ યોજાઈ રહ્યાં છે.

જેમાં મંગળવારે મુખ્યમંત્રીના હોમ ટાઉન રાજકોટમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ અમિત ચાવડાની આગેવાનીમાં કોંગ્રેસ દ્વારા મહિલા સુરક્ષા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજકોટમાં કોંગ્રેસના નેતાઓ અને મહિલા આગેવાનો દ્વારા મહિલા સુરક્ષાના નામે ભાજપ સરકાર પર જુઠાણા ફેલાવવાનો આરોપ લગાવવા ઉપરાંત સરકારના "નારી ગૌરવ દિવસ"ના વિરોધમાં સુત્રોચાર સાથે રેલી યોજી દેખાવો કરવામાં આવ્યા હતા. આ તકે કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ રાજ્યની રૂપાણી સરકાર પર સંગીન આક્ષેપ કરતાં જણાવ્યું કે, ગુજરાતમાં બેન-દીકરીઓ સલામત નથી. ભાજપ મહિલા દિવસની ઉજવણી કરી રહી છે, પણ રાજ્યમાં મહિલાઓ સુરક્ષિત નથી. ગુજરાતમાં રોજ 2 હત્યા અને 4 બળાત્કારના કેસ નોંધાય છે. રૂપાણી સરકાર મહિલાઓની સલામતીમાં નિષ્ફળ ગઈ છે. ગુજરાતમાં મહિલાઓને સમાન હક્ક નથી મળતો. ભાજપના નેતાઓ મહિલાઓ વિરુદ્ધ જાસૂસી કરે છે.

## આ ઉજવણી પાંચ વર્ષ પુરા થયા તેની નથી, પરંતુ સેવાકાર્યોની છે : રૂપાણી

**રાજકોટ**

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી તેમના 65માં જન્મદિવસની ઉજવણી હોમટાઉન રાજકોટમાં કરી હતી. અને સવારથી રાત્રિ સુધી વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપી હતી.

ન્યારી ડેમ ડાઉન સ્ટ્રીમ વિસ્તારમાં વૃક્ષારોપણના કાર્યક્રમમાં તેમણે જણાવ્યું કે સિમેન્ટ કોંક્રિટના જંગલો એવા શહેરોની વચ્ચે વૃક્ષોના જંગલો બનાવવા તે આજના સમયની માંગ છે, કોરોના કાળમાં લોકોને ઓક્સીજનનું મહત્વ સમજાયું છે. ભાવનગર રોડ પર તેમણે શરૂ કરેલા ગરીબ ભુલકાંઓના ઉત્થાન માટેના પૂજીત રૂપાણી ટ્રસ્ટની મુલાકાત લીધી હતી. કાલાવડ રોડથી વાગુદડ જતા રોડ પર સદ્ભાવના ટ્રસ્ટ દ્વારા મિયાવાંકી જાપાનીઝ પધ્ધતિથી 9000 ચો.મી.111 પ્રકારના 23475 વૃક્ષોનું વાવેતર કરાયું છે જ્યાં યોજાયેલા કાર્યક્રમમાં વૃક્ષ વાવીને મુખ્યમંત્રીએ હાલ ચોમાસુ ચાલી રહ્યુ છે ત્યારે રાજ્યમાં સઘન વૃક્ષારોપણ થાય તેના પર ભાર મુક્યો હતો. બપોરે યાજ્ઞિકરોડ પર ધર્મેન્દ્રસિંહજી કોલેજ પરિસરમાં સેવાસેતુનો છટ્ઠી શ્રેણીનો કાર્યક્રમ યોજાયો હતો જેમાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે તેમની સરકારને પાંચ વર્ષનો કાર્યકાળ પૂરો થઈ રહ્યો છે તેની હાલ કોઈ ઉજવણી નથી થતી પણ આ નિમિત્તે અમે વિવિધ સેવાકાર્યો ,પ્રકલ્પો કરી રહ્યા છીએ.

## અમદાવાદમાં પત્નીએ બીજા લગ્ન કરતાં કરપીણ હત્યા

અમદાવાદ : વટવા વિસ્તારમાં યુવતીના પૂર્વ પતિએ તેની હત્યા કરી છે. જેમાં વિંઝોલ ક્રોસિંગ પાસે આવેલી સુખ સાગર સોસાયટીમાં રહેતી હેમા મરાઠી નામની મહિલાને તેના જ પૂર્વ પતિ અજય ઠાકોરે ચપ્પુના 27 ઘા મારીને હત્યા કરી હોવાનું ખૂલ્યું છે. આ બાબતે યુવતીના હાલના પતિ મહેશ ઠાકોરે વટવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. હેમા મરાઠીએ થરા ગામમાં રહેતા અજય ઠાકોર સાથે અગાઉ લગ્ન કર્યા હતા અને દોઢ વર્ષ પહેલા તેને મહેશ ઠાકોર સાથે પ્રેમ થઈ જતાં તેણે પોતાના પતિ અજય ઠાકોરને છૂટાછેડા આપ્યા હતા.

# નારણપુરામાં 19 એકરમાં 584 કરોડના ખર્ચે બનશે ઈન્ટર. સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ, કેન્દ્રની મંજૂરી

### ફાળવેલી ગ્રાન્ટ કરતાં વધુ ખર્ચ રાજ્ય સરકાર, AMCએ ભોગવવાનો રહેશે

**અમદાવાદ**

નારણપુરામાં વરદાન ટાવર પાસે ૭૯,૫૦૦ ચો.મી. (૧૯.૬૫ એકર)માં નવા તૈયાર થનારા આંતરરાષ્ટ્રીય સ્તરના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ માટે ગ્રાન્ટ ફાળવવા કેન્દ્ર સરકારના નાણાં મંત્રાલયે કેટલીક શરતોને આધીન મંજૂરી આપી છે. અંદાજે ૫૮૪ કરોડના ખર્ચે નારણપુરામાં સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ બનાવાશે.

AMC દ્વારા આ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ આંતરરાષ્ટ્રીય સ્તરના વેન્યૂ તરીકે હોસ્ટ કરી શકાય તેમજ પ્રેક્ષકોને ટ્રાન્સપોર્ટેશનની સરળતાથી સુવિધા મળે તે હેતુસર આ પ્લોટની પસંદગી કરાઈ છે. આ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય કક્ષાની રમતોની સાથે સાથે પ્રાદેશિક રમતોને પણ પ્રોત્સાહન મળી શકે તે પ્રકારની ડિઝાઈન તૈયાર કરાઈ છે.

કેન્દ્રના નાણાં મંત્રાલયની શરતો મુજબ આ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ મિનિસ્ટ્રી ઓફ યુથ અફેર્સ એન્ડ સ્પોર્ટ્સ એન્ડ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના વપરાશ માટે નિઃશુલ્ક રાખવાનું રહેશે. આ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ વાપરવાનો ધી મિનિસ્ટ્રી ઓફ સ્પોર્ટ્સને પ્રથમ અધિકાર રહેશે. ગ્રાન્ટ ગુજરાત સરકાર મારફતે AMCને મળશે અને ગ્રાન્ટ ઉપરાંત જે કોઈ વધારાનો ખર્ચ થશે તે AMC અને રાજ્ય સરકારે ભોગવવાનો રહેશે.

AMC દ્વારા આ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં સેન્ટર ઓફ એક્સેલન્સ ચલાવવાનું રહેશે. પ્રથમ તબક્કાની ગ્રાન્ટ સબમિટ કરતાં પહેલાં AMCએ જરૂરી દરેક બાબતના ક્લિયરન્સ સર્ટિફિકેટ, પ્રોજેક્ટની જમીનનું પઝેશન મળેલું હોવું જોઈએ. કન્સ્ટ્રક્શન કોન્ટ્રાક્ટરને આપેલ લેટર ઓફ ઈન્ટેન્ટ/ વર્ક ઓર્ડરની નકલ સબમિટ કરવાની રહેશે.

## મહીસાગરમાં ભાજપના કારોબારી સભ્ય અને તેમની પત્નીની હત્યા

**ખેડા**

મહીસાગર જિલ્લામાં ભાજપના કારોબારી સભ્ય અને તેની પત્નીની હત્યા રાત્રીના સમયે અજાણ્યા ઈસમોએ કરી હતી.


મહીસાગર જિલ્લાના ભાજપના કારોબારી સભ્ય ત્રિભોવન પંચાલ લુણાવાડાના પાલ્લા ગામમાં પત્ની સાથે રહેતા હતા. કોઈ અજાણ્યા ઈસમોએ ત્રિભોવન પંચાલ અને તેમના પતિની પત્નીની તીક્ષ્ણ હથિયાર અને લોખંડના પાઈપ માથામાં મારીને હત્યા કરી નાંખી હતી. જ્યારે સવારના સમયે ગામના લોકોએ ભાજપના કારોબારી સભ્ય ત્રિભોવન પંચાલ અને તેમની પત્ની જશોદા પંચાલનો મૃતદેહ જોયો એટલે તાત્કાલિક પોલીસને માહિતી આપી હતી. તેથી પોલીસ કાફલો ઘટના સ્થળ પર પહોંચ્યો હતો. પોલીસે ઘટના સ્થળની તપાસ બાદ ત્રિભોવન પંચાલ અને જશોદા પંચાલના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડીને વધુ તપાસ શરૂ કરી છે. આ ઘટનાની જાણ ભાજપના ધારાસભ્ય જીગ્નેશ પંચાલને થતા તેઓ પણ ઘટના સ્થળ પર પહોંચ્યા હતા. પોલીસે ડબલ મર્ડર કેસમાં ડોગ સ્કવોર્ડ અને FSLની મદદ પણ લીધી છે.

## મેલેરિયા-ડેન્ગ્યૂનો આતંક, અમદાવાદમાં 1400 શંકાસ્પદ કેસ

અમદાવાદ : અમદાવાદ શહેરમાં પાણીજન્ય રોગચાળા બાદ મચ્છરજન્ય રોગચાળાએ માથું ઊંચક્યું છે. અમદાવાદ શહેરમાં જુલાઈ મહિનામાં અમદાવાદની સોલા, અસારવા સિવિલમાં 140થી વધારે કેસ મચ્છરજન્ય રોગચાળાના સામે આવ્યા છે. જેમાં મેલેરિયાના 88 અને ડેન્ગ્યુના 50 સહિત 1400થી વધારે શંકાસ્પદ કેસ મચ્છરજન્ય રોગચાળાના સામે આવ્યા છે. અમદાવાદમાં રોગચાળો માથું ઊંચકી રહ્યો છે. પાણીજન્ય રોગચાળા બાદ મચ્છરજન્ય રોગચાળાના કેસ વધ્યા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### હરિપ્રસાદ સ્વામીજીના અસ્થિ કળશને પ્રદેશોમાં ફેરવાશે, હરિભક્તો માટે કરાયું મોટું આયોજન



**નડિયાદ :** હરિપ્રસાદ સ્વામીજીના દિવ્ય વિગ્રહના અંતિમ સંસ્કાર બાદ બીજે દિવસે સવારે મંત્રોચ્ચાર સાથે અસ્થિનું એકત્રીકરણ કરવામાં આવ્યું હતું. શાસ્ત્રોક્ત વિધિ અનુસાર ક્ષીર પ્રક્ષાલન કરીને અસ્થિ અને ભસ્મના કુંભ તૈયાર કરવામાં આવ્યા છે. આ કુંભનું પૂજ્ય પ્રેમસ્વરૂપ સ્વામી, પૂજ્ય પ્રબોધ સ્વામી, પૂજ્ય ત્યાગવલ્લભસ્વામી, પૂજ્ય યજ્ઞવલ્લભસ્વામી સહિતના સંતોએ પૂજન કર્યું હતું. દેશવિદેશના પ્રતિનિધિ હરિભક્તોની ઉપસ્થિતિમાં અસ્થિકુંભની આરતી કરવામાં આવી હતી. આગામી દિવસોમાં પવિત્ર નદીઓમાં અસ્થિઓનું વિસર્જન કરવામાં આવશે. પરંતુ તે પહેલાં વડોદરા, અમદાવાદ, સુરત, રાજકોટ, વિદ્યાનગર, વલસાડ, ભરુચ, નેત્રંગ, જુનાગઢ, કરજણ સહિતના વિવિધ પ્રદેશો, શહેરો અને ગામોમાં અસ્થિકુંભ પહોંચશે. ત્યાં અસ્થિકુંભને દર્શન-પૂજન અર્થે રાખવામાં આવશે.

### કોંગી આગેવાન ભરતસિંહ સોલંકીએ મનીષા નામની મહિલાના ખાતામાં રૂ. ત્રણ લાખ ડોલર ટ્રાન્સફર કર્યા

**વડોદરા :** કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ગુજરાત કોંગ્રેસના પૂર્વ પ્રમુખ ભરતસિંહ માધવસિંહ સોલંકી અને તેમના પત્ની રેશ્મા વચ્ચેનો વિવાદ વધુ વકરી રહ્યો છે. રેશ્મા ભરતસિંહ સોલંકીએ એક જાહેર નોટિસ આપી છે જેમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે ભરતસિંહ સોલંકીએ મનીષા નામની મહિલા અને અન્ય કેટલા વ્યક્તિઓના ખાતામાં 3 લાખ ડોલર ટ્રાન્સફર કરી દીધા છે. રેશ્મા ભરતસિંહ સોલંકીએ જાહેર નોટિસમાં અનેક આક્ષેપો કર્યા છે. રેશ્માનો આક્ષેપ એવો છે કે માર અને ભરતસિંહના નામે ભારતમાં અને અમેરિકામાં અનેક મિલકતો આવેલી છે. પતિ ભરતસિંહ સાથે વિવાદ થયા બાદ બોરસદ ખાતેના ઘરમાંથી મને કાઢી મુકવામાં આવેલી અને જીવનું જોખમ હોવાથી હું અમેરિકા આવી ગઇ છુ.

### વડોદરાની આશાસ્પદ બ્રોન્ઝ મેડાલીસ્ટ નેશનલ પ્લેયરનું મોત, તંત્રના પાપે દેશે ખેલાડી ગુમાવી

**વડોદરાઃ** આજવા રોડ ખાતે યોગેશ્વર ટાઉનશીપમાં રહેતી 19 વર્ષીય સાક્ષી રાવલ જુડોની આશાસ્પદ ખેલાડી હતી. 19 વર્ષની ઉંમરે જ સાક્ષી રાવલે 2019માં ઝારખંડમાં યોજાયેલી નેશનલ લેવલની કરાટેની સુરાશ કોમ્પિટિશનમાં જુડોમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. થોડા દિવસો અગાઉ સાક્ષીને તાવ આવતા તેને નજીકની બે હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી. પરંતુ તેની તબિયત વધુ લથડતા એસ.એસ.જી હોસ્પિટલમાં ખસેડાઇ હતી, જ્યાં મગજ પર તાવ ચઢી જતા સાક્ષીનું મોત નીપજ્યું હતું. સાક્ષીને ડેન્ગ્યુના લક્ષણ હતા. પરંતુ ખાનગી હોસ્પિટલમાં ટાઈફોડની સારવાર કરવામાં આવી, તેથી ડોકટરોની નિષ્કાળજી અને ડેન્ગ્યુથી જીવ ગુમાવ્યો હોવાનો આરોપ પરિવાર દ્વારા કરાયો છે.

### બનાસકાંઠાના ધાનેરાના કુંડી ગામે એક જ પરિવારના 7ને ફૂડ પોઈઝનિંગ, 3ના મોત

**ધાનેરા :**બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકામાં આવેલા કુંડી ગામે 7 લોકોને ખોરાકી ઝેરની અસર થઈ હતી. જે પૈકી આજે 3 લોકોના મોત નીપજ્યાં હોવાની વિગતો સામે આવી છે. આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ, કુંડી ગામમાં 10 દિવસ અગાઉ ખોરાકમાં કંઈક આવી જતાં એક જ પરિવારના 7 લોકોને ફૂડપોઈઝનિંગની અસર થઈ હતી. જે બાદ તેઓને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર બાદ 3 લોકોના મોત નીપજ્યા છે, જ્યારે અન્ય 3ને ગંભીર હાલતમાં અમદાવાદની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પુરોહિત પરિવારના છગનલાલ, નવીનભાઈ તેમજ તેમની દીકરી દક્ષાનું મોત થતા સમગ્ર સમાજમાં શોકનો માહોલ જોવા મળ્યો હતો.

### અમદાવાદ-મુંબઇ વચ્ચે દોડનારી બુલેટ ટ્રેનને કોરોનાનું ગ્રહણ, પ્રોજેક્ટની સ્પીડ ધીમી પડી

**અમદાવાદ :** મુંબઇ અને અમદાવાદ વચ્ચે દોડનારી બુલેટ ટ્રેન પ્રોજેક્ટને કોરોનાનું ગ્રહણ લાગ્યુ છે. કોરોનાની મહામારીને કારણે બુલેટ ટ્રેન પ્રોજેક્ટ મંથરગતિએ ચાલી રહ્યો છે. કેન્દ્ર સરકારે લોકસભામાં આ વાતનો સ્વિકાર કર્યો છે. આ ઉપરાંત મહારાષ્ટ્રમાં જમીન સંપાદનની ધીમી પ્રક્રિયાને કારણે બુલેટ ટ્રેન પ્રોજેક્ટ વિલંબમાં પડયો છે. આ જોતાં વર્ષ ૨૦૨૩માં બુલેટ ટ્રેન પૂર્ણ થશે તેવી જાહેરાત કરાઇ હતી પણ હજુ બીજા ઘણાં વર્ષ લાગી શકે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડ્રીમ પ્રોજેક્ટ સમાન બુલેટ ટ્રેન માટે મહારાષ્ટ્રમાં ૨૪૭.૭૨ હેક્ટર જમીન સંપાદન કરવાની છે જયારે ગુજરાતમાં ૯૬૨.૧૭ હેક્ટર જમીન સંપાદન કરવામાં આવનાર છે.

# લોકો સ્વયંભૂ ઘરમાં જ રહ્યા : અમદાવાદમાં ‘જનતા કર્ફ્યુ’ જોઈ વિશ્વ ચકિત થઈ ગયું !

મહાગુજરાત ચળવળનો ઈતિહાસ અનેક પ્રકારની નાટયાત્મક ઘટનાઓથી ભરપૂર છે. તેમાં સભાઓ છે, સરઘસો છે, પથ્થરમારો છે, ગોળીબાર છે, લોહીના ફુવારા છે, ઉપવાસ છે, સમાંતર સભાઓ છે અને જનતા કર્ફ્યુ પણ છે. જનતા કર્ફ્યુ એક એવી ઘટના હતી જેની આખા વિશ્વએ નોંધ લીધી હતી. સામાન્ય રીતે તોફાનો ફાટી નીકળે ત્યારે પોલીસ કેટલાક વિસ્તારોમાં કર્ફ્યુ નાખી દે છે, પરંતુ મહાગુજરાતના આંદોલન વખતે અમદાવાદની જનતાએ પોતે જ કર્ફ્યુ પાળી સત્તાધીશોને સ્તબ્ધ કરી દીધા હતા.

વાત કાંઈક આમ હતી. મુસ્લિમ વિસ્તારોમાં મહાગુજરાતની ચળવળમાં ગુજરાતની પ્રજામાં નાતજાતના કે કોમના ભેદભાવ મટી ગયા હતા. કોંગ્રેસના સત્તાધીશોએ કરેલા ગોળીબારથી જે યુવાનો શહીદ થયા તે શહીદોના માનમાં શોક પ્રદર્શિત કરવા ગુજરાતનાં તમામ મોટાં શહેરોમાં તાજિયાનાં જુલુસ નહીં કાઢવા મુસ્લિમ ભાઈઓએ અસરકારક નિર્ણય કર્યો હતો. આ કારણે પ્રજાની એકતા મજબૂત બની. અમદાવાદ શહેરના મુસ્લિમ વિસ્તારોમાં જાહેરસભાઓ યોજાઈ. તા. ૧૮-૮-૧૯૫૬ના રોજ અમદાવાદના ઉદ્યોગપતિઓ અને મોટા મોટા શેઠિયાઓ કે જેઓ મોરારજી દેસાઈની શેહશરમમાં રહેતા હતા તેઓ પણ મોરારજી દેસાઈની શેહશરમ છોડી પ્રજાની લાગણીની સાથે આવી ગયા. રતનપોળ હાથીખાનામાં શહેરના વેપારીઓની એક મોટી સભા મળી. જેમાં શેઠ અમૃતલાલ હરગોવનદાસ બોલ્યા : ‘‘દ્વિભાષી રાજ્યનો વિરોધ કરનાર ગુંડાતત્ત્વો નથી પણ પ્રજાની લાગણી સમજવામાં નેતાઓએ જ મોટી થાપ ખાધી છે.’’ આ સભામાં માજી મેયર ચીનુભાઈ ચીમનલાલ, માજી. ડે. મેયર ચંદ્રકાંત ગાંધી, જયકૃષ્ણ હરિવલ્લભદાસ તેમજ વયોવૃદ્ધ સાકરવાલા બાલાભાઈએ પણ પ્રવચનો કર્યાં.




કોંગ્રેસના સત્તાધીશોએ કરેલા ગોળીબારથી જે યુવાનો શહીદ થયા, તે શહીદોના માનમાં શોક પ્રદર્શિત કરવા ગુજરાતનાં મોટાં શહેરોમાં તાજિયાનાં જુલુસ નહીં કાઢવા મુસ્લિમ ભાઈઓએ અસરકારક નિર્ણય કર્યો હતો.

જનતા કર્ફ્યુ

દરમિયાન એવી જાહેરાત થઈ કે, ૧૯-૮-૫૬ના રોજ અમદાવાદમાં પ્રદેશ કોંગ્રેસ સમિતિની સામાન્ય સભા કોંગ્રેસ ભવનમાં મળશે અને મુખ્ય પ્રધાન મોરારજીભાઈ દેસાઈ તે પછી સાંજના પાંચ વાગે લાલ દરવાજા મેદાનમાં દ્વિભાષી મુંબઈ રાજ્યની રચના અંગે સમજૂતી અથવા પ્રવચન કરશે. આ જાહેરાત થતાંની સાથે જ અમદાવાદ અને આખા ગુજરાતનું વાતાવરણ ગરમાગરમ થઈ ગયું. આંદોલનને ટેકો આપનારા બધા એકદમ સજાગ થઈ ગયા. તે સમયે કરસનદાસ પરમાર, બ્રહ્મકુમાર ભટ્ટ તેમજ લીલાધર ભટ્ટ, માર્તન્ડ શાસ્ત્રી વગેરે રતિલાલ ખુશાલદાસના બંગલે વિદ્યાર્થી સમિતિના સભ્યો સાથે અને પરસ્પર સહયોગથી અમદાવાદ શહેરમાં એક સજ્જડ છતાં શાંત રીતે પ્રતીકાત્મક કાર્યક્રમ આપવો એમ નક્કી થયું. જો લોકો બહાર નીકળશે અને મોરારજીભાઈની સભામાં પહોંચી જશે તો ભારે તોફાનો અને ગોળીબાર તેમજ રક્તપાત થશે તેથી તેમ થતું રોકવું જોઈએ. એ છતાં ખૂબ અસરકારક શાંત કાર્યક્રમ આપવો જોઈએ. ૧૯૪૨ની આઝાદીની લડતમાં આ સંગઠન અમદાવાદ શહેરમાં ધોળા દિવસે, દિવસો સુધી જનતા કર્ફ્યુનો કાર્યક્રમ આપતા હતા અને એ દરમિયાન નાગરિકો સ્વેચ્છાએ પોતાના ઘરની અંદર રહીને આઝાદીની લડતમાં સાથ આપતા હતા. ખાસ કરીને ખાડિયામાં તે બહુ જ અસરકારક થતું.

**મોરારજીભાઈને સભાના દિવસે**

તેથી બધાએ ભેગા મળીને નક્કી કર્યું કે, ૧૯મીની મોરારજીભાઈની સભાના દિવસે સવારથી જ સમગ્ર શહેરમાં જનતા કર્ફ્યુ જાહેર કરી દેવો અને કોઈ પોતાના ઘરની બહાર નીકળે નહીં અને સ્વયંભૂ કર્ફ્યુ પાળીને મોરારજીભાઈને શહેરની જબરદસ્ત એકતાના સંપૂર્ણ શાંત દર્શન કરાવવા. તે દિવસે પોતાના ધંધા-રોજગાર, નોકરી બધું જ બંધ રાખીને સભાનો સમય પૂરો થાય ત્યાં સુધી કોઈ બહાર નીકળે નહીં. આંદોલનના કાર્યકરો પણ જિતેન્દ્રભાઈ મહેતાના બંગલે મળ્યા અને તેમાં જુદા જુદા વૉર્ડના પક્ષના કાર્યકરોને ખાસ કર્ફ્યુના પાસ આપવાનું પણ નક્કી કર્યું. **(ક્રમશઃ આવતા અંકે)**

**દેવેન્દ્ર પટેલ**
સંપર્ક
+91 98792 07102

# પાલનહાર અલ્લાહે કુરાન મજીદમાં સમસ્ત માનવજાત માટે વર્ણન કરેલ પોતાની કાર્યશક્તિની અગણિત નિશાનીઓ થકી માનવજાત માટે બોધગ્રહણ

ભાગ-૧

જગતના દરેક ધર્મના ધર્મશાસ્ત્રોમાં આપવામાં આવેલ આદેશો માનવજાત માટે જ હોય છે, જેમાં તે ધર્મના અનુયાયીઓનો પણ સમાવેશ થઈ જાય છે.આ આદેશો-ફરમાનો-બોધવચનો જેને પરમેશ્વરની નિશાનીઓ પણ કહી શકાય, તેનો મુળભૂત ઉદ્દેશ માનવજાતના માર્ગદર્શન માટેનો તથા માનવજાતને બોધગ્રહણ કરવા માટેનો જ હોય છે.

મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદમાં પાલનહાર અલ્લાહે પોતાની કાર્યશક્તિની અસંખ્ય અને અગણિત નિશાનીઓનું વર્ણન કરેલ છે. કુરાન મજીદમાં એવા અસંખ્ય બોધવચનો છે, જેમાં પાલનહાર અલ્લાહે પોતાની કાર્યશક્તિની નિશાનીઓના વર્ણન કર્યા પછી તે બોધવચનોના અંતિમ ભાગમાં આ સર્વે નિશાનીઓ થકી કયા પ્રકારના માનવીઓએ બોધ ગ્રહણ કરવો જોઈએ તે વિષે જણાવેલ છે.

મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદના એકંદરે ૧૧૪ પ્રકરણો છે, જેને ‘‘સુરાહ’’ કહેવામાં આવે છે. દરેક પ્રકરણ (સુરાહ)માં પ્રકરણોની લંબાઈ અનુસાર વધારે કે ઓછા શ્લોકો છે, જેને ‘‘આયત’’ કહેવામાં આવે છે. ‘‘આયત’’ એ અરબી ભાષાનો શબ્દ છે અને તેનું ગુજરાતીમાં ભાષાંતર ‘‘નિશાની’’ થાય છે. તેનું બહુવચન ‘‘આયાત’’ થાય છે. જેનો અર્થ ‘‘નિશાનીઓ’’ થાય છે.

કુરાન મજીદમાં એકંદરે છ હજારથી પણ વધુ શ્લોકો-બોધવચનો આયતો-નિશાનીઓ છે, જેને સામાન્ય રીતે આદેશ અથવા બોધવચન તરીકે ગણવામાં આવે છે, કારણ કે પુરૂં કુરાન મજીદ સમસ્ત માનવજાતના માર્ગદર્શન અને બોધ ગ્રહણ કરવા માટે આદેશો એટલે કે બોધવચનોથી ભરેલું છે. આ અનુસાર કુરાન મજીદમાંના સર્વે શ્લોકો-આયતો-આદેશો-બોધવચનો પાલનહાર અલ્લાહની નિશાનીઓ સ્વરૂપે છે.



મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદના બોધવચનો પર આધારિત

ઈસ્લામની આરસી
કાસિમ અબ્બાસ

તે ઉપરાંત પાલનહાર અલ્લાહ કુરાન મજીદના અસંખ્ય વિશિષ્ટ શ્લોકો- આયતો-આદેશો-બોધવચનોમાં પોતાની કાર્યશક્તિની અસંખ્ય વિશિષ્ટ નિશાનીઓનું વર્ણન કરે છે. આ નિશાનીઓમાં જગતમાં ભૌતિક રીતે આપણે જોઈ શકીએ તેવી અસંખ્ય વસ્તુઓનું તથા બાબતોનું વર્ણન કરવામાં આવેલ છે અને જણાવવામાં આવેલ છે કે આ સર્વે વસ્તુઓમાં તથા બાબતોમાં પાલનહાર તથા સર્વશક્તિમાન અલ્લાહની કાર્યશક્તિ કામ કરી રહી છે અને આ કાર્યશક્તિની નિશાનીઓ થકી માનવજાત બોધગ્રહણ કરે. આ પ્રકારના વિશિષ્ટ શ્લોકો-આયતો-બોધવચનોના અંતિમ ભાગમાં જે પ્રકારના લોકો વિષે બોધગ્રહણ કરવા માટે કહેવામાં આવેલ છે, તે વિષેના અસંખ્ય બોધવચનો માંથી અમુક બોધવચનો નીચે આપવામાં આવે છે :-

‘‘અને આ એ(અલ્લાહ) જ છે, જેણે તમારા માટે તારાઓને ભુમિ અને સમુદ્રના અંધારાઓમાં રસ્તો શોધવા માટેના સાધનો બનાવ્યા. જુઓ અમોએ આ નિશાનીઓને-આયાતોને સ્પષ્ટતાપૂર્વક વર્ણવી દીધેલ છે એ લોકો માટે જેઓ જ્ઞાન ધરાવે છે. અને આ એ (અલ્લાહ) જ છે જેણે એક જીવ માંથી તમારૂં સર્જન કર્યું. પછી દરેકના માટે એક ચોક્કસ ઠેકાણું છે અને તેને સોંપી દેવા માટેનું એક સ્થાન છે. આ નિશાનીઓને - આયતોને અમોએ સ્પષ્ટ કરી દીધી છે એ લોકો માટે જેઓ સમજદારી ધરાવે છે. અને આ એ (અલ્લાહ) જ છે જેણે આકાશ માંથી પાણી વરસાવ્યું પછી તેના વડે દરેક પ્રકારની વનસ્પતિ ઉગાડી. પછી તેનાથી હરિયાળા ખેતરોનું તથા વૃક્ષોનું સર્જન કર્યું. પછી તેમાંથી પડ ઉપર પડ ચઢેલા દાણા કાઢ્યા તથા ખજૂરની ડાળીઓ માંથી ફળોના ઝુમખાઓનું સર્જન કર્યું, જે ભારથી લચી પડે છે. અને દ્રાક્ષ, ઝયતુન(ઓલીવ) અને દાડમના ઉપવન ઉગાડ્યા, જેમના ફળ એક બીજાને મળતા પણ હોય છે અને પછી દરેકની વિશિષ્ટતાઓ જુદી જુદી પણ હોય છે. આ વૃક્ષો ઉપર જ્યારે ફળ આવે છે, ત્યારે તેમાં ફળ આવવા અને પછી તેના પાકવાની સ્થિતિ જરા ધ્યાનપૂર્વક જુઓ. આ સર્વે વસ્તુઓમાં નિશાનીઓ છે એ લોકો માટે જેઓ શ્રધ્ધા ધરાવે છે. (ઈમાન લાવે છે).’’ (પ્રકરણ ૬, શ્લોક ૯૭, ૯૮ અને ૯૯)

ઉપર આપેલા ત્રણ બોધવચનોમાં પાલનહાર અલ્લાહે પોતાની જુદી જુદી કાર્યશક્તિઓની નિશાનીઓનું વર્ણન કરેલ છે અને આ ત્રણે બોધવચનોના અંતિમ ભાગમાં એ ભારપૂર્વક કહેવામાં આવેલ છે કે આ નિશાનીઓ એ લોકો માટે બોધ ગ્રહણ કરવા કાજે છે જેઓ જ્ઞાન ધરાવે છે, જેઓ સમજદારી ધરાવે છે તથા જેઓ શ્રધ્ધા ધરાવે છે. (ઈમાન લાવે છે.)

ક્રમશઃ

# MPમાં ભીષણ પુર, 1,200થી વધુ ગામડાઓ બેહાલ

## 6,000 લોકોને બચાવાયા, પશ્ચિમ બંગાળમાં ભારે પુરને કારણે 15 લોકોના મોત, રાજસ્થાનમાં ત્રણ બાળકોના કરંટ લાગતા મોત

**નવી દિલ્હી**

ઉત્તર મધ્ય પ્રદેશમાં પૂરની સ્થિતિ ખૂબ જ ગંભીર છે. ભારે વરસાદ બાદ 1,200 કરતા વધારે ગામ પૂરથી પ્રભાવિત થયા છે. ભારે વરસાદ બાદ ગ્વાલિયર-ચંબલ ક્ષેત્ર પૂરની લપેટમાં આવ્યા છે. મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું કે, પૂરની ગંભીર સ્થિતિને ધ્યાનમાં રાખીને કેટલાક જરૂરી પગલા ભરવામાં આવ્યા છે.

તેમણે જણાવ્યું કે, એનડીઆરએફ, એસડીઆરએફ, સેના અને બીએસએફની મદદથી 240 ગામના 5,950 લોકોને બચાવી લેવામાં આવ્યા છે. ઉપરાંત અન્ય 1,950 લોકોને બચાવવા માટે પ્રયત્ન ચાલુ છે અને વાયુ સેનાના હેલિકોપ્ટર્સ દ્વારા બચાવ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે, ક્વારી, સીપ, પાર્વતી નદીઓમાં પૂરના કારણે શ્યોપુરના 30 ગામ પ્રભાવિત છે. અત્યાર સુધીમાં 1,000 લોકોને ત્યાંથી સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા છે. જ્યારે જ્વાલાપુર, ભેરાવાડા, મેવાડા, જાટખેડાના ગામોમાં ફસાયેલા 1,000 લોકોને બહાર કાઢવા અભિયાન ચાલી રહ્યું છે. આ ઉપરાંત તેમણે પોતે સતત કેન્દ્રના સંપર્કમાં હોવાની માહિતી આપી હતી. સાથે જ ગૃહ મંત્રી અને વડાપ્રધાને નદીઓના જળસ્તરમાં વૃદ્ધિના કારણે પૂરની સ્થિતિ અંગે જાણકારી લીધી હોવાનું અને તમામ સંભવિત મદદની ખાતરી આપી હોવાનું જણાવ્યું હતું.

પશ્ચિમ બંગાળમાં ભારે પુરને કારણે 15 લોકોના મોત નિપજ્યા છે અને ત્રણ લાખથી પણ વધુ લોકોને આ પુરની અસર જોવા મળી હતી જેથી હજારો લોકો ઘર વિહોણા થઇ ગયા હતા.

ઓડિશામાં પણ ભારે વરસાદની સાથે વિજળી પડવાની ઘટના સામે આવી હતી. ઓડિશામાં અત્યાર સુધીમાંબે લોકોનો વીજળી પડવાથી ભોગ લેવાયો હતો. રાજસ્થાનમાં પણ વોટર કરંટ લાગતા ત્રણ બાળકોના મોત નિપજ્યા હતા.



# તિહાડ જેલમાં ગેંગસ્ટર અંકિતનું શંકાસ્પદ મોતઃ તપાસ શરૂ કરાઈ

**નવી દિલ્હી**

રાજધાની દિલ્હીની તિહાડ જેલમાં બંધ ગેંગસ્ટર અંકિત ગુર્જરનું શંકાસ્પદ પરિસ્થિતિમાં મૃત્યુ થયું છે. તિહાડની જેલ નંબર 3માંથી અંકિતનો મૃતદેહ મળી આવ્યો હતો અને ત્યાર બાદ જેલ પ્રશાસને તપાસ શરૂ કરી દીધી હતી.

ગેંગસ્ટર અંકિત ગુર્જરના મૃતદેહને દિલ્હીની દીનદયાળ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે લઈ જવામાં આવ્યો છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ મૃત્યુનું કારણ અને સમય જાણી શકાશે.

અંકિતના પરિવારજનોએ તેની હત્યા કરવામાં આવી હોવાનો આરોપ લગાવ્યો છે. જોકે હાલ પ્રશાસન દ્વારા સંપૂર્ણ જાણકારી બહાર નથી પાડવામાં આવી. દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે અંકિતની ધરપકડ કરી હતી અને તેના પર મર્ડરના આરોપ, મકોકા અંતર્ગત કેસ નોંધાયેલા હતા.

અંકિત ગુર્જર દિલ્હી અને વેસ્ટ યુપી ક્ષેત્રનો ઈનામી બદમાશ હતો. તેના પર આશરે સવા લાખ રૂપિયાનું ઈનામ રાખવામાં આવ્યું હતું. અંકિત ગુર્જરે તાજેતરમાં જ અન્ય એક ગેંગસ્ટર રોહિત ચૌધરી સાથે હાથ મિલાવ્યો હતો અને ત્યાર બાદ ગુર્જર-ચૌધરી ગેંગ બનાવવામાં આવી હતી.

# કલમ 370 નાબૂદીના 2 વર્ષ પૂર્ણઃ નવી વ્યવસ્થા સાથે અનેક પ્રતિબંધ દૂર થયા

## ઘાટીમાં કાશ્મીરી પંડિતોની જમીનો પર થયેલા કબજા છોડાવવા માટે પણ પ્રયત્નો ચાલુ

**નવી દિલ્હી**

પાકિસ્તાન પરસ્ત આતંકવાદનો ડંખ યાદ કરીને આજે પણ પોતાની માટીથી અલગ થયેલા કાશ્મીરી પંડિતો ધ્રુજી ઉઠે છે. 3 દશકા બાદ પણ તેમને તે સમયની યાતનાઓ યાદ છે. પોતાના ભાઈ-બહેન, મા-બાપ અને દીકરીઓને ગુમાવવાનું દુખ તેમના ચહેરા પર સ્પષ્ટ ઝળકી આવે છે. પરંતુ કલમ 370 નાબૂદીના કારણે તેમનામાં નવી આશાનું સિંચન થયું છે. તેમને આશા છે કે, તેઓ ફરી પોતાના ઘરે પાછા ફરી શકશે. ઘાટી ફરીથી પંડિતો વડે ગુલઝાર થઈ ઉઠશે. ફરીથી તેઓ મહાશિવરાત્રિ વખતે વિતસ્તા (જેલમ નદીનું પ્રાચીન નામ)ના કિનારે કર્મકાંડ કરી શકશે. આ તરફ સરકારે પણ પંડિતોની ઘરવાપસીની દિશામાં ઝડપથી પ્રયત્નો શરૂ કરી દીધા છે. ઘરે પાછા ફરવા ઈચ્છતા પંડિતોની નોંધણી શરૂ કરી દેવામાં આવી છે. ટ્રાન્ઝિટ કેમ્પ માટે જમીનની પસંદગી કરી દેવાઈ છે. રોજગારી માટે પીએમ પેકેજ અંતર્ગત ભરતીઓ કરવામાં આવી રહી છે. ઘાટીમાં કાશ્મીરી પંડિતોની જમીનો પર થયેલા કબજા છોડાવવા માટે પણ પ્રયત્નો થઈ રહ્યા છે. કેન્દ્ર સરકારે પ્રધાનમંત્રી પેકેજ અંતર્ગત 2015માં 6,000 ટ્રાન્ઝિટ આવાસ અને 6,000 નોકરીઓ સ્વીકૃત કરી હતી. આ માટે 920 કરોડ રૂપિયાની રાશિ મંજૂર કરવામાં આવી હતી.

# 2024ની લોકસભા ચૂંટણી પહેલા અયોધ્યામાં રામ મંદિરે ભક્તો કરી શકશે પૂજા-અર્ચના

**લખનઉ**

અયોધ્યામાં શ્રીરામ જન્મભુમિ પર ભૂમિપૂજનના એક વર્ષ થયા પછી ભક્તો માટે આનંદના સમાચાર છે. શ્રદ્ધાળુઓ ૨૦૨૩નું વર્ષ પૂરું થતાં પહેલા જ ભવ્ય રામમંદિરનું દર્શન અને પૂજા કરી શકશે. જ્યારે સમગ્ર રામમંદિર સંકુલનું બાંધકામ ૨૦૨૫ના અંત સુધીમાં પૂરુ થવાની આશા છે. શ્રીરામ જન્મભૂમિ તીર્થ ટ્રસ્ટે આ લક્ષ્યને હાંસલ કરવા માટે તેને બાંધકામની સમયબદ્ધ કાર્યયોજના બનાવી છે.

સુપ્રીમ કોર્ટના ચુકાદા પછી ભવ્ય રામમંદિરના નિર્માણનું કાર્ય જોરશોરથી



ચાલી રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પાંચ ઓગસ્ટ ૨૦૨૦ના રોજ રામમંદિરનો શિલાન્યાસ કર્યો. તે સમયથી જ રામલલાના મંદિરના બાંધકામનો પ્રારંભ થઈ ગયો હતો. મંદિરના નિર્માણ માટે શ્રી રામ જન્મભૂમિ તીર્થ ટ્રસ્ટ દ્વારા ભંડોળ એકત્રિત કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૦૨૩માં આ મંદિરનું ઉદઘાટન કરશે. જો કે તેના દર્શનની સાથે-સાથે બીજા અને ત્રીજા માળનું નિર્માણકાર્ય જારી રહેશે. ૨૦૨૫ સુધીમાં મંદિરનું સમગ્ર સંકુલ બની જશે. અયોધ્યામાં શ્રીરામ જન્મભૂમિ મંદિર પાંચ એકરમાં ફેલાયેલું હશે અને સમગ્ર સંકુલ ૭૦ એકરમાં ફેલાયેલું હશે. સંકુલમાંથી નીકળતું પાણી રામનગરી માટે મુશ્કેલરૂપ ન બને તે માટે સીવર ટ્રીટમેન્ટ અને વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ લગાવવામાં આવશે.

# રોકાણ કાયદાના ઉલ્લંઘન બદલ ફ્લિપકાર્ટને 10,600 કરોડનો દંડ

**નવી દિલ્હી**

દેશની દિગ્ગજ ઈ-કોમર્સ કંપની ફ્લિપકાર્ટ અને આના સંસ્થાપકો પર ઈડી ૧.૩૫ અરબ ડૉલર એટલે કે લગભગ ૧૦,૬૦૦ કરોડ રૂપિયાનો દંડ લગાવી શકે છે. વૉલમાર્ટના માલિકીના હક વાળી કંપનીને વિદેશી રોકાણ કાયદાનુ ઉલ્લંઘન માટે કારણ દર્શાવો નોટિસ જારી કરવામાં આવી છે. બિન્ની બંસલ અને સચિન બંસલ પર વિદેશી રોકાણ કાનૂનોના ઉલ્લંઘનનો આરોપ છે. મામલાની જાણકારી ત્રણ સૂત્રો અને ઈડીના એક અધિકારીએ રોયટર્સ આપી. આ સંદર્ભમાં ઈડીના અધિકારીએ જણાવ્યુ કે ફ્લિપકાર્ટ પર આરોપ છે કે તેમના વિદેશી રોકાણ આકર્ષિક કરી અને ફરી સંબંધિત પક્ષ ડબ્લ્યુએસ રિટેલે તેમની શોપિંગ વેબસાઈટ પર કંઝ્યુમર્સે સામાન વેચ્યુ. જ્યારે આ કાનૂન હેઠળ પ્રતિબંધિત છે. વિદેશી રોકાણ કાનૂનો માટે તપાસ એજન્સી ફ્લિપકાર્ટ અને એમેઝોનની તપાસ કરી રહ્યા છે.

સૂત્રો અનુસાર, જુલાઈમાં ઈડીએ સચિન બંસલ, બિન્ની બંસલ અને હાજર રોકાણકાર ટાઈગર ગ્લોબલને કારણ બતાઓ નોટિસ જારી કરી હતી. જેમાં પૂછવામાં આવ્યુ હતુ કે તેની પર ૧૦,૬૦૦ કરોડ રૂપિયાનો દંડ કેમ ના લાગવો જોઈએ.

# કેપ્ટન અમરિંદરના પ્રધાન સલાહકાર પદેથી પ્રશાંત કિશોરે આપ્યું રાજીનામુ


**નવી દિલ્હી**

ચૂંટણી રણનીતિકાર પ્રશાંત કિશોરે પંજાબના મુખ્યમંત્રી અમરિંદર સિંહના પ્રધાન સલાહકાર પદેથી રાજીનામુ આપી દીધું છે. પ્રશાંત કિશોરે કેપ્ટન અમરિંદરને પત્રમાં જણાવ્યું હતું કે, 'હું સાર્વજનિક જીવનમાં સક્રિય રાજકારણમાંથી કામચલાઉ બ્રેક ઈચ્છું છું. આ કારણે હું તમારા પ્રધાન સલાહકાર પદની જવાબદારી નહીં સંભાળી શકું. ભવિષ્યમાં મારે શું કરવું છે તે હજુ નક્કી કરવાનું બાકી છે. આ કારણે હું તમને વિનંતી કરૂ છું કે મને આ પદેથી મુક્ત કરી દેવામાં આવે. આ પદ માટે મારી પસંદગી કરવા બદલ આભાર.' આગામી વર્ષે વિધાનસભા ચૂંટણી યોજાવા જઈ રહી છે અને તેવા સમયે પ્રશાંત કિશોરે રાજીનામુ આપી દીધું છે.

# જુલાઈ મહિનામાં દેશમાં 32 લાખ પગારદાર લોકોએ નોકરી ગુમાવી

**નવી દિલ્હી**

કોરોનાની બીજી લહેરનુ જોર ઓછુ થયા બાદ આર્થિક મોરચે સ્થિતિ ધીરે ધીરે સુધરી રહી હોવાના સંકેતો મળી રહ્યા છે પણ રોજગારીના મુદ્દે ફરી એક વખત માઠા અહેવાલો સામે આવ્યા છે. જુલાઈ મહિનામાં 32 લાખ પગારદાર લોકોએ પોતાની નોકરી ગુમાવી છે. જુન મહિનામાં પગારદાર લોકોની સંખ્યા 79.70 મિલિયન હતી અને જુલાઈ મહિનાના અંતે આ સંખ્યા 76.49 મિલિયન થઈ ગઈ છે. આમ લગભગ 32 લાખ લોકોએ નોકરીથી હાત



ધોવા પડ્યા છે. કોરોનાકાળ પહેલા જુલાઈ 2019માં પગારદાર લોકોની સખ્યા 86 મિલિયન હતી. આર્થિક ક્ષેત્રના જાણકારોના કહેવા પ્રમાણે હાલમાં એમ્પ્લોય માર્કેટમાં રિકવરી જોવા મળી રહી નથી.

# એમપીના રેવામાં ટ્રકમાંથી રૂપિયા 1.5 કરોડનો ગાંજો ઝડપાયો : ચારની અટક

**નવી દિલ્હી**

ભોપાલ : પોલીસે મધ્યપ્રદેશના રેવા જિલ્લામાં એક ટ્રકમાંથી ૧.૫ કરોડની કિંમતનો ૯૫૨ કિલો ગાંજો ઝડપી લઈ બે બદમાશોની અટક કરી છે. પોલીસે રેવા જિલ્લા વડામથકેથી લગભગ ૬૦ કિલોમીટરના અંતરે આવેલા માઉગંજ પોલીસ મથક સ્થિત ચાક ક્રોસિંગ ખાતે એક કન્ટેનર ટ્રકને આંતરી હતી, એની જડતી લેવાતાં ટ્રકચાલકની સીટ પાસેની કેબિનમાં સંતાડાયેલી ગાંજાની ૫૩ ગુણો મળી આવી હતી. ટ્રકના પ્રવાસ દરમિયાન પોલીસની સંભવિત કામગીરીથી વાકેફ રહેવા ટ્રકની આગળ મોટર સાયકલ પર જઈ રહેલા બે અન્ય સાગરિતો પણ ઝડપાઈ ગયા છે.

# દિલ્હી-ભોપાલમાં દલિત બાળકી સાથે રેપ અને હત્યાથી દેશભરમાં હોબાળો

## દિલ્હીમાં બળાત્કાર-હત્યાની ન્યાયિક તપાસ, પરિવારને 10 લાખના વળતરની જાહેરાત

**નવી દિલ્હી/ભોપાલ**

દેશની રાજધાની દિલ્હીમાં નવ વર્ષની દલિત બાળકીની બળાત્કાર કરી હત્યા કરાયાની ઘટનાના પડઘા શમ્યા નથી ત્યાં મધ્ય પ્રદેશના વિદિશા જિલ્લામાં ૧૦ વર્ષની બાળકી પર બળાત્કાર અને તેની હત્યાની ઘટનાથી દેશભરમાં ભારે હોબાળો મચી ગયો છે. દિલ્હીમાં નવ વર્ષની દલિત બાળકી પર મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ન્યાયિક તપાસના આદેશ અને બાળકીના પરિવારને રૂ. ૧૦ લાખનું વળતર આપવાની જાહેરાત કરી છે. બીજીબાજુ કોંગ્રેસ, વિશ્વ હિન્દુ પરિષદે બળાત્કાર અને હત્યાના આરોપીઓને ફાંસીની સજાની માગણી કરી છે જ્યારે ભાજપે બાળકીના પરિવારનો ફોટો જાહેર કરવા બદલ કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી સામે પગલાં લેવા ટ્વીટર સમક્ષ માગણી કરી છે.

મધ્ય પ્રદેશના વિદિશા જિલ્લાના શમશાબાદ પોલીસ સ્ટેશન ક્ષેત્રના જંગલમાં ૧૦ વર્ષની દલિત બાળકી પર બળાત્કાર કરાયા પછી તેની હત્યા કરીને તેનું શબ વૃક્ષ સાથે બાંધી દેવાની ઘટના સામે આવી છે. પોલીસે આ ઘટનામાં શંકાના આધારે ચાર લોકોની અટકાયત કરી છે. બાળકી મંગળવારે બપોરે માતાની પાછળ એક પ્રકારનું જંગલી ફળ કરોંદે લેવા ગઈ હતી. માતા પાછી ફરી તો તેને પુત્રી ઘરમાં જોવા મળી નહીં. લગભગ બે કલાક સુધી પરિવાર બાળકીને શોધતો રહ્યો. તેની ભાળ ન મળતા સાંજે પરિવારજનોએ શમશાબાદ પોલીસ સ્ટેશનમાં ગુમ થવાની ફરિયાદ કરી હતી. પોલીસે તુરંત શોધ શરૂ કરી હતી. આ દરમિયાન એક કલાક પછી બાળકીનું શબ એક વૃક્ષ સાથે બંધાયેલું મળ્યું હતું.

# 15મી ઘરમાં જ રહેજો, તે જ સારૂ રહેશે, હરિયાણાના CMને ધમકી

**ચંદીગઢ**

ખાલિસ્તાન સમર્થક આતંકી ગુરપતવંત સિંહ પન્નુએ હવે હરિયાણાના મુખ્યમંત્રી મનોહરલાલને ધમકી આપી. પન્નુએ 15 ઓગસ્ટે ધ્વજ ન ફરકાવવાની ધમકી આપી છે. ધમકીમાં કહ્યુ કે 15 ઓગસ્ટે સીએમ ધ્વજ ના લહેરાવે અને પોતાના ઘરે જ રહે. એ જ તેમના માટે સારુ રહેશે. ગુરપતવંત સિંહ પન્નુના નામથી રેકોર્ડ કરવામાં આવેલા ફોન કોલ દ્વારા ધમકી આપવામાં આવી રહી છે. જોકે મુખ્યમંત્રીની પાસે સીધા કોલ આવ્યા નથી.

પંજાબ-હરિયાણા અને હિમાચલ પ્રદેશના લોકોની પાસે ધમકીભર્યા ફોન આવી રહ્યા છે. અગાઉ પન્નુએ હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી જયરામ ઠાકુરને પણ 15 ઓગસ્ટના દિવસે ધ્વજ ના લહેરાવવાની ધમકી આપી હતી. ગુરપતવંત સિંહ પન્નુ ગયા વર્ષે પણ હરિયાણાને લઈને ઝેર ઓકી ચૂક્યા છે. જેને લઈને ગુરૂગ્રામમાં પન્નુ વિરૂદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે.

જે પી નડ્ડાને પણ મળી ધમકી

તાજેતરમાં જ ગુરપતવંત સિંહ પન્નુએ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જગત પ્રકાશ નડ્ડા અને હિમાચલ પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી શાંતા કુમારને ધમકી આપી હતી. આ ધમકી સોમવારે પન્નુએ ઉનાના પત્રકારોને ફોન કોલના માધ્યમથી આપી.

# ગૃહમાં કાગળ ફાંડી નાંખવા જેવા કૃત્યોએ સંસદનું અપમાન : મોદી

**નવી દિલ્હી**

પેગાસસ જાસૂસી વિવાદ અને કૃષિ કાયદાઓ મુદ્દે સંસદના ચોમાસુ સત્રની મોટાભાગની કાર્યવાહી ખોરવાઈ ગઈ છે. અનેક પ્રયાસો છતાં સરકાર અને વિપક્ષ વચ્ચેની મડાગાંઠ દૂર થઈ નથી રહી. એવા સમયમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે ભાજપની સંસદીય પક્ષની બેઠકમાં વિપક્ષની ઝાટકણી કાઢી હતી. તેમણે કહ્યું સંસદ ચાલવા ન દેવી, ગૃહમાં કેબિનેટ મંત્રી પાસેથી કાગળો લઈને ફાડીને ઊછાળવા અને તૃણમૂલના રાજ્યસભાના સાંસદ ડેરેક ઓ'બ્રાયનનું 'પાપડી-ચાટ'વાળું નિવેદન જેવા વિપક્ષના કૃત્યો સંસદ, બંધારણ, લોકતંત્ર અને દેશની જનતાનું અપમાન છે. વડાપ્રધાન મોદીએ ૨૭મી જુલાઈની બેઠકમાં પણ કોંગ્રેસન પર હુમલો કર્યો હતો. વિપક્ષના હોબાળા વચ્ચે સંસદમાં બિલો પાસ કરાવવાની કેન્દ્ર સરકારની રીતો સામે તૃણમૂલ કોંગ્રેસના સાંસદ ડેરેક ઓ'બ્રાયનની ટીપ્પણી મુદ્દે વડાપ્રધાન મોદીએ વિપક્ષને આડે હાથ લીધો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે ભાજપની સંસદીય પક્ષની બેઠકમાં જણાવ્યું હતું કે, કોરોના મહામારી અંગે બેઠક બોલાવાઈ ત્યારે કોંગ્રેસે બહિષ્કાર કર્યો હતો.

# કર્ણાટક કેબિનેટનું વિસ્તરણ: બસવરાજનસ સાથે નવા 29 મંત્રીઓએ શપથ ગ્રહણ કર્યા

નવી દિલ્હી: કર્ણાટકમાં મુખ્યમંત્રીનો ચહેરો બદલવામાં આવ્યા પછી હવે મંત્રીમંડળમાં વિસ્તરણ થઈ રહ્યું છે. બીએસ યેદિયુરપ્પાના બદલે મુખ્યમંત્રી બનેલા બસવરાજ બોમ્માઈની નવી ટીમે બુધવારે શપથ લીધા. બુધવારે કુલ ૨૯ મંત્રીઓએ શપથ લીધા નવા કેબિનેટ મંત્રીમાં સાત મંત્રી ઓબીસી, ત્રણ અનુસૂચિત જાતિ, એક અનુસૂચિત જનજાતિ, સાત વોકાલિંગા અને આઠ લિંગાયત સમાજમાંથી છે. જ્યારે એક મહિલા પ્રધાન બનાવવામાં આવી છે.

બુધવારે સવારે જ નક્કી થયું કે રાજભવનમાં બપોરે સવા બે વાગે શપથ ગ્રહણ સમારંભ યોજાવવાનો છે. બસવરાજ બોમ્માઈએ તાજેતરમાં દિલ્હીનો પ્રવાસ ખેડ્યો હતો. તેના પછી મંત્રીમંડળના નામ પર મ્હોર લાગી હતી.



કર્ણાટકમાં તાજેતરમાં જ મુખ્યપ્રધાન બીએસ યેદિયુરપ્પાએ રાજીનામુ આપ્યું હતું. તેના પછી પક્ષ તરફથી બસવરાજ બોમ્માઈને રાજ્યની ધુરા સોંપવામાં આવી. બસવરાજ બોમ્માઈના પિતા પણ રાજ્યના મુખ્યમંત્રી રહી ચૂક્યા છે.

# પેગાસસ જાસૂસીકાંડ મામલે 'સિટ' દ્વારા તપાસ કરો: એડિટર્સ ગિલ્ડ ઓફ ઈન્ડિયા

## સુપ્રીમ કોર્ટના નિરીક્ષણમાં તપાસની માગ સાથે બુદ્ધિજીવીઓની અરજી

**નવી દિલ્હી**

એડિટર્સ ગિલ્ડ ઓફ ઈન્ડિયાએ, ઈઝરાયલી કંપની એનએસઓના પેગાસસ સ્પાયવેરનો ઉપયોગ કરીને કેન્દ્ર સરકાર દ્વારા પત્રકારો તથા અન્ય નાગરિકોની કરાયેલી કથિત જાસૂસીના મુદ્દે તપાસ માટે સિટ (સ્પેશ્યલ ઈન્વેસ્ટિગેશન ટીમ- વિશેષ તપાસ જૂથ) ની રચનાની માગણી સાથે સુપ્રીમ કોર્ટમાં ધા નાખી છે.

પ્રજાનાં, માહિતગાર રહેવાના તેમજ સ્પષ્ટ તથા પારદર્શી સરકાર મેળવવાના અધિકાર અમલી બને એ જોવાનું કામ પત્રકારે કરવાનું હોય છે. ગિલ્ડના સભ્યો અને બધા પત્રકારોએ, સરકારના વિવિધ વિભાગો પાસેથી માહિતી, સમજૂતીઓ તેમજ સરકારની સક્રિયતા અને નિષ્ક્રિયતા માટે માન્ય યથાર્થતા જાણીને એમને ઉત્તરદાયી બનાવી રાખવાનું ઉત્તરદાયિત્વ નિભાવવાનું છે, એમ અરજીમાં જણાવાયું છે.

એમાં ઉમેરાયું છે કે સરકાર અને એની એજન્સીઓ પત્રકારો દ્વારા કરાતા રિપોર્ટિંગના કામમાં દખલગીરીના કરે તો અખબારી આઝાદી જળવાઈ રહે. ગિલ્ડે એના અરજીમાં જણાવ્યું છે કે સરકાર, બંધારણ હેઠળ પ્રજાને મળેલા અધિકારોનો ભંગ કરી રહી છે કે કેમ તેમજ એના મૂળભૂત અધિકારોની રક્ષા માટે લેવાયેલા પગલાં વિષે વાકેફ રહેવાનો ભારતીય નાગરિકોને હક છે.

સંસદીય પ્રક્રિયા દ્વારા જવાબદારી વિષે જાણવાના તથા બંધારણીય મર્યાદાઓના અમલીકરણના બધા પ્રયાસો સામે અવરોધો ખડા કરાયા છે.

# નિકાહ માટે ધર્માંતરણ અસ્વીકાર્ય, લવ જેહાદના આરોપીના જામીન ફગાવાયા

**અલ્લાહાબાદ**

અલ્લાહાબાદ હાઈકોર્ટે ઉત્તર પ્રદેશમાં લવ જેહાદના એક આરોપી જાવેદની જામીન અરજી ફગાવી દીધી હતી. સાથે ટકોર કરતા કહ્યું હતું કે માત્ર લગ્ન માટે ધર્મ પરિવર્તન કરાવવું ખોટુ છે. કોર્ટે કહ્યું કે અકબર-જોધાબાઈએ ધર્મ પરિવર્તન વગર જ લગ્ન કર્યા હતા. એકબીજાનું સમ્માન કર્યું અને ધાર્મિક ભાવનાઓનો પણ આદર કર્યો હતો. બન્નેના સંબંધોમાં ધર્મ ક્યારેય વચ્ચે નથી આવ્યો. લોકોએ જોધાબાઈ અને અકબરમાંથી ઘણુ શીખવું જોઈએ.

ઉત્તર પ્રદેશના એટા જિલ્લાના નિવાસી જાવેદ પર એક હિંદુ યુવતી સાથે લગ્ન કરવા માટે ધર્મ પરિવર્તન કરાવવાનો આરોપ હતો. યુવતીએ ધર્મ પરિવર્તન માટે સહી પણ કરી દીધી હતી. ધર્મ બદલતા જ એક જ સપ્તાહમાં બન્નેના લગ્ન થઈ ગયા. જોકે બાદમાં યુવતીએ મેજિસ્ટ્રેટ સમક્ષ કહ્યું કે મારી સાથે જાવેદે છેતરપીંડિ કરી છે.

યુવતીના નિવેદનના આધારે જાવેદની ધરપકડ કરવામાં આવી હતી. જેને પગલે જાવેદે અલ્લાહાબાદ હાઈકોર્ટમાં જામીન અરજી કરી હતી. મંગળવારે આ મામલામાં સુનાવણી કરતી વેળાએ અલ્લાહાબાદ હાઈકોર્ટે કહ્યું હતું કે ધર્મ પરિવર્તન કરાવ્યા વગર પણ લગ્ન કરી શકાય. ધર્મ આસ્થાનો વિષય છે.

# મની લોન્ડરિંગ કેસમાં અવંતા ગ્રુપના ગૌતમ થાપરની ઈડી દ્વારા ધરપકડ

**પોર્ટલેન્ડ**

નવી દિલ્હી : ઈડીએ મની લોન્ડરિંગ કેસમાં જાણીતા ઉધ્યોગપતિ અને અવંતા ગ્રુપના પ્રમોટર ગૌતમ થાપરની ધરપકડ કરી હતી. હાલમાં જ એજન્સીએ અવંતા ગ્રુપના દિલ્હી અને મુંબઈ સ્થિત વિવિધ સ્થળોએ દરોડા પાડયા હતા. બેંકો સાથે છેતરપીંડિ કરવાનો તેમના પર આરોપ છે. આ દરોડા બાદ થાપરની પૂછપરછ પણ કરવામાં આવી હતી. થાપર પર બેંક ફંડનો દુરુપયોગ કરવા, બનાવટી લેનદેન, ખોટી રીતે બેંકો પાસેથી લોન લેવા, નકલી વાઉચર અને બનાવટી નાણાકીય વ્યવહારો, ગુનાહિત કાવતરું અને છેતરપીંડિનો આરોપ છે. તપાસ એજન્સીઓ આ જ મામલાઓમાં થાપરની સામે તપાસ કરી રહી છે.

# બીઆરઓએ પૂર્વી લદ્દાખમાં વિશ્વનો સૌથી ઊંચો મોટરેબલ રોડ બનાવ્યો

**નવી દિલ્હી**

બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન (બીઆરઓ)એ પૂર્વી લડાખમાં ઉમલિંલા પાસ ખાતે ૧૯,૩૦૦ ફૂટની ઊંચાઈએ વિશ્વનો સૌથી ઊંચો મોટરેબલ રોડ બનાવ્યો છે, એમ સંરક્ષણ મંત્રાલયે બુધવારે જણાવ્યું હતું.

બીઆરઓએ ૫૨ કિલોમીટર લાંબો બ્લેક ટોપ્ડ માર્ગ બનાવ્યો છે. તે ઉમલિંગ્લા પાસ ખાતેથી પસાર થાય છે. આ સાથે તેણે બોલિવિયામાં ઉતુરુન્કુ જ્વાળામુખી પર ૧૮,૯૫૩ ફૂટની ઊંચાઈએ બનાવવામાં આવેલા મોટરેબલ રોડના રેકોર્ડને તોડયો હતો, એમ મંત્રાલયે જણાવ્યું હતું. ઉમલિંગ્લા પાસ પૂર્વી લડાખના ચુમાર સેક્ટરના મહત્ત્વના શહેરોને જોડે છે. તેના લીધે સ્થાનિક પ્રજાને લેહથી ડેમચોક અને ચિસુમ્લેને જોડતો વૈકલ્પિક માર્ગ મળશે. આના કારણે તેમની સામાજિક-આર્થિક સ્થિતિમાં સુધારો થશે અને લડાખમાં પ્રવાસનને વેગ મળશે. શિયાળા દરમિયાન અહીં તાપમાન -૪૦ ડિગ્રી સેલ્સિયસે પહોંચી જાય છે અને ૧૯,૩૦૦ ફૂટના સ્તરે ઓક્સિજનનું સ્તર સામાન્ય સ્થળોથી ૫૦ ટકા ઓછું હોય છે.

# EVM પર પ્રતિબંધની માગ કરનારને દિલ્હી હાઈકોર્ટે 10 હજારનો દંડ ફટકાર્યો

**નવી દિલ્હી**

નવી દિલ્હી : દિલ્હી હાઈકોર્ટમાં ઈવીએમ પર પ્રતિબંધ મુકવાની માગ કરતી એક અરજી થઈ હતી. હાઈકોર્ટે આ અરજીને ફગાવી દીધી હતી સાથે જ અરજદાર પર 10 હજાર રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો. દિલ્હી હાઈકોર્ટે અરજીની સુનાવણી વેળાએ કહ્યું હતું કે અરજદારે અરજી કરીને ઈવીએમ પર પ્રતિબંધ મુકવાની માગણી તો કરી દીધી પણ ઈવીએમ અંગે અરજદાર પાસે કોઈ ચોક્કસ જાણકારી નથી. વકીલ સીઆર સુકિને દિલ્હી હાઈકોર્ટમાં આ અરજી કરી હતી. જેમાં તેમણે એવી માગ કરી હતી કે ઈવીએમ શંકાના ઘેરામાં છે અને તેની સાથે ચેડા થઈ શકે છે તેથી તેને હટાવીને બેલેટ પેપરથી મતદાન કરાવવું જોઈએ.

# ફ્લોરિડામાં કોરોના બેકાબૂ : 1.50 લાખ નવા કેસ

**વોશિંગ્ટન**

અમેરિકાની આગેવાની હેઠળ વિશ્વમાં કોરોનાનો વ્યાપ ઝડપથી વધવા લાગ્યો છે. અમેરિકામાં ફ્લોરિડા અને ટેક્સાસમાં કોરોનાના ડેલ્ટા વેરિયન્ટના સંક્રમણમાં તીવ્ર વધારાને પગલે નવા કેસીસની સંખ્યામાં જોરદાર વધારે થઈ રહ્યો છે. પહેલી ઓગસ્ટે અમેરિકામાં ૨૩૧૩૯ નવા કેસની સંખ્યા નોંધાઈ હતી તે બુધવારે સવારે પૂરા થયેલા ૨૪ કલાક દરમિયાન ઊછળીને ૧,૪૯,૭૮૮ ઉપર પહોંચી ગઈ હતી અને આ ગાળા દરમિયાન ૬૬૮ દર્દીઓનાં મોત થયાં હતાં. પાછલા ૨૪ કલાક દરમિયાન અમેરિકાના ફ્લોરિડા સ્ટેટમાં ૫૦,૯૯૭ નવા કેસીસ અને ટેક્સાસ સ્ટેટમાં ૨૦,૦૦૪ નવા કેસીસ નોંધાયા હતાં. ચીનમાં પણ પરિસ્થિતિ ફરીથી કથળી રહી છે, બુધવારે ચીનમાં નવા ૭૧ કેસ નોંધાયા હતાં કે જે ગયા જાન્યુઆરી પછીનો સૌથી મોટો દૈનિક વધારો છે. દરમિયાન, પાછલા ૨૪ કલાક દરમિયાન કોરોના સંક્રમણના મોરચે વિશ્વમાં ૬,૧૭,૬૯૦ નવા કેસ નોંધાયા હતાં અને ૧૦ હજારથી વધારે કોરોના પેશન્ટ્સના મોત થયા હતાં. લેટેસ્ટ આંકડા અનુસાર વિશ્વના ૧૯૨ દેશોમાં કુલ કોરોના સંક્રમિતોની સંખ્યા વધીને ૧૯.૯૫ કરોડ થઈ ગઈ છે જ્યારે અત્યાર સુધીમાં ૪૨,૪૫,૬૨૬ દર્દીઓએ જીવ ગુમાવ્યો છે. બ્રાઝિલ અને ફ્રાન્સમાં કોરોનાના નવા કેસમાં સતત વધારો થઈ રહ્યો છે.

## દ. કોરિયામાં ડેલ્ટા વેરિઅન્ટના નવા કેસમાં ઉછાળો

દક્ષિણ કોરિયામાં પાછલા ૨૪ કલાક દરમિયાન કોરોનાના ૧૭૨૫ નવા કેસ નોંધાયા છે. આગલા દિવસની તુલનાએ નવા કેસની સંખ્યામાં લગભગ ૧૨૦૦નો વધારો થયો છે. દેશમાં હવે કોરોનાના કુલ કેસની સંખ્યા ૨૦૩૯૨૬ થઇ ગઈ છે. સિઓલ અને ગિયાંગી પ્રાંતમાં સૌથી વધારે કેસ નોંધાઇ રહ્યા છે

**UAEમાં 3થી ૧૭ વર્ષ સુધીનાં બાળકોને સરકાર કોરોનાની રસી આપશે :** કોરોનાથી સામે બચાવ માટે વેક્સિન કારગર હથિયાર હોવાનું સાબિત થઇ ચૂક્યું છે. ઘણા દેશોમાં વેક્સિન ફક્ત પુખ્તવયના લોકો માટે જ ઉપલબ્ધ છે પરંતુ ‘છઈમાં ટૂંક સમયમાં બાળકો માટેના રસીકરણના કાર્યક્રમની શરૂઆત કરવામાં આવશે. સંયુક્ત અરબ અમિરાત સરકારે ટ્વિટર પર આ અંગેની સત્તાવાર જાહેરાત કરતાં જણાવ્યું હતું કે ‘છઈમાં 3-૧૭ વર્ષના બાળકોને ચીનની સિનોફર્મ કોરોના વેક્સિન આપવામાં આવશે.

## જર્મની સપ્ટે.થી ડોઝ આપશે

બ્રિટન, બ્રાઝિલ, ઇઝરાયેલ, જર્મની અને સંયુક્ત આરબ અમિરાતે પોતાના નાગરિકોને વેક્સિનનો બૂસ્ટર ડોઝ આપવાનો નિર્ણય કર્યો છે. જર્મની કોરોનાનું વધુ જોખમ ધરાવતાં નાગરિકોને સપ્ટેમ્બરથી બૂસ્ટર ડોઝ આપવાનો નિર્ણય કર્યો છે.

**ઇન્ડોનેશિયામાં કોરોના મૃત્યુઆંક એક લાખને પાર:** ઇન્ડોનેશિયામાં કોરોનાથી મોતને ભેટેલા લોકોની સંખ્યા એક લાખને પાર કરી ગઈ હતી. જો કે વાસ્તવિક આંકડો ઘણો મોટો હોવાની શક્યતા દર્શાવવામાં આવે છે. પાછલા ૨૪ કલાક દરમિયાન કોરોનાના કારણે કુલ ૧૭૪૭ મોત થયાં હતાં જે સાથે કુલ આંક ૧,૦૦,૬૩૬ થયો હતો.

# એર હોસ્ટેસ સાથે બિભત્સ હરકત કરનારને સીટ સાથે બાંધી દેવાયો

**વોશિંગ્ટન**

ફ્લોરિડાની એક ફ્રન્ટીયર ફ્લાઈટમાં ભારે હોબાળો મચ્યા બાદ એક મુસાફરને તેની સીટ પર ટેપ વડે બાંધી દીધો હતો. કહેવામાં આવી રહ્યું છે કે અનેક ડ્રિન્ક્સ પીધા બાદ મુસાફર હોંશ ગુમાવી બેઠો હતો અને ફ્લાઈટના ક્રૂ મેમ્બર્સ સાથે છેડછાડ અને મારપીટ કરવા લાગ્યો હતો. ઘટનાનો એક વીડિયો સામે આવ્યો છે. જેમાં તેને સીટ પર ટેપથી બાંધી દેવામાં આવ્યો છે. 22 વર્ષના મેક્સવેલ બેરીને ઘટના બાદ શનિવારે ફિલાડેલ્ફિયાથી મિયામી માટે ઉડાન દરમિયાન શારીરિક હિંસાના 3 મામલામાં ધરપકડ કરી લેવામાં આવી છે. ઓહાયો નિવાસી મેક્સવેલ જે પહેલાં ખુબ જ પીધેલી હાલતમાં હતો, તેણે વધારે દારૂની માગ કરી હતી. પોલીસે એક રિપોર્ટમાં કહ્યું છે કે તેણે એક એર હોસ્ટેસની પીઠને ટચ કરી, જેનો તેણે વિરોધ કર્યો હતો. પછી બેરીએ પોતાની શર્ટ પર દારૂ ઢોળી દીધો હતો અને તેને સાફ કરવા માટે બાથરૂમમાં જતો રહ્યો હતો. જ્યારે તે શર્ટ વગર બહાર આવ્યો તો ક્રૂ મેમ્બર્સે તેના લગેજમાંથી શર્ટ નીકાળવામાં તેની મદદ કરી હતી. બાદ બેરીએ 2 એર હોસ્ટેસ સાથે છેડછાડ કરી હતી.

# બાંગ્લાદેશમાં લગ્ન સમારોહમાં આકાશી વીજળી પડતાં ૧૭નાં મોત, અનેક ઘાયલ

**ઢાકા**

બાંગ્લાદેશમાં એક લગ્ન સમારોહમાં આકાશીય વીજળી પડતા હાહાકાર મચી ગયો હતો. વીજળીએ એવો કહેર વર્તાવ્યો કે પલભરમાં ખુશીનો આ અવરસ માતમમાં ફેરવાયો હતો. આ દર્દનાક ઘટનામાં ૧૭ લોકોના મોત નીપજ્યા હતા જ્યારે અનેક લોકો ઘાયલ થયા હતા. મળતી માહિતી પ્રમાણે આ ઘટના બાંગ્લાદેશના ચપૈનવાબગંજ જિલ્લાના શિવગંજની છે. અહીં નદીમાં તરતી બોટમાં એક વ્યક્તિના લગ્નની પાર્ટી ચાલી રહી હતી. પાર્ટીમાં સેંકડો લોકો આવેલા હતા અને હસી ખુશીનો માહોલ છવાયેલો હતો અને લોકો એન્જોય કરી રહ્યા હતા. પરંતુ આ દરમિયાન મોસમ ખરાબ થાય છે અને વરસાદ થવા લાગે છે અને વરસાદથી બચવા માટે લોકો સહારો લેવા માટે લોકો બોટને છોડીને નદી કિનારે જવા લાગ્યા હતા. આ વચ્ચે તમામ કૂદરતી આફતનો શિકાર બની ગયા હતા. વરસાદ વચ્ચે આકાશીય વીજળી પડવાથી અનેક લોકો આની ચપેટમાં આવી ગયા હતા. ક્ષણવારમાં જ ૧૭ લોકોના દર્દનાક મોત થયા હતા. અને આકાશીય વીજળીના કારણે દાઝી જવાથી અનેક લોકોની હાલત ગંભીર હતી. થોડીક જ સેકન્ડમાં આકાશી વીજળીએ બધું બર્બાદ કરી દીધું હતું. દુર્ઘટનામાં દુલ્હો પણ ઘાયલ થયો હતો. સ્થાનિક અધિકારીના જણાવ્યા પ્રમાણે કેટલાક લોકો વાવાઝોડા અને વરસાદથી બચવા માટે બોટને છોડીને કિનારા ઉપર આવ્યા હતા ત્યારે વીજળી પડી હતી. જે સમયે દુર્ઘટના ઘટી ત્યારે લગ્નની પાર્ટીમાં દુલ્હન હાજર ન્હોતી.

# ભારત ૨૦૩૦ સુધીમાં દુનિયાનું નેતૃત્વ કરતો હશે : યુએસના પૂર્વ સાંસદ વર્મા

### ભારતમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ પર અંદાજે બે લાખ ડોલર ખર્ચ કરવામાં આવશે

**વોશિંગ્ટન**

ભારત વર્ષ ૨૦૩૦ સુધીમાં દરેક ક્ષેત્રમાં દુનિયાનું નેતૃત્વ કરતો હશે તેમ અમેરિકાના એક ભૂતપૂર્વ સાંસદે જણાવ્યું હતું. તેમણે કહ્યું કે દુનિયાના બે સૌથી મોટા લોકતંત્ર એકસાથે ઘણું બધું કરી શકે છે. અમેરિકાના ભૂતપૂર્વ સાંસદ રિચાર્ડ વર્માએ કહ્યું કે, હું વર્ષ ૨૦૩૦ તરફ જોઉ છું તો મને એક એવો ભારત દેશ જોવા મળે છે, જે લગભગ દરેક ક્ષેત્રમાં દુનિયાનું નેતૃત્વ કરી શકે છે.



તેમણે જણાવ્યું હતું કે, દુનિયાની સૌથી વધુ વસતીવાળો દેશ, સૌથી વધુ કોલેજ સ્નાતક, સૌથી મોટો મધ્યમ વર્ગ, સૌથી વધુ સેલ ફોન અને ઈન્ટરનેટ વપરાશકાર, ત્રીજી સૌથી મોટી સૈન્ય શક્તિ અને ત્રીજા સૌથી મોટા અર્થતંત્ર સાથે દુનિયાના સૌથી મોટા લોકતંત્રમાં ૨૫ વર્ષથી ઓછી વયના ૬૦ કરોડથી વધુ લોકો છે. રિચાર્ડ વર્માએ જણાવ્યું કે, આજે ભારત ખૂબ જ વ્યાપક સ્તરે વિકાસની બાબતોમાં ટોચ પર છે. આગામી દાયકામાં ભારતમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ પર અંદાજે બે લાખ ડોલર ખર્ચ કરવામાં આવશે. વર્ષ ૨૦૩૦ના આવશ્યક મૂળભૂત માળખનો એક મોટો હિસ્સો બનાવવાનો બાકી છે.

# અફઘાનિસ્તાન સૈન્યના હુમલામાં બે દિવસમાં 300 તાલિબાનીનો ખાતમો

**કાબૂલ**

છેલ્લા બે દિવસમાં અફઘાનિસ્તાનનાં દળો દ્વારા કરવામાં આવેલા આક્રમક હુમલામાં ૩૦૦થી વધુ તાલિબાનીઓનાં મોત થયા હતા અને અનેકને ઈજા થઈ હતી. અફઘાનિસ્તાન નેશનલ ડિફેન્સ એન્ડ સિક્યુરિટી ફોર્સિસ (છગ્દહ્રજીહ્લ) દ્વારા ગઝની, કંદહાર, હેરાત, જૌઝાન, બાલ્ખ, સામાન્ગાન, હેલમંદ, તાખર કુંડુંઝ તેમજ બાઘલાન, કાબુલ અને કાપિસામાં છેલ્લા ૨૪ કલાકમાં ભારે હુમલો કરાયો હતો. જેમાં ૨૫૪ તાલિબાની આતંકીઓ માર્યા ગયા હતા અને ૯૭નાં મોત થયા હતા. આ ઉપરાંત શનિવારે બરમાલ તેમજ પાકટિકા પ્રાંતમાં પણ તાલિબાનીઓ અને અફઘાન સેના વચ્ચે ભીષણ યુદ્ધ થયું હતું જેમાં ૧૨ તાલિબાની આતંકીઓ માર્યા ગયા હતા જેમાં ૪ પાકિસ્તાનીઓ હોવાનું જણાયું હતું. અગાઉ પાક.નો એક લશ્કરી અધિકારી પણ ઠાર કરાયો હતો. પંજવાઈ જિલ્લામાં હુમલામાં બીજા ૧૧ આતંકીઓનો સફાયો કરાયો હતો. અફઘાન સેના અને તાલિબાનીઓ વચ્ચે લશ્કરગાહ અને હેરાતમાં ખૂની જંગ ખેલાઈ રહ્યો છે. અહીં તાલિબાનીઓને હરાવવા અફઘાન સરકારે સ્પેશિયલ કમાન્ડો તેમજ સૈનિકોની વધુ કુમક મોકલી આપી છે.

# ૧૧ વર્ષની ભારતીય પેરી વિશ્વના સૌથી પ્રતિભાશાળી વિદ્યાર્થીઓમાં સામેલ

**વોશિંગ્ટન**

ભારતીય મૂળની ૧૧ વર્ષની અમેરિકન વિદ્યાર્થિની નતાશા પેરીને અમેરિકાની ટોચની યુનિવર્સિટીએ દુનિયાના સૌથી પ્રતિભાશાળી વિદ્યાર્થીઓમાંની એક જાહેર કરી છે. એસએટી અને એસીટી પરીક્ષાઓમાં અસાધારણ દેખાવના પગલે પેરીને આ સન્માન અપાયું છે. ૮૪ દેશોના લગભગ ૧૯,૦૦૦ વિદ્યાર્થીઓમાં ભારતીય મૂળની અમેરિકન નતાશા પેરીએ નવીનતમ પ્રતિભા શોધ સ્પર્ધામાં ભાગ લીધો હતો. અમેરિકાની અનેક યુનિવર્સિટીઓ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે શૈક્ષણિક મૂલ્યાંકન પરીક્ષા અને અમેરિકન કૉલેજ ટેસ્ટિંગના માપદંડોનો ઉપયોગ કરે છે.

# ચીની યુનિ.ના કેમ્પસમાં ભારતીય વિદ્યાર્થીનું ખૂન કરનારની ધરપકડ

બેઈજિંગ : ચાઈનીઝ યુનિર્વિસટી કેમ્પસમાં ૨૦ વર્ષના ભારતીય વિદ્યાર્થી અમન નાગસેનની હત્યા કરવા બદલ એક વિદેશી વિદ્યાર્થીની ચીનની પોલીસે ધરપકડ કરી લીધી છે. બેઈજિંગથી ૧૦૦ કિલોમીટર દૂર તિયાન્જિન શહેરમાં આવેલી તિયાન્જિન ફોરેન સ્ટડીઝ યુનિર્વિસટીમાં ઈન્ટરનેશનલ બિઝનેસ સ્ટડીઝના વિદ્યાર્થી અમન નાગસેનનો મૃતદેહ તેના રૂમમાંથી મળી આવ્યો હતો. તિયાન્જિન પ્રાન્તની પોલીસે મૃતદેહની અને ઘટનાસ્થળની તપાસ કરીને ખૂન થયું હોવાનું જાણ્યું હતું. પોલીસના જણાવ્યા અનુસાર હત્યારાએ ધારદાર હથિયાર વડે અમન નાગસેનનું સ્ટેબિંગ કરી મૃત્યુ નીપજાવ્યું હતું. જોકે પોલિસને હથિયાર હાથ લાગ્યું નથી. આ રેર અને ખૂબ ગંભીર ગુનો કરનાર હત્યારા વિદ્યાર્થીની ઓળખ કે તેની નાગરિકતા ચીનની સરકારે જાહેર કરી નથી. જોકે ચીને જણાવ્યું હતું કે પોલીસ તપાસ હજી ચાલુ છે. હત્યારા વિરૂદ્ધ પુરાવા એકઠા કરવામાં આવી રહ્યા છે. ચીનમાં મંગળવારે મૃતદેહની ઓટોપ્સી કરવામાં આવશે. પછી એક અઠવાડિયામાં તેનું ડેથ સિંર્ટિફકેટ આપવામાં આવશે.

# ભારતને ૮૨ મિલિયન ડોલરનાં હાર્પૂન મિસાઈલ્સ વેચવા અમેરિકાની મંજૂરી

**વોશિંગ્ટન**

ભારતને ૮૨ મિલિયન ડોલરમાં હાર્પૂન જોઈન્ટ કોમન ટેસ્ટ સેટ (ત્નઝ્રજી) તેમજ તેને લગતાં અન્ય સાધનો વેચવા અમેરિકાએ મંજૂરી આપી છે. આને કારણે બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધો વધારે મજબૂત થશે તેમજ એશિયા પેસિફિક વિસ્તારમાં મહત્ત્વનાં ડિફેન્સિવ પાર્ટનરની સુરક્ષામાં વધારો થશે. હાર્પૂન એ દરિયામાં જહાજોને તોડી પાડતી મિસાઈલ્સ છે. અમેરિકન કોંગ્રેસ દ્વારા પરવાનગી મળ્યા પછી પેન્ટાગોનની ડિફેન્સ સિક્યુરિટી કોઓપરેશન એજન્સી દ્વારા આ માટેનું સિંર્ટિફકેટ આપાશે. ભારતે હાર્પૂન જોઈન્ટ કોમન ટેસ્ટ સેટ ખરીદવા રસ દર્શાવ્યો હતો.






TOKYO
## ઓલિમ્પિક ડાયરી

### મેડલ ટેબલ

| દેશ | ગોલ્ડ | સિલ્વર | બ્રોન્ઝ | કુલ |
|---|---|---|---|---|
| અમેરિકા | 28 | 34 | 26 | 88 |
| ચાઈના | 33 | 24 | 16 | 73 |
| રશિયા | 16 | 21 | 20 | 57 |
| બ્રિટન | 16 | 18 | 16 | 50 |
| જાપાન | 21 | 9 | 14 | 44 |
| ઓસ્ટ્રેલિયા | 17 | 5 | 18 | 40 |
| જર્મની | 9 | 9 | 16 | 34 |
| ઈટાલી | 7 | 10 | 18 | 35 |
| ફ્રાંસ | 6 | 10 | 9 | 25 |
| નેધરલેન્ડ | 7 | 8 | 9 | 24 |
| કેનેડા | 4 | 5 | 8 | 17 |
| ઈન્ડિયા | 0 | 2 | 3 | 5 |

- » નીરજ ચોપરા જ્વેલિન થ્રોની ફાઇનલમાં, એથ્લેટિક્સમાં પ્રથમ મેડલની આશા જીવંત
- » વર્લ્ડ રેન્કિંગમાં પાચમું સ્થાન ધરાવતા ઝવેરેવે ટોક્યો ઓલિમ્પિકમાં મેન્સ સિંગલ્સ ટેનિસનો ગોલ્ડ જીતી લીધો છે.
- » બોક્સિંગ સ્પર્ધાના ક્વાર્ટર ફાઇનલમાં સતીશ કુમારને ઉઝબેકિસ્તાનના બોક્સરે બખોદિર જાલોલોવે 5-0થી પરાજય આપ્યો હતો.
- » ઇટાલીએ મેન્સ ટીમ પર્સૂટ ૪૦૦૦ મીટર રેસ ઇવેન્ટમાં વર્લ્ડ રેકોર્ડ સાથે ગોલ્ડ મેડલ જીત્યો
- » ૧૨ વર્ષની હીરાકીને સ્કેટ બોર્ડિંગમાં સિલ્વર, જાપાનની યંગેસ્ટ ઓલિમ્પિક મેડલ વિનર બની

# ઓલિમ્પિકમાં ભારતને 5 મેડલ: 2 સિલ્વર, 3 બ્રોન્ઝ

## રવિ દહિયાએ સિલ્વર, પી.વી. સિંધુ અને લવલિના અને ભારત પુરુષ હોકી ટીમે બ્રોન્ઝ મેડલ જીત્યો

**ટોક્યો**

ટોક્યો ઓલિમ્પિકમાં અત્યાર સુધીમાં ભારતે 5 મેડલ જીત્યો છે. જેમાં બે સિલ્વર મેડલ છે અને ત્રણ બ્રોન્ઝ મેડલ છે. પ્રથમ મેડલ મીરાબાઈ ચાનુએ વેઈટલિફ્ટિંગમાં ભારતને અપાવ્યો. તેમણે 49 કિલો વેઈટ કેટેગરીમાં સિલ્વર મેડલ પોતાના નામે કર્યો છે. બીજો મેડલ પીવી સિંધુએ અને ત્રીજો મેડલ બોક્સિંગમાં લવલિના એ જીત્યો છે. બીજો મેડલ ઈન્ડિયન બેડમિન્ટન સ્ટાર પીવી સિંધુએ ટોક્યો ઓલિમ્પિકમાં મહિલા સિંગલ્સમાં બ્રોન્ઝ મેડલ જીત્યો છે. એણે ત્રીજા નંબર માટે રમાયેલી મેચમાં ચીની ખેલાડી હી બિંગ જિયાઓને 21-13, 21-15થી હરાવી હતી. ત્રીજું





મેડલ ઓલિમ્પિક બોક્સિંગની 69 કિલોગ્રામની વેટ કેટેગરીમાં ભારતીય બોક્સર લવલિનાને મળ્યો હતો. ભારતીય બોક્સિંગમાં નવો ઈતિહાસ લખ્યો છે.

ભારતીય પુરુષ હોકી ટીમે ઈતિહાસ રચ્યો છે. તે 41 વર્ષની રાહને સમાપ્ત કરીને હોકીમાં ભારત માટે બ્રોન્ઝ મેડલ લાવ્યો છે. ઓલિમ્પિકમાં ભારતની હોકી ટીમને છેલ્લો મેડલ 1980માં મોસ્કોમાં મળ્યો હતો, જ્યારે ટીમે વાસુદેવન ભાસ્કરણની કેપ્ટનશિપમાં ગોલ્ડ જીત્યો હતો. ટીમ ઈન્ડિયાએ બ્રોન્ઝ મેડલ મેચમાં જર્મનીને 5-4થી હરાવ્યું હતું. જ્યારે પાંચમી મેડલ 57 કિલોગ્રામ વેઈટ કેટેગરીની ફાઈનલમાં રવિ દહિયા 2 વારનાં વર્લ્ડ ચેમ્પિયન રશિયન ઝાવુર યુગુએવ સામે હારી ગયો હતો. જોકે રવિ દહિયા સિલ્વર મેડલ જીતીને સ્વદેશ પરત ફરશે.

## અમેરિકાના ડ્રેસલે છ સ્પર્ધામાં ભાગ લીધો અને પાંચમાં ગોલ્ડ મેડલ જીત્યો




અમેરિકન સ્વિમર કેલેબ ડ્રેસલે ટોક્યો ઓલિમ્પિકમાં છ સ્પર્ધામાં ભાગ લીધો હતો, જેમાંથી પાંચમાં તેણે ગોલ્ડ મેડલ જીત્યો હતો. તેણે ટોક્યો ઓલિમ્પિકમાં કુલ પાંચમો ગોલ્ડ મેડલ જીતીને અનોખો ઈતિહાસ રચી દીધો હતો. ડ્રેસલે ટોક્યો ઓલિમ્પિકમાં ૧૦૦ મી. ફ્રિસ્ટાઈલમાં ગોલ્ડ, ૫૦ મી. ફ્રિસ્ટાઈલમાં ગોલ્ડ, ૧૦૦ મી. બટરફ્લાયમાં ગોલ્ડ, ૪ બાય ૧૦૦ મી. ફ્રિસ્ટાઈલ રિલેમાં ગોલ્ડ, ૪ બાય ૧૦૦ મી. મેડલે રિલેમાં ગોલ્ડ તથા ૪ બાય ૧૦૦ મી. મિક્સ મેડલે પાંચમા ક્રમે રહ્યો હતો.

## વિનેશ ફોગાટ ક્વાર્ટર ફાઇનલમાં પરાસ્ત

મેડલ માટેની પ્રબળ દાવેદાર વિનેશ ફોગાટ વિમેન્સ ૫૩ કિલોગ્રામ વેઇટ ગ્રૂપની ક્વાર્ટર ફાઇનલમાં બેલારસની વેનેસા કાલાદજિન્સકાયા સામે હારી જતાં વિમેન્સ રેસલિંગમાં મેજર અપસેટ સર્જાયો હતો.

વિનેશ વિશ્વની પ્રથમ ક્રમાંકિત રેસલર છે. વિનેસ પાસે વેનેસાના મજબૂત ડિફેન્સનો કોઇ જવાબ નહોતો અને તેનો ૯-૩થી પરાજય થયો હતો.

## ઓસી. સ્વિમર ઈમા મેક્યુને ૪ ગોલ્ડ સાથે રેકોર્ડ બ્રેક સાત મેડલ જીત્યા



ઓસ્ટ્રેલિયાન સ્વિમર ઈમા મેક્યુને ૪ બાય ૧૦૦ મીટર મેડલેમાં ટીમને ગોલ્ડ મેડલ અપાવ્યો હતો. ઈમાએ ટોક્યો ઓલિમ્પિકમાં સાત ઈવેન્ટમાં ભાગ લઈ સાતેયમાં મેડલ જીતવાની અનોખી સિદ્ધિ હાંસલ કરી છે. જેમાંથી ચાર ગોલ્ડ અને ત્રણ સિલ્વર મેડલ હતા. ૫૦ મી. ફ્રિસ્ટાઈલમાં ગોલ્ડ, ૧૦૦ મી. ફ્રિસ્ટાઈલમાં ગોલ્ડ, ૪ બાય ૧૦૦ મી. ફ્રિસ્ટાઈલ રિલેમાં ગોલ્ડ, ૪ બાય ૧૦૦ મી. મેડલે રિલેમાં ગોલ્ડ, ૪ બાય ૧૦૦ મી. મિક્સ મેડલેમાં બ્રોન્ઝ, ૪ બાય ૨૦૦ મી. ફ્રિસ્ટાઈલ રિલેમાં બ્રોન્ઝ, ૧૦૦ મી. બટરફ્લાયમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હત્યો હતો.


HONEST - DEDICATED - TEAMWORK

Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.

PINNACLE REAL ESTATE GROUP

CENTURY 21.
Innovative Pinnacle Real Estate Group

We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- Free Staging
- Free Professional Photography & virtual tour
- Free Marketing, Flyers, Newspapers, Media Advertising
- Free Comparative Market Analysis
- Team of Professional for same price as hiring a single realtor
- Over 15 years of combined experience



Magnificent, Tasteful Upgrades, Well-Kept 2 Bedrooms. Laminate Floors Throughout. Huge Master With Wall To Wall Closet & W/I Closet. Spacious Living Room With Crown Moulding. Kitchen With Quartz Countertop, Backsplash, S/S Appliances. Unit Is Freshly Painted & Absolutely Move-In Condition. Steps To School, Subway Station & Shopping Center 24 Hrs Security. Get Before It's Gone!



This Beautiful 4 Bedroom Tribute Built Townhouse Is Located On A Dead End Street In The Prestigious Windfield Farms. It Is Fully Upgraded With Luxury Vinyl Flooring Make It One Of The Nicest Homes In The Complex. We Are Also Located Near Unit/Durham College,407, And Massive Riocan Development. Condo Fee Includes Garbage Removal, Snow Removal Landscaping And Outdoor Elements.



Welcome To This Stunning 3-Storey End Unit Townhouse. Conveniently Located Near The Hospital, Uoft, Centennial College, 24/7 Ttc Bus Routes, Hwy401, Schools, Shopping Plazas, Restaurants And Parks. Newly Renovated Kitchen, Breakfast Bar And Granite Countertops. 3 Upgraded Bathrooms With Porcelain Tiles, Open Concept Living Area And Hardwood Floor All Throughout. A W/O To New Spacious Deck And 3 Parking Spaces.

- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions... Its that Simple!



You have Nothing to Loose...Call us for a Free Consultation on How to Get Started.

Use The Advantage of a Team,
Because...Teamwork Makes Your Dreams Work !

Shamim & Amin Kharodia
Broker of Record / Sales Representative
teamkharodia@gmail.com
300-2855 Markham Rd Toronto ON M1X 0C3
D: (647) 501-6786 I D: (647) 308-2941
F : (416) 298-8303 I P: (647) 666-8676

Grand Centurion Office

Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.


CLUB
CERAMIC
Lapoto Finish
Matt Fiish
પોર્સેલિન ટાઈલ્સ શરૂ થાય છે ફક્ત $ 0.89 થી
Porcelain tiles starting from
$0.89 per square feet only
Ceramic tiles starting from
$0.50 per square feet only
સિરામિક ટાઈલ્સ શરૂ થાય છે $ 0.50 થી
Porcelain & Ceramic tiles at Direct factory price
Price match guarantee + we will beat price with additional 5% discount
Tiles available for Floor, Wall and Outdoor Parking
પોર્સેલિન ટાઈલ્સ અને સિરામક ટાઈલ્સ ફેક્ટરી ભાવે મળશે
અમારા ભાવની ખાત્રી કરી શકો છો. વધારાના ૫ ટકા ડિસ્કાઉન્ટ સાથે
ફ્લોર, દિવાલ અને આઉટડોર પાર્કિંગની ટાઈલ્સ મળશે
-: Available Size :-
24" * 24" I 12" * 24" I 24" * 48" I 4" * 8" I 4" * 12"
MONTREAL
3590, Rue Griffith, Saint Laurent, QC, H4T 1A7
Phone: +1-514-260-2242 / +1-514-813-3850
OTTAWA
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474
MISSISUAGA
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850
https://clubceramic.com Email : sales@clubceramic.com


DIVINE YOGA
By Geeta
Children Yoga Class
Every Tuesday 5-6 PM
Adult Yoga Class
Every Saturday 9-10 AM
Gratitude Program
Every Thursday 9 PM
Join today on ZOOM!
: Classes Available :
One to One Individual and Therapeutic
Geeta Tailor
416-456-2261
Contact Geeta at
divineyogabygeeta@gmail.com
IG & FB: @divineyogabygeeta


RE/MAX
REALTY SERVICES
INC., BROKERAGE
INDEPENDENTLY OWNED AND OPERATED
JAY PATEL
BROKER
647.241.3818
jaypatel1323@gmail.com
"Let Me Make Your Dream Home Into A Reality"
Residential, Commercial & Investment in Real Estate
Off : 905.456.1000 I Fax : 905.456.1924
295 Queen Street East, Brampton, On., L6W 3R1